[illegible] [illegible] [illegible] [illegible]

[illegible] —

[illegible] [illegible]

[illegible]



સદ્‌. બ્રહ્મનિષ્ઠ મમા મૈયા.

Lakshmi Art Bombay, 8

ૐ

॥ श्री परमात्माने नमः ॥

અથ દેવીશ્રી ભજન ભાસ્કર.

જેમાં સદ્દગતિદાયક ભક્તિ વૈરાગ્ય અને બ્રહ્મજ્ઞાન ભરપૂર
ઉપદેશિક અનુભવી પદ ભજન કચ્છી ભાષાનાં પદ
કાફી, કવિત દોહા આદી અનેક વિષય
સરલ રીતે સર્વ હરિજન હિતાર્થે
વર્ણન કરવામાં આવેલ છે.

રચનાર અને પ્રકાશક:

બ્રહ્મનિષ્ટ દેવીશ્રી કલ્યાણીજી.

ગઢશિસા. કચ્છ.

---:*;---

---(०)---

કિંમત રૂા.

આ 'અથ દેવીશ્રી ભજન ભાસ્કર'ની ચોપડી **દેવીશ્રી** કલ્યાણીજી માટે
“**સ્વદેશ પ્રિન્ટીંગ પ્રેસ,**” ગાયા બિલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ,
માંડવી, મુંબઈ મધે બી. એન. મહીશેરીએ છાપી છે.

॥ ॐ तत्सत् ॥

અથ દેવીશ્રી કલ્યાણી કૃત દેવીશ્રી ભજન ભાસ્કરની

અનુક્રમણિકા.



બ્રહ્મનિષ્ઠ દેવી શ્રી કલ્યાણીજી.

Lakshmi Art Bombay, 8

॥ ॐ ॥

यस्य प्रसादा दहमेव विष्णु मय्येव सर्वं परिकल्पितंच ।
इत्थं विजानामिसदात्मरूपं, तस्यांघ्रिपद्मं प्रणतोऽस्मिनित्यं ॥

પ્રીયબ્હેનો, તથા સજ્જનો,

આ જગત અનેક પ્રકારની વિદ્યાઓનું પૂર્ણ ભાંડાગાર છે. પ્રથમનાં શાસ્ત્રપુરાણો આદિ પ્રસિદ્ધ પુસ્તકોથી એમ તો સારી રીતે સમજાય છે કે જગતકર્તાએ પૂર્વથીજ દ્વિવિધી રચના રચાવેલ છે. એટલે ગુણ અવગુણ હોય એ સ્વભાવિક છે. તથાપી જગતમાં જીવન તે નરનું ધન્ય છે કે જે પવિત્ર ચરીત્રવાલા ઉદારાત્મા બ્રહ્મનિષ્ટ મહાપુરૂષો આખા જગતનું હીત કરે છે.

આ અમૂલ્ય મનુષ્યદેહ મલવો દેવોને પણ દુર્લભ છે અને મોક્ષનું સાધનરૂપ છે. જેમકે "પુનર્વિત્તં પુનર્મિત્રં પુનર્ભાર્યા પુનર્મહીઃ એતદ્ સર્વં પુનર્લભ્યં, ન શરીરં પુનઃપુનઃ" જ્યારે એમ છે. ત્યારે તો દરેક મનુષ્યની ફરજ છે કે સત્કાર્યો વડે સ્વદેહનું સાર્થક કરવું જોઇએ.

આહાહા આ અસાર સંસારમાં કેટલાક અજ્ઞાની મદાંધ માણસો અજ્ઞાનને વસ થઇ કેવી દુર્દશા ભોગવે છે. જુઠાને સાચું માની સાચાને ભુલી જાય છે અને મૂર્ખ મનને વસ થઇ અપાર દુખો સહન કરે છે. જ્ઞાન દ્રષ્ટીથી જોઃએ તો મારૂં શું છે સર્વ એકજ છે એકનીજ માયા છે અને અંતે એકમાંજ લય થાય છે. જ્યાં અજ્ઞાન છે ત્યાંજ મારૂં તારૂં છે, અજ્ઞાનથીજ જન્મ મરણ છે. જ્ઞાનદીપક પ્રગટ થતાં અજ્ઞાન અંધકાર મટી જાય છે અને અજ્ઞાન નાશ થતાં સુખદુઃખ જન્મમરણ તારૂંમારૂં ટળી જાય છે. અહાહા મહામહેનતે મળેલા મનુષ્ય જન્મને મોહજાલમાં ફસાવી અનેક યોનીઓમાં આથડવું એ કેટલું અજ્ઞાન છે?

બ્હેનો–: કામ ક્રોધ લોભ મોહ મદ માન આદિ જીવના શત્રુ છે, તે મનને કુપથ બતાવી લક્ષચોર્યાસીમાં ફેરવ્યા કરે છે માટે એવા શત્રુઓનો સંહાર કરી સ્વઆત્માની શોધ કરી સત્સંગ વડે સદા નિજાનંદમાં રહેવું, એજ મનુષ્ય જન્મનું કર્તવ્ય છે. આદથી જોતાં આ જગતમાં અભીમાનીઓનું અહીતજ થયું છે તેમ જેણે પોતાના બાહુબલવડે આખી પ્રથ્વીને કંપાવી હતી, જેણે પોતાની શકિત વડે દેવોને પણ

દાસ બનાવ્યા હતા તે મહાનવીર પુરૂષોનું માનપણ મર્દન થયું છે, તો આપણે આ પંચભૂતનાં પુતળાપર અહંકાર કરવો નકામો છે. કેટલા સમયના માટે આ સંસાર છે. કોણ રહ્યું છે જે આપણે રહીશું. આપણાં જોતાં જેમ આ જગત ચાલ્યું જાય છે તેમ જગતને જોતાં એક દિવસ આપણે પણ જવાનું છે.

આહાહા ધન્ય છે તે ભુમીને અને સત્સંગને કે જે ભુમીના પાળેલા પક્ષીઓ પણ ધર્માચરણ અને પ્રભુ સ્મરણનો પુકાર કરી રહ્યા. છે. જે ભુમીમાં રામ કૃષ્ણ હરિચંદ્ર યુધીષ્ઠિર અર્જુન સંકરાચાર્ય જેવા સમર્થ પુરૂષો પ્રકાશતા હતા તેજ ભારત ભુમી આજે વર્ણાશ્રમધર્મરહીત–તપહીણ–દયા રહીત પ્રભુવિમુખ પાખંડી પુરૂષોથી નિસ્તેજ થઇ રંકદશા ભોગવે છે. આજે પ્રથ્વી ઉપર અનેકધર્મ પ્રવર્તે છે જેથી ખરા મોક્ષદાયક સનાતનવેદધર્મ અને બ્રહ્મજ્ઞાનનું સંપૂર્ણ રહસ્ય કોઇ વિરલાજ સમજી શકે છે. બ્રહ્મજ્ઞાન છે એ ખરૂં તત્વજ્ઞાન હોઇ આત્મસ્વરૂપ ઓલખાવનારૂં છે, જેનકે દોહા–"ઓરજ્ઞાન સોજ્ઞાનડી, બ્રહ્મજ્ઞાનસોજ્ઞાન; જેસે ગોલાતોપકા માર કરે મેદાન" એ રીતે બ્રહ્મજ્ઞાન આદથીજ અખંડાનંદરૂપ

ગુહ્યજ્ઞાન છે. તે જ્ઞાન યથાર્થ રીતે શ્રી હરિ ગુરૂસંતની કૃપા કિંવાં સત્સંગ વગર પ્રાપ્ત થવું અશકય છે એટલે ગુરૂશરણ અને સત્સંગદ્વારા શ્રવણ મનન અને નિદ્ધ્યાશનવડે મન એકાગ્રહ થાય છે અને મન એકાગ્રહથવાથી સ્વયંસ્વરૂપ સમજાય છે જેથી આ પુસ્તકમાં સ્વઆત્માની શોધ તથા આત્મજ્ઞાન સરલ રીતે સમજાય તેવા ઉપદેશીક અનુભવી પદોનો સમાવેસ કરવામાં આવ્યો છે. બ્રહ્મનિષ્ટ પ્રખ્યાત પંડિતજી શ્રી પીતામ્બર મહારાજ તથા પુજ્યપાદ વિદુષીમાતુશ્રી મમાબાઇમાની કૃપાથી મને જે કાંઇ સત્યસ્વરૂપની સમજ અને જ્ઞાન થયું છે તેનું યથાર્થ રીતે આ પુસ્તકમાં વર્ણન કરવામાં આવેલ છે.

અત્રે કચ્છ ગઢશીશામાં અમારા સ્થાનકમાં નીયમીત ભગવદકથાશ્રવણ યાને શાસ્ત્રાધ્યયન થાય છે તેમાં આવનાર કેટલાક સદાચારી અધિકારી બ્હેનોનાં આગ્રહ અને શુભેચ્છાથી આ "શ્રી ભજન ભાસ્કર" નામનો નવિન નિબંધ છપાવી પ્રસિદ્ધ કરવા જરૂર જણાઇ છે જેથી આશા છે કે આમાં કહેલા સદ ઉપદેશીકા પદો સીખી સાંભલી સર્વકોઇ સ્વધર્મનું

પાલન કરી સદાચારથી પરમાર્થીક ભાવ ધારણ કરી ભગવદ્નું ભજન, સેવા સ્મરણ આદિથી સ્વદેહનો સાર્થક કરશે છેવટ સર્વેશ્વર સર્વાન્તર્યામી શ્રી પ્રભુ સર્વને સદ્બુદ્ધી અને શાન્તિ અર્પે એજ અંતીમ્ પ્રાર્થના છે?

આ પુસ્તક છપાવવામાં જે શ્રીમતી સદ્વર્તન-સીલ બહેનોએ ઉદાર આશ્રય આપી સહાય કરી છે તેમનો આભાર માનવામાં આવે છે. વિશેષમાં આ પુસ્તક લખવા માટે વિદુષી બાઇ પ્રેમાબાઇ દયારામ કાસીવાલાએ તનમનથી જે શ્રમ લીધો છે તે માટે તેમને ધન્યવાદ આપી ઉપકાર થયો માનું છું.

સર્વેજનાઃ સુખીનો ભવન્તુ!

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

લી. દેવીશ્રી કલ્યાણીજીનાં જયનારાયણ.

॥ ॐ ॥

॥ तत्सत् ब्रह्मणे नमः ॥

દોહરા.

ભજન ભાસ્કર પ્રેમસેં, પઠન કરે જો કોય,
તાકો યહભવકે વિષે, બ્રહ્માનંદ સુખ હોય. ૧

(૨)

બેહદ અનુભવ બઢતહે, પઢત ભજન ભાસ્કર
ચઢત ચાહનીત ચોગનો, દ્રઢત ધર્મ મેં ચિત. ૨

(૩)

ભજન ભાસ્કર પદ કોઇ, જો નરનારી ગાય,
સીખે સુને સુના વહી, સો પરમાનંદ પાય. ૩

(૪)

ભજન ભાસ્કર પ્રતિદિના, મનન કરે મન દેય,
સ્વયં રૂપકી સમજસે, અનહદ આનંદ લેય. ૪

॥ श्रीगणेशायनमः ॥

अथ देवीश्री कल्याणीजीनुं संक्षेप जीवन वृतांत वर्णनः

કચ્છ માંડવી બંદર તાલુકે ગામશ્રી ગઢશીશા મધ્યે સારસ્વત બ્રાહ્મણ પંડિતશ્રી કેસવજી પેરાજ સારા જ્યોતિષી અને વિદ્વાન હતા તેમના ત્રણ પુત્ર હતા તે પણ જ્યોતિષી વિદ્વાન હતા. અને બ્રહ્મનિષ્ટ એક પુત્રી નામે મમાબાઇ જે મમા મૈયાના નામથી સર્વત્ર પ્રસિધ્ધ હતા. કેસવજીનાં ત્રણ પુત્રોમાંથી નાનાપુત્ર નામે મેત્રજી જે પણ બહુ વિદ્વાન અને સારા જ્યોતિષી હતા તે દેવીશ્રીના પિતા તથા ધર્મમૂર્તી માતુશ્રી મમીબાઇ તેમના ઉદરથી ઉત્પન્ન થયેલ ત્રણપુત્ર અને ત્રણપુત્રી, તેમાં જેષ્ટ પુત્ર ભાણજી તથા વાલજી તથા હંસરાજ એમ ત્રણેભાઇ વિદ્વાન જ્યોતિષી હતા, ઉકત સહોદર ત્રણે ભાઇ બાઇઓથી નાના વિદ્યમાન દેવીશ્રી કલ્યાણીજી થયા. વિક્રમસંવત્ ૧૯૩૪ ની સાલે અસાડ શુકલપક્ષ તિથીર બુધવાસરે સિધ્ધીયોગ શુભ સમયે દેવિશ્રી કલ્યાણીજીનો જન્મ થયો સારા

મંગલીક ચોગડીયે પુત્રી રત્નની પ્રાપ્તી થવાથી માતા પિતા આદિ સર્વને બહુ આનંદ થયો. દેવિશ્રી બાલવયથીજ બહુ બુદ્ધીશાળી તથા શુભ સંસ્કારી હોઇ તેમના લલાટમાં જન્મથીજ રામાનંદી તીલક અંકીત હતું. ઇત્યાદિ બીજા પણ લલાટ હસ્તાદિના પ્રસિધ્ધ શુભ ચિન્હો જોઇ તેમના પિતાશ્રી પ્રથમથીજ કહેતા કે આ પુત્રી સાધુ ભાવવાલા પરમાત્મપરાયણ અને ભક્તિવાન થશે. એ રીતે બાલવયથીજ તેઓ સદાચારી યાને શુભ સંસ્કારી હતા. જેથી ઘરમાં સર્વને બહુ પ્રીય હતા. તેમના પિતાશ્રી મેઘજીની તેમના ઉપર અત્યંત મમતા હતી જેથી તેઓ પુત્રી-રત્ન ઉપર વિશેષ પ્રીતી ભાવ ધરાવતા. તેમના શરીરનું કલ્પેલું કલ્યાણબાઇ એવું નામાભીધાન નિર્ણય કર્યું હતું; જેથી બાલવયથીજ તેમને કલ્યાણીદેવી કહીને બોલાવતા.

એક સમયે કપીલા છઠનાં શુભ યોગે ગઢશીશાનાં કેટલાક સંભાવીત સદ્‌ગૃહસ્થો તથા ભાવિક બ્રાહ્મણો ગંગાજીમાં સ્નાન કરવા માટે રામપુર વેકરાવાલી ગંગાજીના તટ ઉપર એકત્ર થયેલ હતા. તે સાથે

જ્યોતિષી પંડિત મેત્રજી પણ હતા અને પોતાનો દેવીશ્રી ઉપર બહુ પ્રેમ હોવાથી તેમને પણ સાથે તેડી ગયેલ હતા એ વખત દેવીશ્રીની વય કેવલ પાંચ વરસની હતી. એ ગંગાક્ષેત્ર રામપુર વેકરાથી થોડે અંતરે જમથડાવાલી નદીમાં અદ્રશ્ય પર્વત-માંથી ગંગાજીની ધારા નીકલે છે. એ ચમત્કારીક ધારા ગૌમુખીમાંથી નીકલી નીચેના કુંડમાં પડે છે ત્યાં બાંધેલો ઘાટ અને સુંદર કુંડ છે તથા ઉપરના ક્ષેત્રમાં શંકરનું શિવાલય અને ધર્મશાલા આદિ મકાન અને બગીચો છે. હાલે ત્યાં નવીન એક બીજે સ્થલે પર્વતમાંથી પ્રચંડ વેગવાલી ધોધમાર મોટી યમુનાજીની ધારા પડે છે, જ્યાં અદ્યાપી સર્વ લોકો પર્વણી પ્રસંગે સ્નાન માટે એકત્ર થાય છે. એ રીતે એ ક્ષેત્રના પવિત્ર ગંગા કુંડમાં જ્યારે દેવીશ્રીએ સ્નાન કરવા પ્રવેશ કર્યો ત્યારે બીજા સર્વ લોકો ઉપરનાં ભાગમાં બ્રહ્મભોજ માટે રસોઇ આદિનાં કાર્યમાં હતા, ફકત દેવીશ્રીનાં પિતા તથા એક બીજા વૃદ્ધ વીપ્ર કુંડની પાસે બેસી વેદની ધ્વની ઉચારતા હતા. એ સમય અચાનક આશ્ચર્યકારક

ગૌમુખીમાંથી હાથીની સુંઢ જેવી ગંગાજીમાથી દુધની ધારા નિકલી ત્યારે દેવીશ્રીએ તે દુધનું પાન કરી જોયું તો ખરેખર તાજી દોહેલી ગાયનું દુધ હોય તેવો સ્વાદ જણાયો તેથી પોતાના પિતાશ્રીને બોલાવી દુધની ધારા બતાવી એટલે તેમના પિતાએ પણ આશ્ચર્ય સાથે આનંદ માની પોતે સ્નાન કર્યું અને ચરણામૃત લઇ પયપાન કરી જોયું તો સાચું દુધ જણાયું એટલે દુધનો લોટો ભરી લીધો તથા પાસે બેઠેલા બીજા વિપ્રને કહ્યું તો તેણે પણ ધન્ય ભાગ્ય માની ચરણામૃત લીધું. એ વખતે દેવીશ્રીનાં પિતાએ પોતાના સંગવાલા સર્વ સમાજને બોલાવ્યા. જ્યાં સર્વ સમાજ તથા બીજાઓ દોડીને આવ્યા ત્યાંતો દુધની આવતી ધારા અદ્રશ્ય અટકી ગઇ અને પ્રથમની પ્રથા પ્રમાણે પાણીની ધારા આવવા લાગી, છતાં સર્વને ખાત્રી થવા માટે પોતે ભરી રાખેલા દુધના લોટામાંથી સર્વને ચર્ણામૃત દીધું. એ દુધની ધારા લગભગ અરધો કલાક રહી હતી. એ રીતનો ચમત્કાર જોઇ તેમના પીતાશ્રીને વધારે ખાત્રી થઇ કે આ પુત્રી કોઇ દૈવી જીવ છે અને

તે ખરેખર દેવીરૂપ જણાય છે. ઇત્યાદી બીજા પણ સર્વ સદગુણો તેનામાં બાલવયથીજ જલકી રહ્યા હતા. દેવીશ્રી જ્યારે નવ વરસનાં થયા ત્યારે તેમના પિતાશ્રીનો શરીર શાંત થયો એટલે પિતાશ્રીના વિયોગથી પોતે ઉદાસીન રહેતા જેથી તેમના ફુઇશ્રી મુંબઇથી એ પ્રસંગે આવેલ હતા. તેમનું નામ મમા મૈયા હતું. તે બ્રહ્મનિષ્ટ અને નિજાનંદ નિમગ્ન મહા પ્રખ્યાત આત્મદર્શી હતા. તેઓ પોતાની સાથે દેવીશ્રીને મુંબઇ તેડી ગયા. તેઓ પોતે અહોનિશ સત્સંગમાં પ્રભુ પરાયણ રહેતા, કારણકે બ્રહ્મનિષ્ટ મમા મૈયા પોતે પણ જ્યારે નવ વરસની અવસ્થાનાં હતા ત્યારે તેમના પિતાશ્રી કેસવજીએ બાલવયમાંજ લગ્ન કર્યાં હતા અને લગ્ન સબંધ થયે દોઢ માસ થયો, એટલામાં નો તેમનો પ્રવૃતી વહેવાર ભંગ થયો જેથી તેમના પિતાશ્રીએ તેમને સત્વગુણી અને સંસ્કારી જાણીને વિદ્યાનો અભ્યાસ કરાવ્યો અને પ્રસિદ્ધ બ્રહ્મનિષ્ટ પંડિતવર્યશ્રી પિતામ્બર મહારાજ પાસે કંઠી બંધાવી એટલે મરહુમ મમા મૈયાએ પોતાના ગુરૂદેવ પાસેથી

વેદાંત શાસ્ત્રોનો સારો અભ્યાસ કર્યો. મમા મૈયા પોતે બહુ દયાળુ ધર્મમુર્તી હતા. તેમણે અષ્ટોતેર પારાયણ વીગેરે કરી સર્વ તીર્થાટન કરી અનેક પરમાર્થીક કાર્યો કર્યા હતા. તેઓ મુંબઇ તથા કચ્છ આદિ સર્વ સ્થળે બહુ પ્રસિદ્ધ હતા. વિશેષમાં તેઓ મુંબઇ વધારે રહેતા. સર્વદા પોતે પ્રભુચિંતન તથા પરમાર્થમાં તત્પર રહેતા. એ રીતે તેમણે સદ્‌વર્તનથી આ લોક તથા પરલોકમાં સુયશ સંપાદન કરી બાસઠ વર્ષની વય ભોગવી સ્વધામ પધાર્યા. એ રીતે દેવીશ્રી પણ ફુઇશ્રી મમા મૈયાના સારા સહવાસથી અને પૂર્વના સંસ્કારથી પોતાના આત્મસ્વરૂપને ઉત્તમ રીતે ઓળખી શકયા અને પોતે પણ ફુઇની રીતી પ્રમાણે મુંબઇમાં વધારે રહેતા. દેવીશ્રી બાલપણથીજ બીજી બાલચેષ્ટા રમત ગમતમાં વૃથા વખત ન વીતાવતાં ઠાકોરજીની સેવા પુજા અને સ્મરણ ભજનમાં પ્રેમ ધરાવતા.

આગલના વખતમાં બ્રાહ્મણ અને ક્ષત્રીઓમાં બાળલગ્ન કરવાનો વિશેષ પરિચય હતો એટલે દેવીશ્રીનો પ્રવૃતી વહેવાર બાલપણથીજ ભંગ થયો

જેથી દેવીશ્રીનાં મોટા બે ભાઇઓ હતા તેમણે ગીતાનો અભ્યાસ કરાવ્યો પછીથી ઉપર કહેલા બ્રહ્મનિષ્ટ મમા મૈયા જેઓની પ્રથમથીજ દેવીશ્રી ઉપર દયા હતી એટલે પોતાની સાથે મુંબઇ તેડી જઇ ત્યાં પોતાની પાસે રાખ્યા અને બ્રહ્મનિષ્ટ પંડિત શ્રી પીતાંબર મહારાજ પાસે કંઠી બંધાવી અને વેદાન્ત શાસ્ત્રોનો અભ્યાસ કરાવવાનું ચાલુ કર્યું. જેમાં 'વિચાર સાગર' 'વિચાર ચંદ્રોદય' 'બાલબોધ' તથા 'પંચીકરણ' વગેરે વેદાંત વિષયક ગ્રંથોનો ધોરણસર અભ્યાસ કરાવ્યો તથા સંવત ૧૯૫૨ની સાલમાં નાશિક ત્રંબકની યાત્રા કરાવી અને મમા મૈયા કચ્છ આવ્યા. કચ્છમાં તેમની સાથે રહી નારાયણ સરોવરની યાત્રા કરી સમયોચીત દાનપુન્ય કરી છેવટે દૈવયોગે વિક્રમસંવત્ ૧૯૫૭ની સાલમાં બ્રહ્મનિષ્ટ મમા મૈયા સદાને માટે આ ફાની દુનીયાનો ત્યાગ કરી સ્વધામવાસી થયા.

ત્યારપછી ઉક્ત દેવીશ્રીને સંસ્કૃતનો અભ્યાસ કરવા તીવ્ર ઇચ્છા થઇ, એટલે મુંબઇથી પોતે કચ્છ ગઢશીસે આવ્યા. ત્યાં 'સારસ્વત વ્યાકરણ'

નો અભ્યાસ કરવા આરંભ કર્યો. ને ત્રણ વર્ષ સુધી વ્યાકરણનો અભ્યાસ પૂર્ણ કરી શ્રીમદ્ ભાગવતનું અધ્યન કર્યું. દેવીશ્રીજીની સતર વરષની ઉમર થઇ ત્યાં તો અતિસંયમ તથા શાસ્ત્રાધ્યન અભ્યાસથી શરીરમાં રોગ લાગુ થયો. છતાંપણ અભ્યાસ કરવાનું તો ચાલુજ રાખ્યું. શરીરમાં તાવ હોય તોપણ વ્યાકરણનાં સુત્રો કંઠે કરતા તથા વહેવાર સંબંધી અન્ય અનેક આફતો સહન કરીને પણ અભ્યાસ પૂર્ણ કર્યો. અભ્યાસ પુરતો થઇ રહ્યા પછી દેવીશ્રીએ તીર્થાટન કરવા ઇચ્છા કરી. દેવીશ્રી પ્રથમ શ્રી વીઠલનાથજીની યાત્રા અર્થે વીઠલનાથ ગયા. ત્યાં ચંદ્રભાગામાં સ્નાન કરી સમય સમયના દેવદર્શન કર્યા. ત્યાં સતર દિવસ રહી આનંદ કરી ફરી મુંબઇ આવ્યા. વળી સંવત ૧૯૫૮ની સાલમાં મોટી યાત્રા કરવા મન કરી પ્રથમ ડાકોરજી ગયા, ત્યાં ગંગાજીમાં સ્નાન કર્યું, અને ડાકોરજીની જાંખી કરી ત્યાં બે દિવસ રહ્યા. ત્યાંથી થઇને શ્રી જગન્નાથજી આવ્યા, તો ત્યાં રથયાત્રાનો આનંદપ્રદ પ્રસંગ હતો ત્યાં જગદીશ તથા બલદેવ

તથા સુભદ્રાબાઇનાં રથો જનકપુરી જાતા હતા. તે દેવોનાં રમ્ય રથો ઉપર બેસી દેવિશ્રીજીએ તે મનોહર મુર્તીઓને ભાવથી ભેટી ચરણસ્પર્શ કરી અમુલ્ય લાભ લીધો તથા સમુદ્રમાં સ્નાન કર્યું, અને એ પવિત્ર તીર્થસ્થલમાં દસ દિવસ સુધી તેઓશ્રી રોકાયા હતા. ત્યાંથી કલકતે આવ્યા, ત્યાં ગંગાજીમાં સ્નાન કર્યું. ત્યાંથી શ્રી ગયાજી ગયા ત્યાં ફલગુનદીમાં સ્નાન કર્યું અને ત્યાં શ્રાદ્ધ સારાવ્યું. ત્યાં ચાર દિવસ રહ્યા અને ત્યાંથી પવિત્ર પ્રાગરાજ પધાર્યા. ત્યાં ગંગાજીમાં સ્નાન કર્યું, પિત્ર તર્પણ કર્યું અને ત્યાં પણ ચાર દિવસ રોકાયા. ત્યાંથી શ્રી સોરમજીનાં ઘાટ આવ્યા ત્યાં મોટી ધારા ઉપર સ્નાન કર્યું, પીંડદાન કર્યા. ત્યાંથી રવાને થઇ શ્રી કાશી વિશ્વનાથ આવ્યા, ત્યાં મણીકર્ણીકાનાં ઘાટ ઉપર સ્નાન કર્યું, શ્રી કાશી વિશ્વનાથની સ્વહાથે સેવાપુજા કરી ત્યાં દેવ દર્શન કરી ત્રણ દિવસ સુધી ત્યાં રોકાઇ અને ત્યાંથી પોતે શ્રી અયોધ્યાપુરી આવ્યા ત્યાં મોક્ષદાયની સરયુ ગંગાજીમાં સ્નાન કર્યું, દેવદર્શન કર્યા અને પાંચ દિવસ સુધી ત્યાં રહ્યા. ત્યાંથી શ્રી

મથુરાપુરી આવ્યા, ત્યાં વિશ્રામઘાટ ઉપર ધર્મશાળામાં ઉતર્યાં, ત્યાં યમુના પાન કર્યું અને ચારે તરફ દેવદર્શન કર્યાં. ત્યાંથી ગોકુલ, વૃંદાવન, દાઉજી તથા ગીરિરાજ વરસાના, નંદગામ વગેરે સ્થલે દેવદર્શન કર્યાં તથા કામવનમાં ગોસ્વામી મહારાજ શ્રી દેવકીનંદનાચાર્ય પાસેથી બ્રહ્મસમર્પણ લીધું. એ રીતે એક માસ સુધી મથુરાંજીમાં રહીને વૃજ યાત્રા કરી. ત્યાંથી થઇને શ્રી નાથજી આવ્યા. ત્યાં કને સતર રોજ સુધી રોકાઈ પ્રતિદિવસ આઠ ઝાંખી કરતા. ત્યાંથી એકલંકી મહાદેવ આવ્યા, ત્યાં દર્શન કર્યાં ત્યાંથી ફરીને ડાકોરજી આવ્યા અને ત્યાંથી ફરી મુંબઇ આવી રહ્યા. વળી પોતે હરદ્વારનો વિચાર કર્યો એ સમયે શ્રી હરદ્વારનો મોટો ચડાવ હતો. ત્યાં સર્વ મહાત્માઓ રૂષી મુનીયો એકત્ર થયા હતા. ત્યાં સમર્થ સન્યાસીઓ, પરમહંસો તથા દંડીઓ, જટાધારી જબર જોગીઓ આદિ અનેક મહાત્માઓનાં દર્શન કર્યાં. તથા કનખલમાં પણ બ્રહ્મદર્શી સંત મહાત્માઓ હતા ત્યાં દર્શન કર્યાં. હરની પેઢી ઉપર સ્નાન કર્યું. અને ત્યાં પણ

દેવ દર્શન કર્યા, ત્યાંથી રૂષી કેશ આવ્યા, ત્યાં આઠ દિવસ રહ્યા. ત્યાં પણ વિરક્ત મહાત્માઓના દર્શન કરી ત્યાંથી શ્રી લક્ષ્મણ ઝુલે આવ્યા, ત્યાં ગંગાજીમાં સ્નાન કર્યું તથા દર્શન કરી ફરી પાછા હરદ્વાર આવ્યા. ત્યાંકને બાવીસ દિવસ સુધી નિવાસ કરી આનંદ કર્યો, ત્યાં કુંભ ચડાવનો પવિત્ર પ્રસંગ હતો અને ત્યાં સ્નાન કરવાનો અત્યંત મહીમા છે. ત્યાં મહાત્માઓએ પ્રથમ સ્નાન કર્યા પછી દેવીશ્રીએ સ્નાન કર્યું. એ રીતે ત્યાં સંતદર્શન તથા સ્નાનાદીનો અલભ્ય લાભ લઇ ત્યાંથી મથુરાજી આવ્યા. વળી ત્યાં બીજીવાર ગોકુલ, વૃંદાવન આદી સર્વ સ્થળે દેવદર્શન કર્યા અને ત્યાંથી મુંબઇ આવ્યા. મુંબઇમાં બાર માસ સુધી રહીને પાછું પોતે શ્રી બદ્રીનારાયણ જાવાનું પ્રયાણ કર્યું. કારણકે સંત મહાત્માઓનું કથન છે કે બદ્રીનારાયણ જે કોઇ જાય છે તે જન્મ મરણના બંધનથી રહીત થઇ મોક્ષપદને પામે છે. માટે મહા વિકટ અને

અ યુત્તમ એવા બદ્રીનારાયણ દેવનાં દર્શન કરવા દ્રઢ સંકલ્પ કરી મુંબઈથી રવાના થઈ ડાકોરજી આવ્યા, ત્યાંથી મથુરાજી આવ્યા, ત્યાંથી હરદ્વાર થઈ રૂષીકેશ આવ્યા, ત્યાં જપાનું કરી લક્ષ્મણ ઝુલે આવ્યા, ત્યાંથી દેવપ્રયાગ પછી કરણપ્રયાગ આદી પાંચ પ્રયાગમાં સ્નાન કર્યું, ત્યાંથી ઓખીમઠ ત્યાં દેવદર્શન કર્યાં, ત્યાંથી ગુપ્તકાશી આવી ત્યાં સ્નાન દાનાદી કરી ગવરીકુંડમાં સ્નાન કર્યું, ત્યાંથી શ્રી કેદારનાથ આવી એક રાત્રિ રહ્યા અને ત્યાંથી શ્રી બદ્રીનાથ આવ્યા અને ચાર દિવસ સુધી ત્યાં શાંતિથી રહ્યા. ત્યાં તપકુંડ, સીતકુંડમાં સ્નાન કર્યું, દર્શન કર્યાં. એ રીતે મહા કઠણ અને પરમગતિદાયની શ્રી બદ્રીનારાયણની યાત્રા સંપૂર્ણ રીતે સફળ કરી દેવીશ્રીજી મુંબઈ આવ્યા. ત્યાંથી થઈ વળી આપશ્રી બેટ દ્વારિકા આવ્યા. ત્યાં ગોમતીજીમાં સ્નાન કર્યું તથા શ્રી દ્વારિકાનાથના દર્શ પર્શ કરી ત્યાંથી પોતે મુંબઈ આવ્યા, ત્યાંકને કેટલોક સમય રહ્યા પછી શરીરમાં

સાધારણ બીમારી રહેવાથી સ્વદેશ આવવા શુભેચ્છા કરી. સંવત્ ૧૯૭૮ની સાલમાં કચ્છ-ગઢશીશે આવ્યા અને ત્યારબાદ હંમેશને માટે કાયમ કચ્છ રહેવાનું કર્યું. એટલે આજસુધી કચ્છ–ગઢશીશામાં પોતાના સ્થાનક વિષે રહી સારી સ્થિતી નિતી રીતીથી ભગવદ્ સેવાસ્મરણ, ભજનભાવ તથા પાઠપઠન વડે બ્રહ્માનંદ ભોગવે છે. વળી જ્યાં પ્રતિદિવસથી ભગવતકથા શ્રવણ થાય છે, તથા કેટલીક ભાવિક બાઇઓ વિદ્યાભ્યાસ કરી સારો લાભ લે છે. સદાકાળ જ્યાં શાન્તિ વરતે છે.

એક સમય દેવીશ્રી કચ્છ–સુમરી રોહાના શેઠ તુલસીદાસ સુરજીનાં ધર્મપત્ની સુશીલા બાઇ શ્રી મિઠાંબાઇનાં આગ્રહ અને આમંત્રણથી દેવી શ્રી રોહે ગયેલ હતા, ત્યાં સર્વ ભગવતી બાઇઓની ભાવના થઇ કે આપ આપનો અત્યુત્તમ અનુભવ અને ઉંચ આશય જાહેર રીતે કાવ્યદ્વારા સર્વને જણાવો તો બહુ ઉપયોગી થાય, એટલે નવીન

પદભજન બનાવો કે જેથી ભાવિક ભગવતીઓને દૃઢ ભાવના થાય અને સર્વને સદ્ધર્મ સમજવામાં સાધનરૂપ અને સહાયક થાય. એ રીતે ત્યાં પ્રસંગ ચાલતાં દેવીશ્રીને નૂતન પ્રભુપદ ભજન કરવા ઇચ્છા થઇ. જેથી આ શ્રી દેવીભજનભાસ્કર નામનું નિબંધ બનાવી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમાં કહેલા પદ, ભજન જે કોઈ ભગવતી ગાશે, સીખશે, સાંભળશે યાને વાંચી વિચારી મનન કરશે તે સાર વસ્તુને સમજી નિજાનંદને પ્રાપ્ત થશે, જેથી થયેલ શ્રમ સાફલ્ય સમજાશે.

સુજ્ઞેષુકિમ્બહુના !

વિક્રમાર્ક
સંવત્ ૧૯૮૩

કચ્છ—ગઢશીશા.

પ્રકાશક,

કલ્યાણીજી.

શુદ્ધિપત્રક.

પાનું.	પદ.	ચરણ	બીજું.	અસુદ્ધ.	સુદ્ધ.
૧૦	જીવનવૃત્તાંત			પન	પાન
૪	૧	૨		હે	×
૫	૧	૬		આતમતવ	આતમ તત્વ
૧૩	૬	૪		વારતવીક	વાસ્તવીક
૨૨	૧૧	૩		રહો	રાહ્યા
૩૧	૨૦	ટેક		જાણ્યા	જાણા
૩૧	૨૦	૨		પગ પગ	જે અસંગ
૩૭	૨૫	૨		ન	ને
૩૯	૨૭	૨		વિદ્યા	વિંદ્યા
૪૦	૨૮	૨		કેદ કર	કેદાર
૪૫	૩૧	૨		તવ	તત્વ
૫૪	૪૮	૧		કરી	કેરૂ
૬૭	૫૦	૨		યુની	ફેર
૭૩	૫૪	૧		તવ	તત્વ
૭૫	૫૬	૧		તિનર ચાહે	તિન રચાહે
૮૦	૬૦	૧		ગમાર	ગેમાર
૭૯	૫૯	૫		પર	પાર
૯૩	૭૦	૧		તરી	તારી
૯૪	૭૦	૨		ભય	ભજ

પાનું.	પદ.	ચરણ બીજું.	અસુદ્ધ.	સુદ્ધ.
૧૦૦	૭૪	૨	સું	થી
૧૦૧	૭૫	૨	સચી	સાચી
૧૦૧	૭૬	૧	મુશ્ર	મુની
૧૦૨	૭૭	ટેક	ડિસે	ડિસી
૧૦૩	૭૭	૧	રામ મગર મછમાં	રાગ મગર મછમા
૧૦૪	૭૭	૬	ત્રબા ન	ત્રસા ન
૧૦૬	૭૯	૧	વચક	વંચક
૧૩૬	૧૦૧	૩	ચુંઠણજીકઃ	ચુઠણજીકી
૧૩૬	૧૦૧	૩	પઠન	પન
૧૪૬		૧	વિણુકે	વિષ્ણુકે
૧૪૬		૪	ખડ ગહે,	ખડગ હે,
૧૫૦		૩	पुर्वीगम्र	पुर्वीरम्र

॥ ॐ तत्सत् ब्रह्मणे नमः ॥

શ્રી ગણેશાય નમઃ   શ્રી ગુરૂ દેવાય નમઃ

અથ દેવીશ્રી કલ્યાણી વિરચીત

દેવીશ્રી ભજન ભાસ્કર પ્રારંભ.

પંચદેવ પ્રાર્થના.

श्लोक.

सर्व देवाऽग्र गण्यंतं गौरीपुत्रं गजाननम्
सिद्धि बुद्धि रतं देव मीश्वरं प्रणमाम्य हम् १

देव पूज्यं महा देवं संसार भय हारिणम्
सर्व विद्यायुतं रूद्रं वंदेऽहं त्वां पुनः पुनः २

आदि देवी महा शक्तिं त्वां नमामि सरस्वतीम्
न जानामी पद पंक्ति मद्वाचं सफलांकुरू ३

वेद सिद्धांत तत्त्वज्ञं सद्गुरुं सुखदायकम्
निमज्जतं महा सिंधौ मामुद्धर दयानिधे ४
विश्वंभरं गुरु देवं शरणागत वत्सलम्
सच्चिदानंद रुपं वै त्वांमीडे सततं मुदा ५
पंचदेवा नहं वन्दे स्थिति संहार कारिणम्
निर्विघ्ने नैव करतव्यो ग्रथं रूपो मनोरथः ६
यन्न्युन मधीकंवाऽत्रं संगृहीतं प्रमादत
तत्समीकृत्य विद्वद्भी ग्राह्यं तत्व विदुत्तमै ७
न्याय योग पुराणानि सांख्य शास्त्र नवेद्य हम्
यदऽत्रस्खलितं चाऽत्र क्षमद्धं दीन वत्सला ८

પંચદેવ સ્તુતિઃ દોહા.

સબ દેવનકે અગ્રમેં ગવરીપુત્ર ગણેશ,
રિદ્ધિ સિદ્ધિ સંપત દાયક વંદો હૃદય હમેશ. ૧

દેવન દેવ મહાદેવ સબ વિદ્યાકે ભંડાર,
કરજોરી વિનતી કરૂં દુઃખીત ઉતારો પાર. ૨
આદ દેવી મહા શક્તિકો વંદન કરો બખાનિ,
નહી જાનો પદ પંક્તિમેં સફલ કરો મમ બાનિ. ૩
કુશલ વેદ સિધ્ધાંતમેં સદ્‌ગુરૂ મેરે ઇશ,
ગોવિંદતેં ગુરૂ અધિક હે તાતેં અર્પું શીશ. ૪
નમઃ નિરગુણ નાથકું જગ જયકારણ જાન,
પુનઃ પુનઃ અહં વંદતહોં ભવ ભયહરન નિદાન. ૫
પંચદેવ વંદન કરો એકાગ્રહ કર ચિત્ત,
પદપંક્તિ પુરણ કરો પ્રશન હોઈ પ્રભુ નિત. ૬
કવિ કોવિદ વિદ્રજ જનો મત કરના હાસ્ય સુજાન,
બાલબુધ્ધિ કછુ જાનોના કાવ્ય વેદ શાસ્ત્ર પુરાન. ૭
જિતનાં બલ પક્ષી પક્ષમેં તિતનાં ઉડે આકાશ,
સબ અંતે વ્યોમ મારગી ન્યુનાધીક મતિકે વિલાસ. ૮

(પદ ૧) ગુરૂસ્તુતિ, રાગ આરતી.

જય ગુરૂ કૃપા નિધાન જય ગુરૂ કૃપા નિધાન,
નિજ જન દુઃખીત જાનિકે દીયા અભયપદ દાન. ટેક

દીનદયાલુ પરમ કૃપાલુ જનશરન ગ્રહે સુખકારી, ગુરૂ
ત્રિવિધીતાપમય જાની જગકો
તિનતેં લીયા તારી. જયગુરૂ ૧
હે નિર્ગુન નિરભેદ નિરંજન ગુરૂ પુર્ણાનંદ સ્વામી, ગુરૂ
ઘટ ઘટમેં વ્યાપી રહે શ્રી ગુરૂ
સબ ઘટ અંતરજામી, જય ૨
ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ મહેશ્વર
સો જાનત હોં મન બાની, ગુરૂ
સંસે શોક મિટાય દીયા સબ
સુધ વસ્તુ પહિચાની. જય ૩
સુક સનકાદિ વ્યાસ વસીષ્ટ સમ
ગુરૂ મહીમા સો જાની, ગુરૂ
પાર બ્રહ્મ પરખાય દીયા જિન
મિલ્યા મોકું સો ગુરૂ જ્ઞાની. જય ૪
પુરણાનંદ પામ્યા પિતામ્બર
ગુરૂ વિદીત વેદ પ્રકાસી, ગુરૂ
પુરૂષારથી પરમારથી પુરા
નિજાનંદ સુખકે વાસી. જય ૫

મહામતિ બ્રહ્મવિત્ મમા મા
જાન જેઠી બા બ્રહ્મચારી, ગુરૂ
આતમતત્વ વિચારી જયાજી
સચ્ચિદાનંદ ગિરી મા તારી. જય ૬

રામરુપ પહિચાન્યો રામાબાઇ
હોત નિજ નિરવિકારી, ગુરૂ
નિજ સ્વરુપ સંભાર્યો સાધ્વી
મૈયા શુભ કૃતી સારી. જય ૭

નિગમાગમ સારમથી સંત હંસ
સબ સ્વારથ સાધી, ગુરૂ
નિજ જિજ્ઞાસુ જનકું બોધ કરી
ટાળી જગ વ્યાધી. જય ૮

અગાધ મહિમા સંત મહંતકો
વદત વેદ વાણી, ગુરૂ
સો વિરલા મતિ મહંત જાને
પારખહી પરમાણી. જય ૯

સબ જ્ઞાનીકું નમન કરી જન
દિલ દ્વૈતભાવ વિલાહી, ગુરૂ

દેવી શ્રી કલ્યાણી વંદત હે
શ્રી સદ્‌ગુરૂ મમા માહી. જય ૧૦

શ્રો બીલેશ્વર સ્તુતિ.

રાગ રામગરી, પદ ૨.

બીલેશ્વરનું મહીમા ભારી
વાણીથી કહું શું વખાણીરે,
વર્ણન કરૂં તો પાર ન આવે
અગમ અગોચર જાણી રે. ટેક
શેષ શારદા પાર ન પાવે
સહસ્ત્ર મુખે ગુણ ગાવે ભારી રે,
જે ઉપમા આપીયેં તે ઓછી
અનોપમ વસ્તુ ન્યારીરે. બીલે૦ ૧
અભય પદનાં દાતા ઇશ્વર
ભક્તજન ભય નિવારી રે,
મનઇચ્છિત શિવ મનોરથ પુરે
શંકરની બલીહારી રે. બીલે૦ ૨

કર કમંડલ હાથ ડમરૂ શોભે
ગલે રુંઢની છે માલા રે,
વાઘંબર અંગે ભુષણ ભોરીંગ
આસન ઉત્તમ મૃગછાલા રે. બીલે૦ ૩
પાસે અર્ધંગા દેવી પાર્વતી શોભે
જટાજુટમાં છે ગંગારે,
ગૌરી પુત્ર ગણેશ બીરાજે
નંદીશ્વર સ્વારી અભંગા રે. બીલે૦ ૪
પૂર્વ દિશામેં સીતારામજી શોભે
પશ્ચિમ ભુતનાથ કારુણી રે,
ઉત્તરમાં તાલકેશ્વર રાજે
દક્ષિણ યોગેશ્વરોની ધુણી રે. બીલે૦ ૫
દ્વારપાલ મહા ભૈરવ સોહિયે
પંડિત પીતાંબરની સમાધી રે,
સત્યદેવનું મંદિર સુંદર
ફરતી બીલપત્રની ઝાડી રે. બીલે૦ ૬
શ્રાવણ માસમાં અતિ આનંદથી
વીપ્ર સેવા કરે સારી રે,

વિધીવત સોળ પ્રકારે સેવે
બહુ વિપ્ર વેદ ઉચ્ચારી રે. બીલે૦ ૭
દેવ ઋષી નારદ વિધી વિષ્ણુ
સનકાદિક ગુન ગાવે રે,
અગમ અગાધ મહાદેવ મહિમા
સુરનર મુનીજન ધ્યાવે રે. બીલે૦ ૮
કર જોડી દેવી શ્રી કલ્યાણી બોલે
ઉતારો શિવ ભવ પાર રે,
પતિતપાવન નામ તમારો
કરો કરૂણાં દીનદયાલ રે. બીલે૦ ૯

ગુરૂ સ્તુતિ.

રાગ એજ, પદ ૩.

પ્રાતઃકાલ ગુરુપદ રજ પરસીયેં
હૃદયે ધરી હૂલાસરે,
તીરથ ગંગા યમુના સર્વે
કરે ગુરૂ ચરણમાં નિવાસ રે. ટેક
ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ મહેશ્વર
આગમ નિગમ પુકારે રે,

જે પુર્વ પુન્ય પ્રભાવ થકી દ્રઢ
શરણ ગ્રહે અઘ હારે રે. પ્રાતઃ ૧
ભાવ ધરી સદ્‌ગુરૂ આરાધે જે
તાપ ત્રિવિધ દુઃખ નાસે રે,
ગુરૂ મુખે સ્વઆત્મ સમજ્યાથી
જન્મ મરણ દુઃખ જાસે રે. પ્રાતઃ ૨
સુક સનકાદિ નારદ વ્યાસ
ગુરૂ પ્રસાદે લક્ષ પાયે રે,
શેષ શારદા શિવ ચતુરાનન
આપ કહે શ્રી જદુરાયે રે. પ્રાતઃ ૩
ગુરૂ ભક્તિ ગરિયા ન અતિશય
ભાખે શ્રુતિ સ્મૃતિ પુરાન રે,
અનન્ય ભાવે જન ગુરૂ પદ સેવે
પાવે પદ નિરવાણ રે. પ્રાતઃ ૪
પરમ રસાયણ પાન કરાવે
ભવ રોગ મુળ નસાવે રે,
સાર જાણી દેવી શ્રી કલ્યાણી
સદ્‌ગુરૂ ભજે સદ ભાવે રે. પ્રાતઃ ૫

રાગ એજ. પદ ૪.

ભાવ ધરી ભજો ભગવંતને
પ્રેમે પ્રભુ જશ ઉચાર,
આ અવસર હરિ ભજવા તણો
ગાફલતાને માર. ટેક

અનેક જન્મ શુભ કર્મો કરી
પામ્યો મનુષ્ય અવતાર,
તે ભવ ભોગ વિષે હારશો
અમુલ્ય હીરો ખોશો ગમાર. ભાવ ૧

મુળ તપાસ તારૂં માનવી
ક્યાંથી આવ્યો ક્યાં જનાર,
વિવેક વિચાર વિના વૃથા
જનનીને માર્યો ભાર. ભાવ ૨

સમજ શિખામણ સંતની
તે હેતે ગ્રહો નરનાર,
સુક્ષ્મ મતિથી સાર સમજી જન
ઉગરશો ભવ પાર. ભાવ ૩

સર્વે સાજ ક્ષણભંગ છે
વિણસી જાતા લાગશે ન વાર,
દેવી શ્રી કલ્યાણી હરિ ભજો
ભવ જલ તરસો આધાર. ભાવ ૮

રાગ એજ. પદ ૫.

બ્રહ્મરૂપ થઇ બ્રહ્મ આરાધીયેં
વસ્તુ યથાર્થ જાણી,
સાધુ સંગે બોધ શુધ્ધ ગ્રહી
ભેદ ભ્રમણા ન આણી. ટેક
અકલ અનામ અરૂપ છે
નિર્ગુણ નાથ નિરાકાર,
સદ્ ચિદ આનંદ એક છે
દેહનો દ્રષ્ટા નિરધાર. બ્રહ્મ ૧
પંચકોષથી વસ્તુ પાર છે
સત રજ તમથી અતીત,
દેહ ત્રયનો સાક્ષી જે આત્મા
સાક્ષ્ય પદાર્થ તે કલ્પીત. બ્રહ્મ ૨

નિર્ભય નિરામય નિરનામી જે
સોહં બ્રહ્મ સબ ઘટ વાસી,
અહં બ્રહ્માસ્મી અંતરજામી
સો નિજ લીયોને તપાસી. બ્રહ્મ ૩
શબ્દાતીત સબમેં નિવાસી
નિજ તત્ત્વ છે બાવન બાર,
ને નિજ સ્વરૂપ અનાવૃત
દેવી શ્રી કલ્યાણી દિલધાર. બ્રહ્મ ૪

રાગ રાસનો. પદ ૬.

રામ નામ દિલથી ઉચ્ચારો, બ્હેનો
સહુ રામ નામ દિલથી ઉચ્ચારો,
વૃથા મ ખોશો જમવારો. બ્હેનો સહુ૦ ટેક
આઠોય પહોર એકાગ્રહ કરીને
ચિત્ત વૃતી હરિમાં ધારો. બ્હેનો૦ ૧

સાખી.

ઘર ધંધાની ઘાંણીમાં આયુષ્ય જાસે અજાણ,
અમથે આંટે જે આવ્યો જમ કરસે તોફાન;

નથી ઉગર્યાનું રાખ્યું મુરખ બારો. બ્હેનો૦ ૧
હરઘડીમાં યાદ કરી સુમરને
શ્રી નાથ સરજન હારો. બ્હેનો૦ ૨

સાખી.

દેહ ગેહ સુત વિત સહુ મહા મોહની ખાંણ,
વિશ્વાસે વિંટાઇશ જો નિજ સુખની થશે હાંણ;
સચેત થઇને તમે સાર સંભારો
બ્હેનો સહુ રામ નામ,
સર્વત્ર પુરણ પ્રભુને નિરખીને
પરીછીન દ્રષ્ટિ તમે ટાળો. બ્હેનો૦ ૩

સાખી.

નહિ તો ભવસાગર ભમી થાશો બહુ હેરાન,
વિપત પડે રડશો કદી સ્હાય કરે નહી કાન;
તેથી હરિ ભજો ભવ ભય હરનારો, બ્હેનો૦
શરીરે દાસ થઈ ઉપાસના કરીને
વાસ્તવિક એક્તા તારો. બ્હેનો૦ ૪

સાખી.

નિશ્ચય નિર્ગુણ નાથનો કર તું અનુસંધાન,
આંટો આવાગમનનો ટળી જાશે તારો સુજાન;
દેવી શ્રી કલ્યાણી જગ સુખ છે ખારો. બ્હેનો૦ ૫

રાગ એજ, પદ ૭ મું.

સાંભળો શીખામણ સારી,
બ્હેનો સહુ સાંભળો શીખામણ સારી,
કામ ક્રોધને દેજો જારી. બ્હેનો૦ ટેક
ચાર દિવસ આ જગમાં રહી તમે
સુયશની બાંધજો ભારી. બ્હેનો૦

સાખી.

નીતિ ધર્મ ઉર ધારીને કોઇની મ કરજો હાંણ,
જશ મેળવ આ લોકમાં સ્હાય થશે ભગવાન;
લોક પરલોક લ્યો સુધારી, બ્હેનો૦
પશુ પેઠે રહી ઉદર ભરવું નહિ
વિચરો વિવેક વિચારી. બ્હેનો. ૧

સાખી.

રામનામનું જાપ કર ધર અંતરમાં ધ્યાન,
પ્રેમલક્ષણાં પ્રગટતા થાય તત્વનું જ્ઞાન;
સદ્ય હીં શોધજો સાધન હિતકારી. બ્હેનો.
શીલ સંતોષ ક્ષમા મનમાં ધરીને
મુકી દેજો તૃષ્ણાની લારી. બ્હેનો. ૨

સાખી.

સંયમી વૃત્તિ રાખવી મન છે અતિ નાદાન,
મનનો ચંચલ વેગ છે વાયુથી બલવાન;
લક્ષ ચોરાસી ભય વિકટ વિચારી. બ્હેનો.
હેત કરી હરિજન સંગ કીજીયે
દુષ્ટ સંગ દીજીયે ટાળી. બ્હેનો. ૩

સાખી.

જોઇ વિચારી સંગતી કરો બ્હેનો બુદ્ધિમાન,
તો ઉત્તમ પદ પામશો સમજો ગુરૂની સાન;
દેવી શ્રી કલ્યાણી જગસુખ મૃગ વારી. બ્હેનો. ૪

રાગ એજ, પદ ૮.

ઇશ્વર એકને આરાધો
　　બ્હેનો સહુ ઇશ્વર એકને આરાધો,
ટાળો મલીન મનનો કાધો,　　બ્હેનો. ટેક
પુરણ પરમેશ્વરમાં પ્રીત કરીને
　　જાણો જગનો જુઠો ફાધો. બ્હેનો. ૧

સાખી.

સર્વ ઇષ્ટ પદ દાયક　શ્રી પ્રભુ કૃપાનિધાન,
વિશ્વંભરથી વિમુખ જે　ભટકે ચારે ખાણ;
રામ રટી ભવજલ તરવું અગાધો,　બ્હેનો.
દ્રવ્ય મેળવવા જતન કરે બહુ
　　વિવેક નહી ઉગો ચાંદો. બ્હેનો. ૨

સાખી.

માયા વંચક નાર છે　હરે સહુનું મન,
દિન દિન પ્રતિ ઇચ્છા અધિક શાંતિ ન પાવે જન;
એવી તૃષ્ણાનો નહી આવે સાંધો.　બ્હેનો.

મોહજાલ માઇક પદાર્થ જાણીને
હરિ ગુરૂ વાક્ય ચિત્ત બાંધો. બ્હેનો. ૩

સાખી.

શીર પર કાલ ફરે સદા જેમ તિતર પર બાજ,
ઓચીંતો આવી પડે પછી સોચે સરે ન કાજ;
અવસર વહિ ગયે વરસે માધો. બ્હેનો.
આવાગમનનો આંટો મિટાડવા
રામ રટણ જોગ સાધો. બ્હેનો. ૪

સાખી.

આ ભવ તરવા ભાવથી ભજીએ શ્રી ભગવાન,
રાખો વિદ્યા વિનયથી સમદર્શી વર્તન;
દેવી શ્રી કલ્યાણી તેને ગુરૂ ગમ લાધો. બ્હેનો. ૫

રાગ એજ, પદ ૯ મું.

દેશી કથી કરો હેત દાવો
બેનો સહુ દેશી કથી કરો હેત દાવો,
નરદેહનો લીજે લાવો. બ્હેનો. ટેક

ગુરૂ વિના જ્ઞાન કદી નહિ આવે
　　　　　　　　પ્રભુ પદ છે વિકટાળો. બ્હેનો. ૧

સાખી.

પહેલું ભાસે વિકટ પણ પછે અમૃતનું પાન,
જોખમ જે જમ દંડનો ટળશે તારો સુજાન;
શ્રમ કરી પ્રભુ પ્રેમથી સંભારો, બ્હેનો.
અસંગ થઇને જગમાં વિચરો તમે
　　　　　　　　જલ પર કમલ ધેરાવો. બ્હેનો. ૨

સાખી.

સુહ્રદ સંબંધી સહુ જનો સમજે સ્વારથ વાત,
કિંચીત સ્વાર્થ નહિ સરે તો કરશે ઉતપાત;
બિન સ્વાર્થી હરિમાં ચિત્તને લગાવો. બ્હેનો.
બાલ અવસ્થા જાય રમત ગમતમાં
　　　　　　　　યુવા વિષયોમાં ગમાવો. બ્હેનો. ૩

સાખી.

જરામાં દેહ અશક્તથી બને ન હરિ ભજન,
પછી પસ્તાવે શું થશે રણમાં કરે રૂદન;

તે સ્થળે નહી કોએ આંસુનો લુનારો. બ્હેનો.
ગોવિંદથી સદ્દગુરુ અધિક છે
એ વાક્યે કરો વરતાવો. બ્હેનો. ૪

સાખી.

તરવા ભવસાગર તમે તજો દેહ અભિમાન,
દંભ કપટ મેલી દઇ ગ્રહો સદ્દગુરૂની સાન ;
તેથી અજર અમર પદને પાવો. બ્હેનો.
કમર કસી શુભ ગુણ શોધન કરો
દુર્ગુણ દૂર પલાવો. બ્હેનો. ૫

સાખી.

આ અજ્ઞાન નિશા થકી જાગો જટીત સુજાન,
શ્રી સદ્દગુરૂ મુખથી ગ્રહો જ્ઞાન બોધ ગરીયાન ;
દેવી શ્રી કલ્યાણી આવો નહી મળે દાવો.
....બ્હેનો. ૬

રાગ એજ, પદ ૧૦ મું.

જ્ઞાન હે મારે હાડ ગારો
બ્હેનો સહુ જ્ઞાન હે મારે હાડ ગારો,

લક્ષ ચોરાસી ફેરા ટાળો. મ્હેનો. ટેક
નામ રૂપ સર્વને ખોટું જાણીને
અસ્તિ ભાતિ પ્રીય દિલ ધારો. મ્હેનો.

સાખી.

અખંડ સ્વરૂપી આતમા તેની કર ઓળખાણ,
જન્મ મરણનો ભય મિટે, થશે તારૂં કલ્યાણ;
આળસ તજી નિજ સ્વરૂપ સંભારો. મ્હેનો.
સદ ચિદ આનંદ એક જાણીને
પ્રકૃતિથી પાર વિચારો. મ્હેનો. ૧

સાખી.

પંચ કોષથી પર સદા શબ્દાતિત પહિચાન,
વસ્તુ વિચારે જોઇને પામો પદ નિરવાન;
ધારણ કરો સત્ય સનાતન ધારો. મ્હેનો.
જથારથ અવાચ્ય વસ્તુ જાણીને
દ્વૈતભાવ મનથી નિવારો. મ્હેનો. ૨

સાખી.

આપા પરનું અંતર ટળી થયું તત્વજ્ઞાન,

કહેવું કાંઇ રહ્યું નહી લક્ષમાં લાગ્યું ધ્યાન;
તે સુખનો મુખથી કરૂં શું વધારો. બ્હેનો.
લવણની પુતળી સાગરમાં પેઠી
લુણનો રહયો નહિ આકારો. બ્હેનો. ૩

સાખી.

લીંગ વાસના જેહની, જ્ઞાને ધરી સુજાણ,
કાળ કર્મનો ભય નહી તે જીવ મુક્તિવાન;
દેવી શ્રી કલ્યાણી તે સંગે વાસના જારો.
બ્હેનો. ૪

રાગ એજ, પદ ૧૧ મું.

પૂર્ણાનંદ પદને પાવો
બ્હેનો સહુ પૂર્ણાનંદ પદને પાવો,
ભેદ ભ્રાંતીયે નહિ ભરમાઓ. બ્હેનો. ટેક
બ્રહ્મરૂપ થઇ તમે બ્રહ્મ આરાધીને
દ્વૈત દ્રષ્ટી મનથી નસાવો. બ્હેનો. ૧

સાખી.

દેહનો દ્રષ્ટા દેહથી છે ન્યારો નિરવાણ,

દેહ નશ્વર જાણીને ચૈતન અવિનાશી જાણ;
દેહ હું માની ચોરાસી કાં અથડાવો. બ્હેનો.
નિજ સ્વરૂપ જ્ઞાન અમીરસ જેવું
પાન કરવાથી સુખ પાવો. બ્હેનો. ૨

સાખી.

વેદ વાક્યનું શ્રવણ કરી વિષયે વિષ સમાન,
પૂરણ પદને પામવા ગ્રહો સદ્‌ગુરુ સાન;
તેથી દેશીકથી કરી હેત દાવો. બ્હેનો.
જીવ શિવ ભેદ માયાકૃત માની
ઉપાધીથી અળગા રહો. બ્હેનો. ૩

સાખી.

રજ્જુ ભુયંગ જેમ સૂર્યનું તેજ વારી વત જાન,
મિથ્યા ભ્રાંતી માનીને નિજાનંદમાં મગ્ન તાન;
મુક મુખે મીસરી શું કહે સ્વાદ આવો. બ્હેનો.
ઘટ મઠરૂપે એક રચી રહયો છે
મહદ વ્યોમનો વરતાવો. બ્હેનો. ૪

સાખી.

સ્થાવર જંગમ જીવ જગ, અનંત નામ રૂપાન,
વસ્તુ રૂપે વિચારતા, આત્મા એકજ જાન;
દેવી શ્રી કલ્યાણી એ લક્ષ
દિલ ધરાવો. બ્હેનો. ૫

રાસ રાગ પ્રજ, પદ ૧૨ મું.

આ અવસર જન છે રે હો છેલું,
મન વિચારી જુવે નહિ ઘેલું. ટેક
નર દેહ પામી લેવું રે હો લાવ,
આરે આવી ભુલીસ નહિ તું નાવ. આ ૧
જુવા અવસ્થા છે વહે તલપાની,
આવશે જરા અવસ્થા છાની. આ ૨
જમકિંકરનો ભય બહુ ભારી,
સત્વર ભજીલે શ્રી હરિ હિતકારી. આ ૩
કામ ક્રોધ લોભને દેજો જારી,
વારમવાર કર તત્વ વિચારી. આ ૪

સીલ વિભુષણ લેજો રે હો ધારી,
　　　　શુભ ગુણવંતની શોભા સારી. આ ૫
દેહ ગેહ સુત વિત રે હો એવા,
　　　　મૃગવારી દેખવા માત્ર જેવા. આ ૬
વેદ વાકયની રે સમજણ આણી,
　　　　સાર તેમાં ગ્રહો દેવી શ્રી કલ્યાણી. આ ૭

રાગ એજ, પદ ૧૩ મું.

જુવોને તપાસી રે હો તનમાં,
　　　　દેહનો દ્રષ્ટા દેહ દેવલમાં. ટેક
પરીબ્રહ્મ તમે છો રે હો પોતે,
　　　　ગુરૂગમ વિના અળગું ગોતે. જુ. ૧
કસ્તુરી મૃગની નાભીએ રાજે,
　　　　બાહેર સુંઘે શ્વાસ સરે ન કાજે. જુ. ૨
ઘટોઘટ વ્યોમ રહયો રે હો જેમ,
　　　　જાની જગ બ્રહ્મ છે વ્યાપક તેમ. જુ. ૩
દેહદર્શી દેહમાં રે હો દેખી,
　　　　ઉપાધીથી અળગા જુવોને પેખી. જુ. ૪

સદ્‌ગુરૂએ દીધો રે હો દરસાઇ,
દીન દયાલે કરી કરૂણાઇ. જુ. ૫
દેસીક પ્રસાદે લક્ષ રે હો જાણી,
જેથી અહો ભાગ્ય દેવી શ્રી કલ્યાણી. જુ. ૬

રાગ આશારાહ, પદ ૧૪ મું.

તજ મન પ્રાકૃત જનનો સંગ
પ્રાકૃત જન સંગ પ્રસંગ તેરે—
નાસે જપ જોગ અષ્ટાંગ, તજ ટેક
એ હો જાનવરોનાં સંગમાં રહેવું
પડે ન દુસંસકા રંગ,
પર્વતમાં જે એકલું વિચરવું
થાય ભજન અભંગ. તજ ૧
એ હો ઇંદ્રનાં જે ઇંદ્રાસન જેવા
જોયોનાં ગ્રહ શ્રષ્ટંગ,
સત્ય વિવેકથી જે સુન્ય વરતે
તજીયેં તેનો પ્રસંગ. તજ ૨
એ હો ખલ પુરૂષને બોધીયેં તો
લાગે વૃશ્ચિકનો દંગ,

સ્વાન સરખા સુલક્ષણ વારાને
બોધ દારુ પર પતંગ. તજ ૩
એ હો સુદ્ધમતિ ઉપદેશ પાત્રને
દિન દિન અધિક ઉમંગ,
દેવી શ્રી કલ્યાણી દઇયે શિક્ષા એવાને
ચોગણું ચડે જેને રંગ. તજ ૪

રાગ એજ, પદ ૧૫ મું.

ભજ મન ભાવ ધરી ભગવાન
કુલ કુટુંબ કોઇ કામ ન આવે,
કરે તે બહુ હેરાન
ભજ મન ભાવ ધરી ભગવાન. ટેક
એ હો સાર જાણી ગુરૂદેવ સેવો
તજો મન અભીમાન,
માન અપમાનને મન મ આંણો
ગ્રહો સદગુરૂની સાન. ભજ ૧
એ હો દેવ દુર્લભ નર સાજ પામ્યો
મુક્તિ દ્વાર મહાન,

વિષય વૈભવમાં ખુબ ફસાણું
સુણે ન વેદ વાક્ય કાન. ભજ ૨
એ હો બોધ ગ્રહી શુદ્ધ સ્વરૂપની
તે પામે પદ નિર્વાન,
બ્રહ્મવાહં નિસદિન ઉચારે
સોહં સ્વરૂપ કર ધ્યાન. ભજ ૩
એ હો આદ અંતે મધ્ય એક જાણી
તે હું છું અન્ય ન માન,
એમ કહે દેવી શ્રી કલ્યાણી
નિજ સ્વરૂપ પહિચાન. ભજ ૪

રાગ એજ, પદ ૧૬ મું.

ગજ મન અહંબ્રહ્માસ્મી અહનિશ
આઠોય પહોર એકાગ્રહ કરી ચિત્ત—
જપી લેને જગદિશ. ગજ ટેક
એ હો અન્ય ઉપાસના દુર તજીને
આરાધી લે અજ ઇશ,
સગા કુટુંબ કોઈ કામ ન આવે
માયાનાં મત લોભીશ. ગજ ૧

એ હો કર્મ મર્મનું ભ્રમણ મુકી
જાગ્રત પદમાં જાગીશ,
કાલ કર્મનો ભય ટળી જાશે
નિજ વસ્તુ વિચારીશ. ગજ ૨
એ હો દ્વૈતવાદનો પર્સ ન કીજે
એક તું એક બોલીશ,
દેવી શ્રી કલ્યાણી શ્રમ સાચી સાધે
તો મોક્ષ મળે બક્ષીશ. ગજ ૩

રાગ એજ, પદ ૧૭ મું.

સજ મન સુભ સાધન અતિપ્રીત
અરી મિત્ર કોઇ મન ન આણે તો—
જગમાં થાસે તારી જીત. સજ ટેક
એ હો હેત કરી હરિ હીરા પેખો
જાય જન્મ ભયભીત,
વાર વાર તુંને વેદ સમજાવે
ભાવ તજ વિપરીત. સજ ૧
એ હો સમ દમાદી શ્રધ્ધા તિતીક્ષા
તપ કર અખંડીત,

જીવનમુક્ત સંત જીવતે મરે જે
સંગે વાસના સમીત. સજ ૨
એ હો વૈરાગ્ય ઉપજે સર્વ ભોગમાં
ચિત ચંચલતા ટલીત,
શ્રવણ મનન ને ધ્યાન દ્રઢ કરી
જીવંત મોક્ષ ખચીત. સજ ૩
એ હો નામ રૂપ જગ જુઠ જાણો
ગાયે છે શ્રુતી ગીત,
દેવી શ્રી કલ્યાણી સર્વ મિથ્યા
જેમ વાલુની છે ભીત. સજ ૪

રાગ ભજન, પદ ૧૮ મું.

ભાંગી ભરમનાં મુને ભાંગી
હો જાણ્યા મળ્યા પુરા ગુરૂ ત્યાગી. ટેક
દીન દુઃખીત અભ્યાગત જાણીને
મહેર કરી મહા મંત્ર સુણાવીને,
તે થકી લગની લાગી. હો ૧
દીધું આતમ ઉપદેશ અનોપમ
મટાડીયું અભિમાન મન મમ,

હું થઇ જે બડ ભાગી. હો ૨

મરૂ ભોમી જલ અસત્ય જણાવી
મોહ માયેં જગ કલ્પીત ગણાવી,
ચિત્ત ન રહ્યું અનુરાગી. હો ૩

સદ ચિત આનંદ એક દ્રઢાવી
મોહ જાલથી ગુરુએ છોડાવી,
પ્રેમ પીયાલે હું તો જાગી. હો ૪

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ મહેશ્વરા
દેવી શ્રી કલ્યાણી નિગમ ઉચરા,
હું થઇ આત્મારામ સ્વાગી. હો ૫

રાગ એજ, પદ ૧૯ મું.

પ્રેમ પીયાલા પ્રેમે પીજે
હો જાણ્યા લગનીહી લગાડી પીજે. ટેક

અખીલ લોકની આશા તજી મન
નહિ તે ઇચ્છી જે સુખ ગ્રહ તન,
કષ્ટ સાધ્ય કાજ કીજે. હો ૧

ષટ ઉર્મીના સ્વાદ તજી કર
સમદ્રષ્ટી સમતાને દિલ ધર,
પોતાપણું સંભારી જે. હો ૨

બ્રહ્મ રસાયન સદ્‌ગુરૂએ પાયું
તેનું સાર મન સમજી ગ્રહાયું,
તુચ્છ સુખ તજી દીજે. હો ૩

અનુભવી ઉગ્યું થયું અજવાળું
બોધ રૂહે નાસે અજ્ઞાન અંધારૂં,
નિજ સ્વરૂપ પ્રકાશી જે. હો ૪

વારંવાર ગુરૂની બલીહારી
દેવી શ્રી કલ્યાણી હરિહી સંભારી,
સ્વાસ ઉસ્વાસે પતી જે. હો ૫

રાગ એજ, પદ ૨૦ મું.

લાગી નિર્ગુણમાં વૃતિ લાગી
હો જાણ્યા સદ્ વિવેકથી લાગી. ટેક

નિર્ગુણ બ્રહ્મ નિરંતર વ્યાપક
સોઇ પરમાત્મા સોહં પ્રકાશક,
જાગ્રતથી જોયું જાગી. હો ૧

સ્થાવર જંગમ નામ રૂપ જગ
સર્વમાં વ્યાપક છે પ્રભુ પગ પગ,
તેને જાણી ભ્રાંતી ભાગી. હો ૨

વૈખરી મધ્ય પસ્યંતી પરાપર
સર્વમાં નિવાસી એ સચરાચર,
નિગમાગમ ધ્વની વાગી. હો ૩
જાગ્રત સુપન સુષુપ્તિ તુરીયા
ત્રણ અવસ્થાને પ્રકાશ કરીયા,
દેવી શ્રી કલ્યાણી પ્રેમ પાગી. હો ૪

રાગ એજ, પદ ૨૧ મું.

તેને જાણો વિવેક વૈરાગી
હો જાણ્યા જેણે વિષય વાસના ત્યાગી. ટેક
ઉપરથી બગ ધ્યાન બનાવે
લગની માછલા સાથ લગાવે,
મન મેલા તન સ્વેતાગી. હો ૧
એવા જનનું જન સંગ ન કીજે
કર્મ ઉપાસનાથી ભ્રષ્ટ કરી જે,
તે સંગ તજીયે જાગી. હો ૨
ભાંડ ભવાઇ યા સંન્યસ્ત વેશ ધારે
નિધી ગ્રહાવે નહિ સ્વાંગ સુધારે,
વેશને ન વદે ધાગી. હો ૩

વિષ સમ જાની વિષય સુખ ત્યાગે
સુક્ષ્મ મને બ્રહ્મ જિજ્ઞાસા જાગે,
નિરંજનમાં વૃતિ લાગી. હો ૪
સરલ ભાવે અરી મિત્ર ન ખંડે
દેવી શ્રી કલ્યાણી એવાને વંદે,
શરણ ગ્રહે બડ ભાગી. હો ૫

રાગ એજ, પદ ૨૨ મું.

ગુરૂ વિના જ્ઞાન કદી નહી થાય
ગુરૂ વિના જ્ઞાન કદી નહી થાય,
કરે જન કોટી ઉપાય
ગુરૂ વિના જ્ઞાન કદી નવ થાય. ટેક
કવિ કોવિદ પંડિત પુરાણી જે
ગુરૂથી લક્ષ લખાય. ગુરૂ ૧
કદિ પુસ્તકથી અધ્યન કરીને
ગુરૂ મુખ વિના ભણાય. ગુરૂ ૨
ગર્ભ ધરે જેમ જાર કર્મથી
સભા મધે નહી શોભાય. ગુરૂ ૩

સાગરનું જલ પાન કરેથી
લવણનો સ્વાદ જણાય. ગુરૂ ૪
વાદલ ગુરૂ મુખે અધ્યન કરે જે
અમૃતનો પાન કરાય. ગુરૂ ૫
એવું જાણી શ્રી ગુરૂ ઇષ્ટ ગણીયે
દેવી શ્રી કલ્યાણી ગાય. ગુરૂ ૬

રાગ એજ, પદ ૨૩ મું.

જ્ઞાની ગુરૂ જ્ઞાન દિશા દરસાય
જ્ઞાની ગુરૂ જ્ઞાન દિશા દરસાય,
અવિદ્યા દુર પલાય
જ્ઞાની ગુરુ જ્ઞાન દિશા દરસાય. ટેક
પારસ પરસ થકી લોહ કંચન
સાધુથી અજ્ઞ પલટાય. જ્ઞાની ૧
સો સો વરસ ગુફા માંહે રહે નર
સંગ વિના ફલ નવ થાય. જ્ઞાની ૨
અહોનિસી તત્વ ચિંતન કરાવે
પલટે કીટ ભ્રંગી ન્યાય. જ્ઞાની ૩

ભક્તિ જ્ઞાન તપવંત નર ઘણાં
શીલવંત વીરલા ભાય. જ્ઞાની ૪
શીલ ગયેથી સર્વ સાધન વૃથા
ચાર ખાણમાં અથડાય. જ્ઞાની ૫
જોઇ વિચારી સંત સંગત કીજે
જેથી તારૂં કાજ સરાય. જ્ઞાની ૬
દેવી શ્રી કલ્યાણી બ્રહ્મનિષ્ઠો ગુરૂ
સેવો સદા સુખદાય. જ્ઞાની ૭

રાગ આરાધી, પદ ૨૪ મું.

દેવ દુર્લભ નર દેહ
હીરો અમુલખ પાયો રે. ટેક
ચાર દીવસ કેરી હોત હી ચાંદની
પાછલ રહયો ઘોર અંધારો રે,
મનુષ્ય દેહ છે મોંઘા મુલનો
વૃથા ખોયે છે ગમારો રે. દેવ ૧
વિષયી વિષય રત ચિત માનવી
ગુરૂ ગમ વિના વરતાયો રે,

વિકટ મહા ભવ અટવી ભમવું
એ દુઃખથી ન ડરાયો રે. દેવ ૨
ચોરી હિંસા અભક્ષતાદિક
દેહ કારણ અનર્થ કરાયો રે,
હમણાં તો વાઢી કુટી જાય છે
પછે ખરૂ ખબરૂં થાયે રે. દેવ ૩
રત્ન ચિંતામણી અમુલ્ય માનખો
કોડી બદલે તેં ગમાયો રે,
દેવી શ્રી કલ્યાણી સો જન જાગતે
વૈશ્યનું ધન લુંટાયું રે. દેવ ૪

રાગ એજ, પદ ૨૫ મું.

મુમુક્ષુ એવાજ જાણીયે
મોક્ષને મારગ પ્યાસી રે. ટેક
સાત દિવસનું ક્ષુધાર્થી અન જાચે
તેમ મુકિત ગુરૂ કને માગી રે,
વિષય ભોગકાક વિષ્ટાસમ
સર્વ લોક ભોગ ત્યાગી રે. મુમુક્ષુ ૧

અનન્ય ભાવે ગુરૂ પાદ સેવા કરે
માન રહિત મમતા નાસી રે,
શીલ સંતોષી ક્ષમા આર્જવી
ઉદાર ચિત ન ઉદાસી રે. મુમુક્ષુ ૨
કર જોડી પ્રશ્ન કરે અલોકીક
શ્રુતિ શાસ્ત્ર સ્મૃતિ અનુસારી રે,
હરિ ગુરૂ વાક્યમાં શ્રદ્ધા બારીક
ત્યાગી વિષય સુખ લારી રે. મુમુક્ષુ ૩
સરલ ભાવે અરી મિત્ર પેખે નહી
સકલમાં એક બ્રહ્મ જાણી રે,
દેવી શ્રી કલ્યાણી તે સમજીને
પામે પદ નિરવાણી રે. મુમુક્ષુ ૪

રાગ એજ, પદ ૨૬ મું.

આવ્યો તું વૃદ્ધિજ પામવા
મુરખો મુલ ગમાયો રે. ટેક
વંચક દેશમાં આવી તેં સોદો કર્યો
ગાફલતાથી ગર્થ નસાયો રે,

કુલ કુટુંબ સગા વંચક સાથથી
આતમ ધન હી હેરાયો રે. આવ્યો ૧
ગર્ભવાસમાં કરાર કર્યાં તેં
રામ રટીશ નરદેહ પાયો રે,
મિથ્યા વિષય અને વૈભવમાં
રામ સ્વરૂપ ભુલાયો રે. આવ્યો ૨
કુડ કપટ કરી ઉદર ભર્યું તેં
પરીબ્રહ્મ નવ પરખાયો રે,
ઓચીંતાનો કાલ આવશે
પાછલ જે પછતાયો રે. આવ્યો ૩
લાગે આગ સઠ કુપ ખોદાવે
તેથી અગ્નિ નહી બુજાયો રે,
સમજી શીઘ્ર કરી લે સુકૃત
આણું આવે વિણ ચેતાયો રે. આવ્યો ૪
પાણી પહેલી જે પાર બાંધે
તે જન ગણીયેં ડાહયો રે,
દેવી શ્રી કલ્યાણી સાર જિન શોધ્યો
ધન્ય તે જનની જાયો રે. આવ્યો ૫

રાગ એજ, પદ ૨૭ મું.

હરિજન તેને જાણીયે
નિર્મલ ચિત ન અહંકારી રે. ટેક
નિર્લોભી મતિપર અચ ઇચ્છે સદા
બિન કારણ કરૂણાકારી રે,
શરણાગતને પાર ઉતારે
એવા પર ઉપકારી રે. હરિ ૧
અહં મમતાથી રહીત થઇ રહે
તત્વમસીનાં વિચારી રે,
વિંધ્યા સુતવત આ જગ જાણી
શોધી વસ્તુ પરા પારી રે. હરિ ૨
નિરપેક્ષી થઇ જે મોક્ષ ન માગે
નિર્ગુણ રામ ભક્તિ ભારી રે,
કોમલ ચિત વિનયંતા સંયુત
મુમુક્ષુને હીં સુધારી રે. હરિ ૩
શીલ સંતોષી સદગુણ ભુષણ
પર દુઃખ દેખી દુઃખારી રે,

કરે સતસંગ ભ્રાંતિ ત્યાગી
અદ્વૈતની પ્યાસ ધારી રે. હરિ ૪
વમન કરી જેણે જગ સુખ ત્યાગ્યું
ઉલટી મન વૃતિ વારી રે,
દેવી શ્રી કલ્યાણી તે સજન
ચડી જેને બ્રહ્મ ખુમારી રે. હરિ ૫

રાગ એજ, પદ ૨૮ મું.

સદગુરૂ શરણે રાયા
અબ તો જાતિ સ્વભાવ નહિ બદલાયા. ટેક
સ્વાન મંજાર મૃગ હસ્તની
જોગીને રાજકુમારી બનાયા,
પંચ અવસ્થા ભઇ હે રાજન
જાતિ સ્વભાવ નહિ મિટાયા. અબ ૧
ઘૃત ઘટમેં મંજાર મુખ ડાલા
કાંઠાકી માલ પેરાયા,
ચુએકું કહતી કેદ કર આહી
રંડા સમેત પલટાયા. અબ ૨

પ્રતિ દિન અહી પય પાન કરાયા
તઉ વિષ અધિક બટાયા,
પથ્થર લેકે અમૃતમેં ડાલા
તોય વજતે નાહી છેદાયા. અબ ૩
ચેત અચેત શું મુંઢ અભાગી
પ્રકતીં પલટનેકા જોગ પાયા,
દેવી શ્રી કલ્યાણી સો સઠ સમજાના
તો આપપણાં ગમાયા. અબ ૪

રાગ એજ, પદ ૨૯ મું.

સદગુરૂ શરણે આયા
અબ તો જન લક્ષ જથારથ પાયા. ટેક
ચાર સાધન ગુરૂ મુખસેં જાની
રૂપ શ્રુતીને સમજાયા,
તાકે લક્ષણુ મોકું સમજાહી
સોહં સ્વરૂપ દરસાયા. અબ ૧
સ્થુલ સુક્ષમ કારણુ જે નાહી
મહા કારણુ રૂપ ન ભાયા,

ઈંદ્રિય અગોચર વસ્તુ જો હે
સો નિજ સ્વરૂપ બતલાયા. અબ ૨
જાગ્રત સ્વપન સુષોપ્તિ તુરીયા
ઇન પર મેં હીં બસાયા,
તુરીયાતીત સ્વરૂપ તીહારો
નિગમાગમ જો ગાયા. અબ ૩
પંચ કોસ વસ્તુ પાર પરખાયા
વેહી શબ્દસેં ન્યારા રાયા,
વૈખરી મધ્ય પશ્યંતી પરાપર
સો રૂપ ગુરૂએ બતાયા. અબ ૪
સ્વેત ન શ્યામ રક્ત પીત નાહી
લક્ષ લક્ષણાસેં લખાયા,
વાચ્ય અર્થ ઉપાધી ત્યાગી કે
ચિદાનંદ એક દ્રટાયા. અબ ૫
નામ રૂપ સબ નાસ હી નિરખ્યા
શુધ્ધ ચૈતન સાક્ષી જનાયા,
અગમ અગોચર આત્મ હી જાની
દેહ દ્રષ્ટી વિસરાયા. અબ ૬

ધ્યાતા ધ્યાનકું ત્યાગ કરી કે
ધ્યેય વસ્તુકું હી ધ્યાયા,
દેવી શ્રી કલ્યાણી સદગુરૂ પ્રસાદે
બ્રહ્માનંદ સુખ પાયા. અબ ૭

પદ ૩૦ મું.

અબ મેરે મનકું દેત હું શીખામણ તાઇ રે,
ભ્રાંતિ છોડ ભરમકી રે. ટેક
તેરે આન અનોપમ
દેહ દીયો હે રઘુરાજ,
જન આપા પન તપાસના
તો મન રખના લાજ રે. ભ્રાંતી ૧
પંચ વિષયમેં મન મોહ્યો
જ્યું ભટકત હે કાગ,
જો નર સુખ ચાહીયે તો
જાગ્રત પદમે જાગ રે. ભ્રાંતી ૨
લીંગ વાસના સેં જીવ
ભ્રમણ કરે ચારે ખાંણ,

જો ઇચ્છા દુઃખ નાશકી
તો વેદ વાક્ય કર પ્રમાણ રે. ભ્રાંતી ૩
જ્યું આખુ અહી ગ્રસત હે
ત્યું તીતરકું બાજ,
કાલ ગ્રસેયું દેહકું
તો ક્ષણમેં હોવેગા અકાજ રે. ભ્રાંતી ૪
આઠોયે પહોર પ્રપંચમેં
વૃથા શું વખત વિતાત,
દેવી શ્રી કલ્યાણી સો નર
જન્મોજન્મ ગોથાં ખાત રે. ભ્રાંતી ૫

રાગ ગોપીચંદનું, પદ ૩૧ મું.

હરિ હરિ કરી લે કીર્તન કિરતારનું
મળ્યું છે આ ઉત્તમ દાવ જી,
સુર રે ઇચ્છે માનુષ્ય દેહને
મુક્તિ મળવાનું દ્વાર જી. ટેક
છળ કપટને છોડી કરી
સત્ય સરલતાને ધાર જી,

કામ ક્રોધાદિક વેરીને
વિવેક ખડગથી માર જી. હરિ ૧
જનની ઉદર ઉર્ધ્વ મસ્તકે
વેઠ્યું રે કષ્ટ અપાર જી,
બાહેર આવીને બુધ્ધી ફરી
ન કર્યો ત.વ વિચાર જી. હરિ ૨
અહાર નિંદ્રા ભય મૈથુન એ
મનુષ્ય પશુમાં સમાન જી,
પ્રથક કરે પય પાણીને
એ હંસ કાર્ય સુજાન જી. હરિ ૩
અંતરજામી ઇશ્વર ઓળખી
જપવો તેનોજ જાપ જી,
ત્રિવિધનાં તાપ તેથી ટળે
પાછું ફરી તપાસ આપ જી. હરિ ૪
દેવી શ્રી કલ્યાણી રટન કરો,
નાથ અનાથનો રામ જી,
સગા ને સંબંધી સ્વાર્થી દામનાં
અંતે આવશે નહિ કામ જી. હરિ ૫

રાગ એજ, પદ ૩૨ મું.

વારી વારી જુવોને વિચારી દિલ આપણું
બાહેર ભટકે શ્યો કામ જી,
બાહેર ખોજે વસ્તુ નહિ મળે
ઘટમાં વસે ઘનશ્યામ જી. ટેક
લક્ષ ચોરાશી ચારે ખાંણમાં
ભમ્યો વારમવાર જી,
દારૂણ કષ્ટ વેઠ્યું ઘણું
આવ્યો તેનો રે નહિ પાર જી. વારી ૧
પામ્યો અમુલ્ય નર દેહ આ
પુર્વ પુન્ય વિચાર જી,
જેમ પરપોટા પાણી તણાં
વિણસતાં લાગે ન બાર જી. વારી ૨
કર્મ ભરમમાં અટકયો ઘણું
લક્ષ રહી ગયું દુર જી,
હ્રદયગ્રંથી છેદન કરી નહિ
શંસે રહી ગયું શરીર જી. વારી ૩
બાજા વૃતિથી જીવાતમા
તીરથ ભટકયો અપાર જી,

અંતરગત ન વૃતિ આવી
સર્વ તિર્થ નિર્થક ભાર જી. વારી ૪
મનોમન સાક્ષી રમી રહેશે
ઘટોઘટ કરે જે ગુંજાર જી,
દેવી શ્રી કલ્યાણી દિલ ધરે
અંતર જપ એક તાર જી. વારી ૫

રાગ ટોડી, પદ ૩૩ મું.

મુમુક્ષુકું એસા કરના સ્યાના
દુષ્ટ સંગ છોડી દેના નાના,
નિજ શીલકી જતન કાના રે. મુમુક્ષુકું ટેક
વિષવેલી વિષ કેરી લારા
અંતરગત કછુ કર વિચારા,
અજ્ઞાન નિશામેં સોનાં નહિ ગમારા રે. મુમુક્ષુકું ૧
ભવ કાનનમેં ભુલા સ્યાના
લોક લોકાંતર ફર્યા અજાના,
મૃગજલ દેખી ન ભુલાના રે. મુમુક્ષુકું ૨
સ્થાવર જંગમ જોની ભમ્યો
ઘોર અંધારેમેંહી રમ્યો,
સંત શરણ મુંઢ તોકું ન ગમ્યો રે. મુમુક્ષુકું ૩

રાત દિવસ હદે મોજારા
કરના વૃતી સો બ્રહ્માકારા,
સુખે તરના દુસ્તર સંસારારે. મુમુક્ષકું ૪
સદગુરૂ મમા માહી પ્રતાપ
દેવ શ્રી કલ્યાણી સોધ્યા આપ,
હારે મેરા મિટયા ત્રિવિધિ તાપરે. મુમુક્ષકું ૫

રાગ એજ પદ ૩૪ મું.

ખોજી લેના તુહી આપહીઆપ,
તેરા ટલેગા ત્રવિધિ તાપ,
હારે જપી લેનાં અજપા જાપરે. ખોજી લે. ટેક.
અબહી કિવાર સ્યાનાસાર
પીછે રખના નહી ગમાર
નહીતો પડેગી જમરાયકી મારરે. ખોજી લે. ૧
ક્ષણ ભંગુર હે સાજ તેરો
મુંઢ મન તું સમજ મેરો
લક્ષ ચોરાસી ફરના નાહી ફેરોરે. ખોજી લે. ૨
સદગુરૂ દીયા તત્વ બોધ,
સો સાંખ્ય યોગે કરનાં શોધ,
સીઘ્ર લીંગ વાસના હોય નિરોધરે. ખોજી લે. ૩

સદ ચીદાનંદ તેરો રૂપ,
પડના નહી યા ભવજલ કૂપ,
અનુભવે મિલેગી વસ્તુ અનુપરે. ખોજી લે. ૪

દેવી શ્રી કલ્યાણી સદ્ય તેરો,
જન્મ મરણ ટળેગો ફેરો,
વેદ વાકયમેં શ્રદ્ધાસેં રખ ઠેરોરે. ખોજી લે. ૫

રાગ સારંગ. પદ ૩૫ મું.

હાંરે ધીક મનુષ્ય દેહ ચિંતામણી
પામી કાજ કાંહી કર્યું નહી,
રે મન મુઢ ગેમાર.
દુખ દરીદ્રતા તારીરે જેમની તેમ રહી. ટેક.

હાંરે ભાઈ ચાર ખાણ ફરવું ચોરાસી,
થાવું જલચર સ્થલચર નભવાસી,
તીયાં દુખ વાણીથી નવ વરણાસીરે. હાંરે ધિક. ૧

હાંરે ભાઈ ધન ધામ સુત દારા પામી,
મોહ મમતા માયામાં ચિત રહ્યું જામી,
નથી થયો આતમ સુખનો અનુગામી રે. હાંરે ધિક. ૨

હાંરે ભાઇ પ્રાકૃત જન સંગતિ અતિ પ્યારી,
સંત સાર શીખામણ લાગે ખારી,
ત્યારે કયાંથી ઉગર્યાની મિલે બારીરે. હાંરે ધિક. ૩

હાંરે ભાઈ સાધુથી કરજે ઓલખાણી,
તારા જન્મ મરણનો દુખ ટાળે જાણી,
દેવ શ્રી કલ્યાણી કહે તરસ્યાને પાણીરે. હાંરે ધિક. ૪

રાગ એજ. પદ ૩૬ મું.

હાંરે વરી વસ્તુ ન્યાર,
માહા પદાર્થ માનખો મલ્યો મોંઘા મૂલથી,
આવો ન મલે દાવ,
આત્મ અનાત્મનું વિવેચન કર તત્વ મથી. ટેક.

હાંરે ભાઈ આ પંચભૂતનો તન મારૂ છે,
એમ માન્યું આશયમાં અંધારૂ છે,
ઇ તો દેહનો દ્રષ્ટા દેહથી ન્યારૂ છે રે. હાંરે. ૧

હાંરે ભાઇ નિજ સ્વરૂપ સંભારી લેને,
અહં બ્રહ્માસ્મી નિરસંશે કહેને,
તારૂં વિપરીત બોલવું મુકી દેનેરે. હાંરે વરી. ૨

હાંરે ભાઈ જીવ દ્રષ્ટીથી જે રહવડે,
શિવને શોધવા મન મુખી આથડે;
મુર્ખતા મેલી શિવ રૂપ તારૂ જડેરે. હાંરે વરી. ૩
હાંરે ભાઇ બ્રહ્મ રૂપ થૈ બ્રહ્મ આરાધે,
તેથી સાધુ સંગે જે પૂરણ પ્રીત બાંધે,
કહે દેવી શ્રી કલ્યાણી સાધે તેવો ઘેરે. હાંરે વરી. ૪

રાગ કનરો. પદ ૩૭ મું.

આસા બિના સુભ કર્મ કરાસા,
જો બિન આસા કર્મ કરતહે,
તાકા પાપ સબહી હોયેંગે નાસા. આસા બિના ટેક.
નિત્ય નિમીત્ય કર્મ સબ કરના,
નિષ્કામી હોય હરિકું અર્પના,
યહ લોક પરલોકકી ઇચ્છા ત્યાગી,
એક અખંડ રૂપમેં વિચરના. આસા. ૧
વિધી નિસેધકાસેં સો દેના છોડી,
નિગમકી મર્યાદાકું ન તોડી,
અહં કરતા સો મતિમેં ન આણી,
ઇશ્વર કરતામેં ચિત દેનાં જોડી. આસા. ૨

સદગુરૂકો કરૂણા જબ હોવે,
મહા પદાર્થ નિજ વસ્તુકું બોવે,
એક અનાવૃત આત્મ સ્વરૂપ લખી,
દ્વૈત ભાવ સબ દિલસેં ખોવે. આસા. ૩
સ્મારત સેવા સબ દેવકી કીજે,
નિહકામી થઈ આધાર અરચીજે,
કહે દેવી શ્રી કલ્યાણી સાર સમજી,
જન રામરસ ઘોળી ઘોળી પીજે. આસા. ૪

રાગ એજ. પદ ૩૮ મું.

સચા સંત સ્યાના કારજ કાઢેગા,
જો બિન સાચ વેસ લીયા ધારી,
તાકું ભવ રોગ અસાધ્ય બાઢેગા. ટેક.
હરિજન હંસ હીરાકું ગ્રહેગા,
હરિ હીરા અમૂલ્યકું પાવેગા,
બગલા બિચારા મછલા ગ્રાહી,
જાકા મેલા મન તન સ્વેત રહેગા. સચા. ૧

આપ કસી પરમાર્થ સોધેગા,
વૃથા વિશ્વકી બાત તજ દેગા,
નિજ સ્વાર્થ સાધે આલસ પ્રમાદી,
વેહી નર અવશ્યમેવ ડુબેગા. સચા. ૨
જો નર કાલકું સમીપ દેખેગા,
એકાકી અંતર ઇસ આરાધેગા,
ચિત કોમલ ગ્રહે જ્ઞાન ગરીબી,
ગરલ ત્યાગી સુધારસ પીયેગા. સચા. ૩
દ્રષ્ટી ગોચરસેં વૃતીકું રોધેગા,
દ્રશ્ય પદારથ નશ્વર જાનેગા,
કહે દેવી શ્રી કલ્યાણી સોહે સચા,
તાકા શરણુ ગ્રહે અઘ નસેગા. સચા. ૪

રાગ ધનાશ્રી. પદ ૩૯ મું.

સાર સીખામણુરે ભાઈ, સુનો સજન મનલાઇ,
બ્રહ્મજ્ઞાન વિના કોઈ જનકો,
શીલ નહી સચવાઇ. હરિ વાવા. ટેક.

જ્ઞાન ભકિતવંત બહુત હયેરે,
શીલસંત જન કોઇ. હરિ વાવા,
શીલ ગયા તિનકા સાધન વૃથા,
કરી કમાઇ ખોઇ. સાર. ૧
શીલ સંચેકી ઇચ્છા હોવેરે,
સંત સેવે નિરધાર. હરિ વાવા,
કામ ક્રોધ છલ અરી બડે હેં,
જ્ઞાન ખડગસે માર. સાર. ૨
શ્રધ્ધાલુકું જ્ઞાન મિલતહે,
હોય જો ઇંદ્રી જીત જન. હરિ વાવા,
જ્ઞાન પ્રાપ્તીસો શાંતિ હોવત,
પાવત સ્થીરતા મન. સાર. ૩
દોષ દ્રષ્ટીસેં વિષય ત્યાગીકે,
શીલ સંતોષી હોઇ. હરિ વાવા,
સો નર યહ સંસારકી ચમેરે,
દુબે નહિ નિશ્ચે સોઇ. સાર. ૪
એ સીખામણ દિલમેં વારે,
સોભવ આવહી નાહી,
દેવી શ્રી કલ્યાણી સિધ્ધાંત ઉત્તમ
લક્ષ ગૃહો દિલ લાહી. સાર. ૫

રાગ એજ. પદ ૪૦ મું.

સો સાધુકે સંગેરે ભાઈ,
વસ્તુ જથારથ જે જાણ,
આલસ ભ્રાંતિ છોડિ દેરે મુરખ,
હોવે ન તેરી હાંણ. હરિ વાવા. ટેક.
જુઠ જગતકા ખેલ રચા હે,
તામેં કયું હોત હેરાન. હરિ વાવા,
આદ અંત સો નશ્વર નિરખી,
મધ્યમેં હે કલપાન. સો સાધુ. ૧
દેહાદિક અજ્ઞાનસેં ભાસત,
અનર્થકા આધાર. હરિ વાવા,
નામ રૂપ સબ નાસ જાનીકે,
અસ્તી ભાતી પ્રિય દિલધાર. સો. ૨
જગ સુખ દો દિનકી રચના હે,
સત્ય માને સો જામ. હરિ વાવા,
ઓસ ઉદક વત હે પરીવાર,
ઉદે ન આવે કામ. સો સાધુ. ૩

આત્મ વિસે જગ હે કલ્પોતરે,
　　જયું જેવરીમેં સાપ. હરિ વાવા,
વિલસ્યો કૈવલ ચૈતન જે એક,
　　સો તું આપહી આપ. સો સાધુ. ૪
દ્વૈત ઉપાધી છોડી દેનારે,
　　વાદ વિવાદ વિહાઇ. હરિ વાવા,
દેવી શ્રી કલ્યાણી સો સમજી,
　　ચિદાનંદ રૂપ દ્રઢાઇ સો સાધુ. ૫

રાગ માડ. પદ ૪૧ મું.

મુમુક્ષુ વારે રે વારે શીલ સંભારે,
　　સીખામણ ધર ધ્યાન. ટેક.
માયા વંચક નાર નઠારી, મોહ્યા જોગી મહાન,
કામ ક્રોધ ને લોભ મોહથી જીને ન બલવાન,
જેથી શુધ્ધ વિચારી કામાદિમારી,
　　સીખામણ ધર ધ્યાન. ૧
ઇન્દ ઇન્દ્રીયો અર્થમાં, નિગ્રહ કરે ગરીયાન,
અંગ સંકોચે કુર્મ એમ, ગીતામાં કહ્યું ભગવાન,
મતી સ્થીરકારી, જાણ દિલ ધારી. સીખામણ. ૨

ચમક દેખી લોહ ચલે, ઇન્દ્રિય વિષય પરાન,
અણુ સંજોગે સ્થીર રહે, એ સંગ કર ત્યાગાન,
વિષયથી વૃતિવારી, નિજ હિતકારી. સીખામણ. ૩

સ્વર્ગ મૃત્યુ પાતાલના, ભોગ કાક વિષ્ઠા સમાન,
વૈરાગ્યથી દોષ દ્રષ્ટિ આણી, ગ્રહો સદગુરૂ નીસાન,
એ સીખામણ સારી, ગ્રહે નરનારી.
સીખામણ ધર. ૪

આશા જેને શીક્ષની તે સેવે સંત સીયાન,
ગુરૂ કરૂણા તે લક્ષ લહે, પામે આતમ જ્ઞાન,
દેવી શ્રી કલ્યાણી, એ સીખ સંભારી.
સીખામણ ધર. ૫

રાગ એજ. પદ ૪૨ મું.

શુધ્ધ વિવેક ધારી વસ્તુ વિચારી,
ધર અંતરમાં ધ્યાન, ટેક.

સચરાચર જલ સ્થલ વિષે, વ્યાપી રહ્યા ભગવાન,
તંતુ વિષે જેમ પટ રહે, ઘટમાં મૃતીકા જાન,
આત્મ પ્રત્યક ન્યારી, સચરાચારી.
ધર અંતરમાં ધ્યાન. ૧

ઘટ મઠ રૂપે રચી રહયો છે, મહદ આકાસાન,
સકલસ્વરૂપે આત્મા એક છે એ વેદ વાકય પ્રમાન,
નાના ભેદ ટાળી અદ્વૈત ધારી. ઘર અંતરમાં. ૨

વણજ વિચારે વસ્તુ વોરી, નિજ રૂપ પહીચાન,
જીવ શિવનું ભેદ તજીને અસીપદ એકતા આન,
ગુરૂ ગમ સુધારી, જન લક્ષ સારી. ઘર અંતરમાં. ૩

ઓહં એક અક્ષર બ્રહ્મ, વાર વાર ઉચરાન,
મમ ગતી પામે એન કયુ, ગીતામા સ્વે કાન,
એ વાકય વિચારી, પોચ ભવ વારી. ઘર અંતરમાં. ૪

લક્ષ અલક્ષ દિલ ધારજે, મુક્તિ પામે મહાન,
આગમ નિગમ વચન હદે ગ્રહણ કરો ગરીયાન,
દેવી શ્રી કલ્યાણી મલી મોક્ષ બારી. ઘર અંતરમાં. ૫

રાગ એજ. પદ ૪૩ મું.

બુધ્ધિ તું તો નિજ રૂપની કરી લે સંભારી,
ભટકમ ભવ મૃગ વારી રે. ટેક.

જનની ઉદર દુઃખ મલમુત્ર કીટ ભારી,
જઠરની સેવી નહી જારી.

માત તાત ભ્રાત સુત સુરદ સ્નેહકારી,
જમ દંડથી નહી ઉગારે રે. ૧

અસત્ય વર્ગ તેમાં મસ્ત રહ્યો ગુમાની,
સમરે નહી રામ સેતાની.
અંધ આસક્તિએ નિજ સુખની કરી હાની,
સઠ મિથ્યા દેહ અભીમાની રે. બુધ્ધિ ૨

વિશ્વ તણી વ્યાધી વિકટ વિકરાલ જાણી,
હરિસેં કર ઓલખાણી.
ત્રિવિધિનાં તાપ તારા તનમાં ન આણી,
ભજ ભગવાન ભય આણી રે. બુધ્ધિ ૩

સદગુરૂ સંત ચરન સરન ત્યાગી,
વિરસ વિષયમાં વૃતી લાગી.
ધિક મુંઢ મોહ નીંદ્રાથી નહી જોયું જાગી,
અવસર જાય છે અભાગી રે. બુધ્ધિ ૪

દ્રશ્ય પદારથ સર્વ બાજીગરની બાજી,
તેને તું જોઇ થયો શું રાજી.
દેવીશ્રી કલ્યાણી મન સમજાવી લે પાજી,
નેતી નેતી નિગમજે ગાજી રે. બુધ્ધિ ૫

રાગ એજ. પદ ૪૪ મું.

મન મૂર્ખ તુંને કેટલુંક હું સમજાહી,
 મેલી દેને જે મોહ શોકાઈ રે. ટેક.

પિતુ માતુ વચનેં રામ વન રે સિધાહી,
 અયોધ્યાનાં લોક વિલખાહી.
રામ સ્વરૂપ વામદેવે સમજ દ્રઢાહી,
 લખી હૃદય રૂપ શોક સમાહી રે. મન. ૧

અહં મમતાથી કૌંતેય કુટંબમાં લોભાહી,
 જ્ઞાન ગોષ્ટી કૃષ્ણ સમજાહી.
દેહાદી પદાર્થ સર્વ આવે નેં વિણસાહી,
 ચૈતન અવિનાશી જણાહી રે. મન. ૨

ઘટ મઠ રૂપે સર્વમાં વ્યોમ વરતાહી,
 ઉપજે વિણસે ઘટ સરાહી,
સ્થાવર જંગમ નાના જીવ જગ જેઠાઇ,
 આવે જાય દેહ આત્મ સ્થાઇ રે. મન. ૩

અનાત્મ વસ્તુ સર્વમાં રહે મ લલચાઈ,
 નાશવંત સઠ જાસે વિલાઈ,

જ્ટીત જાગ ગુરૂગમ અભય પદ દાઇ,
આવાગમણ્ આંટો ટરાઇ રે. મન. ૪
દ્રષ્ટી ગોચર દ્રષ્યવર્ગથી વૃતિ રોધાઈ,
ઉત્તમ અજર અમર પદ પાઇ,
પલટે ચિત્વનથી કીટ ભ્રંગીની ન્યાઇ,
દેવી શ્રી કલ્યાણી ગાઈ રે. મન. ૫

રાગ. પદ ૪૫ મું.

બ્રહ્મ વિદ સદગુરૂકા શરણ્ ગ્રહોરે,
ભરમ ભ્રાંતી તજી એક અદ્વૈત લહો રે. ટેક.
સાધન સાર વિચાર વિન્યાજના,
સો મોક્ષ અધિકાર નાહિ મિલના રે. બ્રહ્મ. ૧
મોક્ષ વિના જન દુખ ભોગવનાં,
સો વિશ્વકી વેદનાં નાહિ ટલના રે બ્રહ્મ. ૨
વેદ વાકયસેં ભેદ પરિહરના,
બ્રહ્મ રૂપ હોઇ બ્રહ્મ આરાધના રે. બ્રહ્મ. ૩
દેહ દ્રષ્ટીસેં જીવ હોઇ રડના,
શિવ સોધનેકું બ્હાર ભટકના રે બ્રહ્મ. ૪
હિયા ખોલ દિલ વિષે નિરખના,
દેવી શ્રી કલ્યાણી સો દિલ ધરના. બ્રહ્મ. ૫.

રાગ એજ   પદ ૪૬ મું.

રામ નામથી સબ ઉપાસના કરના જનો.
ત્રિવિધિ તાપ દુખ ભવ ભય હરનો રે. રામનામ. ટેક.

રામ નામ બિના સો રસના કેસી,
મેઢક મહીષ કીજે જીભ્યા જેસી રે. રામ. ૧

માત તાત કુલ ભ્રાત ઓ ભગિની,
સો સબ સાથ સ્વાર્થકા સમજની રે. રામ. ૨

નિર્ગુણ રામ નિરંતર વ્યાપક,
તાકા સુમરન કરૈ હોઈ ઉપાસ કરે. રામ. ૩

અન્ય ઉપાસના દુર તજી જે,
નિર્ગુણ નાથકા જાપ જપી જે રે. રામ. ૪

દેવી શ્રી કલ્યાણી ઠોર કરી ચીન,
તાતે નિરખો લેના એક અદ્વૈત રૈ. રામ. ૫

રાગ પ્રજ. પદ ૪૭ મું.

હાંરે મન તું ધારણુ કરી લેને ધીર,
થાવાનું હોય તેમ થાસે રે,
તેમાં કરીશ તું અનેક ઉપાય,
વધશે નહી ઘટાશે રે. ટેક.

હાંરે પ્રાલબ્ધ કર્મ તણું જે વેગ,
હર બ્રહ્માથી નવ નાસે રે,
કરે પ્રયત્ન અનેક પ્રકાર,
ટાલ્યું નહી ટલાસે રે. હાંરે મન તું. ૧

હાંરે રાજા હરિશ્ચંદ્ર ને નલ રામ,
જુધીષ્ઠર જેવા રે,
તે પણ ભાવી વસ થયા ભૂપ,
બીજાના હાલ કેવારે. હાંરે. ૨

હાંરે અંતર કરે છે અતિ ઉદ્વેગ,
તેથી કાંઈ નવ થાશેરે,
નશ્વર પદારથ અનૃત જેમ,
ઉદક ઓસ ભાસેરે. હાંરે ૩

હાંરે દેવ દુર્લભ આ નર દેહ,
તેમાં જો હરિહીં જપાશે રે.
તેનો ધન્ય ગણાય અવતાર,
સંસાર પાર થાશે રે. હાંરે મન. ૪

હાંરે કાયા માયા કેરી જે આસ,
દિલથી દૂર જાશેરે.

એમ કહે દેવી શ્રી કલ્યાણી
ત્યારે પ્રભુ પદ પમાશે રે. હાંરે મન. ૫

રાગ એજ પદ ૪૮ મું.

હાંરે આ જગ સુખ છે દિન ચાર
શું કામ ઉદ્વેગ કરવું રે.
નાશ થાતાં ન લાગે વાર
સ્વપ્ના સમ મન ધરવું રે. ટેક.

હાંરે સત્ય વસ્તુની રે સંભાલ
સદા કાલ તું કરજે રે,
જન્મ મરણ કેરી જંજાલ
હીંમત રાખી હરજે રે. હાંરે આ. ૧

હાંરે નર દેહ દીધું કિરતાર
શુદ્ધ વસ્તુ સંભ્રરજે રે,
વિવેક વૈરાગ્ય સાધન ચાર
સંપાદન કરજે રે. હાંરે આ. ૨

હાંરે બાંધ તત્વ મસી તરવાર
કામ ક્રોધ અરી સંહરજે રે,

તો તું સુખે તરીશ સંસાર,
વેદ વાકય કાન ધરજે રે. હાંરે. ૩

હાંરે તું સમજ સિખામણ સાર,
પરીબ્રહ્મને સુમરજેરે,

કહે દેવી શ્રી કલ્યાણી આધાર,
કાયર થૈ મડરજે રે. હાંરે ૪

રાગ પિરજ. પદ ૪૯ મું.

ભેદ વાદી નર ભવ માહી ભટકેરે,
અપને અપને પક્ષકું તાણીરે,

લક્ષ ન જાને વાદ વિવાદ હીકાને,
બહુધા વદે મતવાદી વાણીરે. ટેક.

ભેદવાદી ગુરૂ ભરવાડ સરખા,
અનાત્મ સંસ્કાર દીયા ડારીરે,

નિજ સ્વરૂપતા સંગ જીવ ભૂલ્યો,
આ પાપણું ભુલ ગ્યો સો હારીરે. ભેદ. ૧

પંથ પસારે જીવ ભેદ ભરમાતે,
દેખી નહી ઉગરેકી બારીરે,

આપ ડુબે સઠ ઓરકુ ડુબાવે,
નહી ઉતારે ભવજલ પારીરે. ભેદ. ૨

આસક્તિ એ અંધ એસા જ્ઞાન હીનજે,
સ્વ વિશ્રામ ગુરૂ નહી પામ્યારી,

સ્વ વિશ્રામ ન શાંતિ ઓરકું,
કેસે આણી વિવેક કરતું વિચારીરે. ભેદ. ૩

એક બ્રહ્મ જાની સબ ભેદ નિવારે,
તા સંતનકી જે બલીહારીરે,

ભેદ મિટાયા પરમ સુખ પાયા,
ઉનકા શરણ સુખ કારીરે. ભેદ. ૪

મન કલ્પીત સબ મત મતાંતર,
પક્ષપાત માર્ગકું દેના ટાળીરે,

સમદર્શી સંત વંદના જોગ્ય,
દેવી શ્રી કલ્યાણી ઈંયું ઉચ્ચારીરે. ભેદ. ૫

રાગ એજ. પદ ૫૦ મું.

દુરગુની નર જે હોત ગુરૂદ્રોહીરે,
નરકે પડે સો નિશ્ચેકારીરે,

સદ માર્ગકી જીન સીમા બતાયા તાકું,
તુચ્છ કીયા ધિક નર નારીરે, ટેક.
મયુર પિંછીયુંકું પરીહર તેરે તબ,
ચંદ્રીકા ઇયું જે ઉચારીરે,
રે નીલકંઠ તેરી સોભા ઘટેગી,
અપને મુગટમેં શ્રી કૃષ્ણ ધારીરે. દુર. ૧
સદ અક્ષરકા દાતા સદગુરૂરે,
તાકી વંદનારા સમજે ટારીરે,
અનેક જન્મ સ્વાન યોની પાવેંગે,
યુની ચાંડાલ ગૃહ અવતારીરે. દુર. ૨
ગુરૂદ્રોહી કૃતઘ્ની સો સમજનારે,
વાકા મુખ દેખે પાતક ભારીરે,
નિર્પેક્ષી સાધુકી ન આસરે નાહી,
સો અપના ધર્મ જાયેંગે હારીરે. દુર. ૩
સદગુરૂ સંતકી જો નિંદા કરતેરે,
તિન મુખ ધુર ડાલ બાજારીરે,
કામી કપટીઓકુ તરક કર્તા જો,
તાકા સંગ તજ વારમવારીરે. દુર. ૪.

તિન સંતનકી હાની ન વૃદ્ધિરે,
ભલે દેત વિપર્જય ધારીરે,
વારંવાર વિનવું સબ જનકું,
વેદ શાસ્ત્ર સનંદ લીજે પારીરે. દુર. ૫
સબ સંતનકું નમન કરીકેરે,
દ્વૈત ભાવ દિલમેં ન આણીરે.
મેરે મન માના ગુરૂ મમા માહી,
ઇયું કહેતે દેવી શ્રી કલ્યાણીરે. દુર. ૬

રાગ એજ. પદ ૫૧ મું.

બ્રહ્મવેતા સદગુરૂ પાદ સેવનારે,
કામ ક્રોધ છલ મદ દે છોડી રે.
આલસ ભ્રાંતિ તજી સતસંગ કીજે,
સમાદી સાધન દ્રઢ ગ્રહોરી રે ટેક.
ચાહ કરી ચૈતન વસ્તુ નિરખી રે,
દ્વૈત ભાવકું દિલસેં તજોરી રે.
એક અખંડ આત્મા સ્વરૂપ ઓલખી,
નાના ભેદ ભ્રાંતિ ચિતસેં ન સોરી રે. ૧.

વિષય ભોગ વિષ સમ જાની લેના રે,
ફેર ઇચ્છા કભી નહી કરોરી રે.
ગુરૂકી પ્રેમ હ્રદયમેં આવે તબહી,
જબ અપના મન મલધોરી રે. બ્રહ્મ. ૨
નર તન જન્મ સફલ કરી લેના રે,
ગુરૂ મુખ વાકય ચિત પ્રોરી રે.
જ્ઞાન ગ્રહી અજ્ઞાન દુર નિવારી,
વેહી કટી કાલ જાલકી દોરી રે. બ્રહ્મ. ૩
અનુભવી જલસેં સ્નાન કરીજે રે,
બ્રહ્મ રસાયન પીયો સો ઘોરી રે.
અહોનિશી તત્વ મસી ગાયન કીજેં,
પામી પદ ધન્ય ધન્ય થવોરી. બ્રહ્મ. ૪
ભય મિટયા કટી જે જન્માદી જારી રે,
સો જન નિજ ધામ પોચ્યોરી રે.
જિન ધામમેં દુઃખ લેશ ન હોવે,
દેવી શ્રી કલ્યાણી સો સુખ ખરોરી રે. બ્રહ્મ. ૫

રાગ એજ. રાસ. પદ પર મું.

ઓધવ મારી અરજી રે હો કીજે,
શ્યામ સુંદર ને સંદેશો દીજે. ટેક.

અવગુણ મારા છે બહુ ભારી,
ભવસાગરથી લેજો તારી. ઓધવ. ૧

અમોને ભરોસો શ્રી હરિજી તમારો,
તમ વિન્યા અવર ધણી નહી ધારૂં. ઓધવ. ૨

સેના ભક્તનો સંશયરે ટાળ્યો,
નાવી રૂપ શ્રી હરિ તમે ધાર્યું. ઓધવ ૩

નામા ભકતની હો છાપરી છાઇ,
સ્વાન સ્વરૂપે વાલા રોટી ખાઇ. ઓધવ. ૪

ગજની સાભલી રેહો ચીસ,
ત્યાં તમે ધાઇ ગયા જગદીશ. ઓધવ. ૫

ભાંગી તમેં પંચાલીની હો ભીડ,
નવસો ને નવાણું પૂર્યાં ચીર. ઓધવ. ૬

પાંચ વરસનો ધ્રુવજી બાલ,
તેની પ્રભુ વનમાં લીધી સંભાલ ઓધવ. ૭

ધર્યો પ્રહલાદ કાજ નરસિંહ રૂપ,
નખથી માર્યો હિરણાક્ષ ભૂપ. ઓધવ. ૮

મચ્છ રૂપ ધારણ કર્યો હે મુરાર,
દૈત્ય સંખાસુરનો કીધો સંહાર. ઓધવ. ૯

કચ્છ રૂપ ધારીને સાગર મુઝાર,
ચૌદ રતન મથીને કાઢયા બાર. ઓધવ. ૧૦

તાર્યો કુટુંબ સહીત મચ્છીઆર,
ફરી નહી પામ્યો જન્મ સંસાર. ઓધવ. ૧૧

સુદામાની દારીદ્રતા રેહો કાપી,
મુષ્ટી તાંદુલે નવ નિધી આપી. ઓધવ. ૧૨

અજામેલ ગજ ગણીકા રેહો તારી,
સરણાગતના છો ત્રાતા ભારી. ઓધવ. ૧૩

અનેક ભકતોનાં કારજ કરેયા,
વિપત્તિ કાલે સંકટો હરેયા. ઓધવ. ૧૪

દેવી શ્રી કલ્યાણીની છેરે અરજી,
શ્રવણ ધરીનં સાંભલો હરજી. ઓધવ. ૧૫

રાગ સમયાનુસાર. પદ ૫૩ મું.

દેખી વિચારી કીજે સંગ,
સંતો દેખી વિચારી કીજે સંગરે.

અનગલ ઉદક પીનતેં હોવત,
જલંદર લાગે ન ભંગ રે. ટેક.
નીચ કદીહી નવ છેડીયે સંતો,
નહી કીજે નીચકો સંગ રે.
પથર જાઇ કીચમેં ડાલો તો,
ઉછરી બિગારત અંગ રે. દેખી. ૧
વેદ વિમુખકી સંગત કરતે,
પડે ભજનમેં ભંગ રે.
આશય હોત મલી નહી તિનકે,
કુકર્મ દસેહી ભુજંગ રે. દેખી. ૨
પ્રાકૃત પામર પશુ સમાન સો,
ઉદર ભરે ઉછરંગ રે.
સંત સદા ઉપદેશ પ્રબોધેતો,
લાગે વૃશ્ચીકકો દંગ રે. દેખી. ૩.
જો અધિકારી સંગ મિલહીતો,
અંતર હોત ઉમંગરે,
દેવી શ્રી કલ્યાણી પાત્ર મિલતતો,
નાયે સતસંગ ગંગ રે. દેખી. ૪

રાગ એજ. પદ ૫૪ મું.

ઇશ્વર ઉપાસના કીજે,
સંતો ઇશ્વર ઉપાસના કીજે રે.
વારવાર મેં વિનવું દયાનિધી,
સજનકી સંગતિ દીજે રે. ટેક.
જિન સંગમેં દુઃખ લેશ ન હોવે,
સદા આનંદી રહીજે રે.
અરસપરસસેં તત્વ તપાસી,
લક્ષ યથારથ લીજે રે. ઇશ્વર. ૧
ભેદુ મિલે તો એક ચિત કરીકે,
બ્રહ્મ રસાયન પીજે રે,
અનુભવ કબી ક્ષોભ ન ઉપજે,
નિજ સુખ ભાસ પડીજે રે. ઈશ્વર. ૨
જ્ઞાનીકું કદી જ્ઞાની મિલત નહી,
અચરજ બાત કહીજે રે.
ગોવિંદકી ગતિ ગોવિંદ જાનત,
એ આશ્ચર્ય ગનીજે રે. ઈશ્વર. ૩
દીન દયાલુ જન પ્રતિપાલુ,
વિનતિ શ્રવન સુનીજે રે.

દેવી શ્રી કલ્યંણી ઇચ્છું જાચે પ્રભુ,
સજન સંગ હરિ દીજે રે. ઇશ્વર. ૪

રાગ એજ પદ ૫૫ મું.

મુરખ મનવા રે દેહકા છોડિ દે ગુમાન,
ખાલી કયું કરત તોફાન. ટેક.

હાડ ચામકા પિંજરા રચ્યા હે,
અનર્થકા હે આધારન. મુરખ. ૧

દેહ જડ દુઃખ રુપ નિરંતર,
તામેં મસ્ત રહ્યા બેભાન. મુરખ. ૨

દેહ ગેહ પશુ પરિવાર સબ,
હોવેંગે ફનાકે મકાન. મુરખ. ૩

નશ્વર પદારથ એજ ગજાની,
સત્ય સ્વરૂપ પહિચાન. મુરખ. ૪

દેવી શ્રી કલ્યાણી અહંતાકુ ત્યાગી,
ગુરૂ મુખે ગ્રહે આત્મજ્ઞાન. મુરખ. ૫

રાગ એજ. પદ ૫૬ મું.

સજન સાંયાનારે વેદ વાકય કરકાન,
ચીન ચિદાનંદ આતમમરામ. ટેક.

પંચ કોષ તનજો તિનર ચાહે,
તાકા સાક્ષી સુદ્ધ પહીચાન સજન ૧
અનમય કોષ પ્રગટ પિછાનો,
સ્થુલ શારીર દુખ ખાન. સજન. ૨
તીન કોષ સુક્ષમ સરીર માંહી,
પ્રાણ મનોમય વિજ્ઞાન. સજન. ૩
આનંદમય કારણ તન હોઇ,
ભોત્તિક પદાર્થ નિદાન. સજન. ૪
જાગ્રત સ્વપન સુસોપતિ માહી,
સો અનુષ્યુત વસ્તુ સમાન. સજન. ૫
તત્વમસી સો મહા વાકય તપાસી,
ભેદ ભર્મ તજ સિયાન. સજન. ૬
સદચિદ આનંદ રૂપહી તેગ,
દેવી શ્રી કલ્યાણી પિછાન. સજન. ૭

રાગ ધીરાનાં પદ અનુસાર. પદ ૫૭ મું.

જીવ તું તો ભૂલો રે નિજ લાભ લેવા તણું રે.
સંત સમજાવે રે તે તો રીપુ લાગે ઘણું રે. ટેક.

ભુંડી ભામની ભરથારને, જુવે ને આવે જેર.
તસ્કરનો અરી ચંદ્રમા,
લોભીનેં જાચક સાથે વેર રે.
મુરખનેં સમજાવે રે,
વીસમુ તેને લાગે ઘણું રે. જીવ. ૧
પયપાન અહીને પાયુ રે,
અધિક વધ્યું વિષ અંગ.
મરકટને ઉપદેશ કરીયું,
ગ્રહ શ્રંગલીનું કીધું ભંગ રે.
દુર્મતીલા પ્રબોધે રે,
બોધ નવ લાગે અણુ રે. જીવ. ૨
અંતરજામી ઈશ્વરનું,
તું નામ ભુલો રે અજાણ.
વય ખોઈ વ્યર્થ વિષયમાં,
તું ભટકીશ ચારોય ખાણ રે.
બુદ્ધિ વિનાના રે,
મૂર્ખતા તારી શું વરણું રે. જીવ. ૩
મુરખતાને મેલી દેજે રે,
તો થાશે તારૂં કલ્યાણ.

સંત સમાગમ નિશદિન કરજે,
ઉતરીશ સુખે ભવ પાર રે.
દેવી શ્રી કલ્યાણી કહે,
વિશેષ તુંને શું રે ભણું રે. જીવ. ૪

રાગ એજ. પદ ૫૮ મું.

સદગુરૂ વાકયે રે, શ્રધ્ધા ધરે ખરાખરી રે.
બ્રહ્મ પદ પામી રે,
ભ્રાંતી ગઈ જ્ઞાને ધરી રે. સદગુરુ. ટેક.
સદ ચિદ આનંદ આતમા,
ઈ છે ચરાચર માહી.
વ્યાપક પિંડ બ્રહ્માંડમાં,
જલ સ્થલમાં રહ્યા સમાહી રે.
ખંડ કયાં નહી ખાલી રે,
જો તું અનુભવ કરી રે. સદગુરૂ. ૧
પંચકોષ પાર પરિબ્રહ્મ,
ત્રગુણાતીત જે જાણ.
નિગમાગમ નિજ રૂપ ગાયું
પ્રકર્તીથી પાર પરમાણે રે.

નિજ રૂપ જોઈ રે,
સહેજે ચિત રહેશે ઠરી રે. સદગુરૂ. ૨
કારજ કારણ સેં મલ્યું,
સરીતા સિંધુ સમાઇ.
ઉલટ ફરીને તું આપ તપાસી,
આપાપણું દીયોજે ગમાઇ રે.
વિવેકહી વિચારે રે,
જીવ ભાવ ગયો ટળી રે. સદગુરૂ. ૩
જાગ્રત સ્વપ્ન સુષોપ્તી તુરીયા,
રહીત અવસ્થા ચાર.
તે નિજરૂપ અખંડ અનાવૃત,
દેવી શ્રી કલ્યાણી દિલ ધાર રે.
ગુરૂગમનેં પેખી રે,
લક્ષસો હૃદે ધરી રે. સદગુરૂ. ૪

પદ ૫૯ મું.

॥ સરકાર રજા દીજીયેં એ રાહ ॥

રે જીવ તું કર વિચાર તત્વ રે તણું.
નિજ સ્વરૂપ જાણવામાં,
શ્રમ નહી ઘણું, રે જીવ. ટેક.

બ્રહ્મનિષ્ટી સદગુરૂનેં શરણ રે જઇ,
પાણિ જોડી પ્રશ્ન કરવું દીન રે થઈ; રે જીવ. ૧
ચાર સાધન ગુરૂ મુખથી જાણી રે કરી,
શ્રુતિ વાક્ય નિશ્ચે કરી દિલ વિષે ધરી; રે જીવ. ૨
સદગુરૂ ઉપદેશ સાર સમજી રે લીધું,
અખંડ બ્રહ્માનંદ રસ તેણે પાન રે કીધું; રે જીવ ૩
આત્મ લક્ષ જાણી દેહ ગેહ મોહ ત્યાગવું,
વિષય ભોગ વિષવત્ જાણી દૂર ભાગવું. રે જીવ. ૪
પંચ કોષ પર વસ્તુ શબ્દથી પરે,
ત્રઇગુણાતીત એમ જે નિગમ ઓચરે. રે જીવ. ૫
સ્થુલ સુક્ષ્મ કારણ ત્રણ જે દેહનેં જાણું,
જાગ્રત સ્વપ્ન સુષોપ્તી તેનેં હું પરમાણું. રે જીવ. ૬
શ્રવણ મનન ધ્યાન મહા વાક્ય રે તણું,
સુખ દુઃખ ને જીવપણું રહ્યા નહી અણું. રે જીવ. ૭
તત્પદ ત્વંપદ વાચ્ય અર્થ ત્યાગી રે કરી,
લક્ષ હવે સચ્ચિદાનંદમાં લાગી રે ખરી. રે જીવ. ૮
નિજ તત્વ રહ્યું બાવનથી જે બાર રે બેની,
ધ્યાન તેનું જોગેશ્વર નિત્ય ધરે રે મુની. રે જીવ. ૯

તતપદ ત્વંપદ જુગલનું લય રે કીધું,
દેવીશ્રી કલ્યાણીસ સંધીરસ અમૃત પીધું. રે જીવ. ૧૦

રાગ કાચબા કાચબીનો. પદ ૬૦ મું.

કરો સતસંગ સદા બેની રે,
સાચે મનેં લાગણી તેની. ટેક.

અનેક જન્મ પુન્ય કરવાથી,
પામ્યો માનવ અવતાર,
જે દિન જાએ તે ફરી ન આવે,
જીવન જાત ગમાર. કરો. ૧

બાલપણું સહુ ખેલમાં ખોયું,
આવી જુવા અવસ્થા સાર,
સર્વ પુરૂષાર્થ એ થકી થાયે,
આગલ જરા દુખ દેનાર. કરો. ૨.

પેલું કર શુભ કર્મ સનાતન,
નિત્ય નિમીત વૃતવાર,
જે થકી શુદ્ધ હૃદય પ્રકાસે
નાસે કલીમલ આધાર. કરો. ૩

સદા ઇશ્વર ઉપાસના કરજે,
પ્રતિ દિન પ્રેમ વધાર;
સુમરન ધ્યાન સદા પદ સેવન,
હેને હરિ ગુણ સંભાર. કરો. ૪
વિવેક વૈરાગ્ય ને ષટ સંપતિ,
મોક્ષેચ્છા સાધન ચાર;
નિરમલ ચિતેં શ્રી સદગુરૂનું,
શરણ ગ્રહે સુખકાર. કરો. ૫
ગુરૂ મુખેં સાર સિધ્ધાતને સમજી,
વાદ વિવાદનેં ટાળ;
દ્વૈત ઉપાધી મનથી ટાળી,
એક ચૈતન વસ્તુ નિહાળ. કરો. ૫
શ્રવન મનન નિધ્યાસન કરીને,
અનુભવ અવિચલ ધાર;
દેવીશ્રી કલ્યાણી નિજ કાજ કરી,
સંભવજે બીજ બાર. કરો. ૭

રાગ સંદેશાનો. પદ ૬૧ મું.

સાંભલને સજની સીખામણ કહું સમજની,
સેવો જન સદગુરૂને રે શ્રી ભગવાનજો,

નિષ્કામી મતિ નિરમલ રાખો નેમની,
તજી પ્રમાદને પ્રાકૃત જનનો રે સંગ જો. ટેક.

સખી કુલ કુટંબ વાલા વંચકનો સાથ છે,
સ્નેહ લગાડી સઉ સ્વારથની કરે વાતજો,
મન ઇચ્છીત સ્વારથજો કાંઇ ઓછું સરે,
તો અણઘટતા કરે અનત ઉતપાતજો. સાંભલ. ૧

સખી સાચી પ્રીતી છે રે હરિજન સંતની,
કરૂણાં કરી ભવ ઉતારે જે પાર જો,
ગુરૂ સમાન કોઈ મિત્ર નહી ત્રઇ લોકમાં,
કર ગ્રહી ભવ ઉગારે નિરધાર જો. સાંભલ. ૨

સખો ધન વૈભવની કોય મકરજો આસ જે,
ઉદ્યમ દુઃખ પાલન ભય અંતે નાસ્જો,
અગણીત અનર્થ કરેથી ભેલું થાયજે,
ઉપજે જે થકી નાના વિકાર વિકાસજો. સાંભલ. ૩

સખી ગૃહના દુઃખ જાણે રે ગૃહસ્થી જનજે,
નિસવાસર રહે ચિંતાને રે ભય શોકજો,
પંચ ભુતનો દેહ છે રે કર્મ આધીન જે,
વિચાર કરી મન મુકી દે ઉદ્વેગ જો. સાંભલ. ૪

સખી પ્રવર્તીમાં દુઃખનો અંત આવે નહીં,
સમ્યક જોતાં સુખ ન જગમાં લગારજો,
સૌના શિરપર સરખી કાલની ચોટ છે,
માઇક પદારથ સર્વે ખોટો ખેલ જો. સાંભલ. ૫

સખી આ નર દેહ અનોપમ મોક્ષનો દ્વાર* છે,
સર્વ સૃષ્ટિનો જે શ્રંગાર ગણાયજો,
સુર નર દેહ પામવાને રે ઇચ્છે ઘણું,
આત્મ અનુભવ જેથી રે એમાં થાય જો. સાંભલ. ૬

સખી આ અવસર સમજેથી મારગ સુગમ છે,
આગલ વિકટ અંધારી રાત સમાનજો,
વચમાં રહેવાનું નથી ઠામ વિશ્રામનું,
ભવ કાનનમાં† ભૂલો પડયો અજાનજો. સાંભલ. ૭

સખી માયા ઘોર રજનીમાં રોવે રડવડે,
પાપ કર્મે દુખ ભોગે અપાર સોયજો,
નર દેહ મુમુક્ષુતા સતસંગ કયાં જડે,
દેવી શ્રી કલ્યાણી પ્રભુ પ્રસાદે‡ હોયજો. સાંભલ. ૮

---

* દ્વાર એટલે બારણું. † સંસારરૂપી વન. ‡ કૃપાથી.

રાગ બનજારા. પદ ૬૨ મું.

તું કાયર મત હો કામી,
સાહેબ અદલ ઇનસાબી; ટેક.

સનમુખ પેદલ ભરતે, કછુ ન અવગુણ ધરતે,
માલીક કૃપાલુ બહૂનામી. તું કાયર. ૧

જનમાંતર દોષ અનેક, શુભ સાધનકી ધરી ટેક.
તાતેં પ્રશ્ન હોવે અંતરજામી. તું કાયર. ૨

દુષ્કૃતી હરિ શરણે આતે,
જન અનન્ય ભાવસેં ધ્યાતે,
તાકા અવગુણ દીયા વામી, તું કાયર. ૩

અજામેલ બહૂ અઘ કર્તા,
ગજ ગનીકા નીચ આચર્તા,
સો ગયે પરમ પદ પામી. તું કાયરં. ૪

અહર્નિશ ઇશ્વર ઉપાસે,
નહી હોવેંગે જમકે ત્રાસે,
દેવી શ્રી કલ્યાણી સુખ ધામી. તું કાયર. ૫

રાગ એજ. પદ ૬૩ મું.

છોડ મુંઢમતી મુરખાઈ
નર દેહ ઉત્તમ પદ પાઇ, ટેક.

જબ નીચકી સંગત કરતે,
દુસીત બાત દિલ ધરતે,
તાતેં નર્ક દુઃખ ભોગવાઈ. છોડ મુઢ. ૧

કુડ કપડ કરી દેહ પોખા,
તાપેં જન્માદી જાલમ જોખા,
રખના સાહેબસેં સચ્ચાઇ. છોડ મુઢ. ૨

જગ રચના ખોટા ખેલા,
જીવરીમેં સર્પ કલ્પેલા,
નિગમ નેતી નેતી કરી ગાઇ. છોડ મુંઢ. ૩

શ્રુતી સ્મૃતી દિલ ધરનારા,
સો પોચેંગે ભવ પારા,
દેવી શ્રી કલ્યાણી સુખ પાઇ. છોડ મુંઢ. ૪

રાગ એજ. પદ ૬૪ મું.

જીવ તું ચેતી લેનેં ટાંણે,
ગયા વખત મિલે નહી નાણે. ટેક.

જટપટ રટ અંતર જામી,
નિર્લેપ નિર્ગુણ બહુ નામી,
ક્ષુધાર્થી મત રહે ભરે ભાણે. જીવ તું. ૧

સમ દમાદી સાધન સાધી,
તીવ્ર વૈરાગ્ય ખડગ બાંધી,
કામ ક્રોધ વેરી માર બાણે. જીવ તું. ૨

ચેતી લેના મુંઢ અભાગી,
સોહં સ્વરૂપ નિરખ જાગી,
સો શ્રુતી સ્મૃતી વાકય પ્રમાણે, જીવ તું. ૩

વિષ્ણુ વ્યાપક હે વિશ્વ માંહી,
જાતેં ખંડ ખાલી કોહુ નાહી,
કાહેકું પડે અવલે થાણે. જીવ તું. ૪

કર સદગુરૂકી સેવ કાંઇ,
દેવી શ્રી કલ્યાણી દ્રઢ ચાહી,
તાતેં મોક્ષ મિલેંગે સિયાણે. જીવ તું. ૫

રાગ એજ પદ

મન વેદ કરત પુકારા, વેડી જગ બ્રહ્મ હે સારા. ટેક

પાપકર્મ પ્રૌઢ પહાડ જાની,
તું શુભ કર્મ કર નિષ્કામી,
શુધ્ધ અંતઃકરણ કરનારા. મન વેદ. ૧

હરિ અર્થે કર્મ કર જાગી,
તાકે ફલ ઇચ્છાકું ત્યાગી,
તાતેં કારજ હોયેગા તુમારા. મન વેદ. ૨

તું છોડિ દે જગ સુખ આસી,
બ્રહ્મ જીજ્ઞાસા રખના પ્યાસી,
જાતેં સુખે તરેગા સંસારા. મન વેદ. ૩

કરો સદગુરૂસેં મિત્રાઇ,
જાતેં લક્ષ જથારથ પાઇ,
જાન જુઠ જગતકા લારા. મન વેદ. ૪

તું શુધ્ધ સ્વરૂપ જબ પાહી,
તેરા જન્મ મરણ મિટ જાઇ,
યું દેવી શ્રી કલ્યાણી ઉચ્ચારા. મન વેદ. ૫

રાગ એજ. પદ.

એક નિજ આતમ રૂપ ન્યારી,
કાકું દુઃખ ન દેહુ ગમારી. ટેક.

ઘટોઘટ પૂરણ હે રામ,
નાના ભાવ છોડિ દેના જામ,
દ્વૈત દ્રષ્ટી મનસેં ટારી. એક નિજ. ૧

વિષમ બાત ચિતસેં છોડના
સતસંગ વિસે મન જોડના,
વિરસ વિષયસેં વૃતી વારી. એક નિજ. ૨

ષટ ઉર્મી કે સ્વાદ જે ત્યાગી,
નિજ સ્વરૂપમેં વૃતી લાગી,
સો સદ્ય તરેંગે સંસારી. એક નિજ. ૩

સદગુરૂકે અનુગ્રહ હોવે,
દ્વૈત ભાવ દિલસેં ખોવે,
એક અખંડ રૂપ વિચારી. એક નિજ. ૪

સીલ સંતોષ સમતા ચિત,
અરી મિત્ર ભાવન વિપરીત,
દેવી શ્રી કલ્યાણી રખ ધારી. એક નિજ. ૫

રાગ એજ. પદ ૬૭ મું.

જન અખીલ લોકકે વાસી,
તુમ તત્વકો લેહુ તપાસી. ટેક.

સાવધાન હોઈ મનકું સાધી,
અહોનિસ ઇશ્વર આરાધી,
જાન જુઠ જગતકી ફાંસી. જન અખીલ. ૧.

દુર્ગુનીકા સંગ તજનાં.
સુભ ગુને કરી સાર સોધના,
સબ છોડિ દે માયાકી આસી. જન અખીલ. ૨

કર્મ ભર્મ મેં તુમ ભમતે,
સંત ચરણકું નહી નમતે,
ભટકેગા લક્ષ ચોરાસી. જન અખીલ. ૩

ચેત ચેત નર મુંઢ અભાગી,
નર્મ ભાવે ધર્મપર જાગી,
તાતે મિલે પદ અવિનાસી. જન અખીલ. ૪

વિશ્વકી વેદના દેના તજી,
દેવી શ્રી કલ્યાણી બ્રહ્મ ભજી,
મુક્તિ ચતુર તેરી દાસી. જન અખીલ. ૫

રાગ એજ. પદ ૬૮ મું.

આસી દેહ કાલ જાયેંગે ખાયે,
તેરા અવસર જાત બિતાયે. ટેક.

પંચ ભુતકા તન રચાઈ,
તાકું મેરા માના સો મુરખાઈ,
અવધપુરીતેં ક્ષણ ન ઠેરાયે. આલી. ૧
સુત વિત પરિવાર સબ પાઈ,
પાય પ્રભુકી પ્રભુતા હરખાઈ,
તેરે આત્મ ભીન પ્રીય દુખદાઈ. આલી. ૨
નિગમ નેતી નેતી કરકે ગાઈ,
તું સઠ સત્ય બુદ્ધિ કયું કરાઈ,
જગ સસ શ્રંગ વત કથાયે. આલી. ૩
તું હરિ ભજનમેં રખ સચાઈ,
તેરા આવાગમણ ટળી જાઈ,
મિથ્યા સુખમેં કયું મુંઢ ફસાયે. આલી. ૪
મત રખ આશા અવરકી ભાઈ,
હરિગુરુ વચન દિલ લાઈ,
દેવી શ્રી કલ્યાણી નિજ સુખ ચાયે. આલી. ૫

પદ ૬૯ મું.

રાગ લાવણી, બારમાસી.

તુમ તજો કામ અરૂ ક્રોધ કપટ નરનારી.
ભજો ભાવ ધરી ભગવંત ભવ ભય હારી. તુમ. ટેક.

ચૈતરે ચિત છોડ જગકે સુખકી આશી,
કટ કાલ જાલ વિકરાલ વ્યાલકી ફાંસી,
તું કર વિચાર નિજ સ્વરૂપ લે સંભારી. તુમ. ૧

વૈસાખ વિષય સુખ ત્યાગ દુઃખ રૂપ જાની,
ફિર ઇચ્છા કરના નાહી પામર પ્રાની,
સબ વિસમ બાતસેં ચિતકું લેના વારી. તુમ. ૨

જેઠે કર જન્મ સફલ નર દેહ પામી,
ગુરૂ મુખે વચન હૃદે ધરી જન્મ દુખ વામી,
કર ગ્રહણ જ્ઞાન અજ્ઞાનકું દુર નિવારી. તુમ. ૩

આસાઢ અનુભવી જલમેં સ્નાન કરાઈ,
સો પરહી નહી ભવ કુપ વેદ અસગાઇ,
તેરા હોવેગાસુ નિવેડા નિશ્ચેકારી તુમ. ૪

શ્રાવણ સમજાહી શબ્દ શ્રુતી અતિગાજી,
તિનમેં વૃતિ તદરૂપ રખના સ્થીર તાજી,
સો અહં બ્રહ્મ અસ્મીહે સચરા ચારી. તુમ. ૫

ભાદરવે ભવ ભય ભીડ ભાંગી કરાલી,
જાતેં મિટયા જન્મ મરણકા દુઃખ જંજાલી,
ઉત્પન્ન ભયો બ્રહ્માનંદ સુખ અપારી. તુમ. ૬

આસુયે આદ અંત મધ્ય એક અવિનાશી,
સબ નામ રૂપ મિથ્યા ભર્મ કલ્પીત ભાસી,
જાતેં અસ્તી ભાતી પ્રીય સોલે દિલ ધારી. તુમ. ૭

કારતકમેં કર્મ કલેશ દીયાજે ત્યાગી,
તાતેં નિજ સ્વરૂપમેં વૃતી જાયકેં લાગી,
વરણાશ્રમકા જો ભેદ ભ્રાંતી દીયા જારી. તુમ. ૮

માગસરે મોહ મદ મમતા ગયેહી વિલાઈ,
સ્થીર ચિતમેં અપનો આતમ રૂપ લખાઈ,
પુની પાવત નહી સંસાર અસારી. તુમ. ૯

પોષે પૂરણ પરીબ્રહ્મ જો અંતરજામી,
નિરભેદ નિરામય અહે નિરંતર નામી,
હે સોહમ્ સબ ઘટ અંતર હીરારી. તુમ. ૧૦

મહા મહીને મદ અભીમાન મુરખતા ત્યાગી,
ભયો અંતર અખંડ સ્વરૂપ મહા અનુરાગી,
સો શ્રી સદગુરૂ કરૂણાતેં લક્ષ લયારી. તુમ. ૧૧

ફાલ્ગુનમેં ફલ આનંદકારી મિલા આઇ,
ત્વં પદ જાય તત પદસેં મિલાપ કરાઇ,
દેવી શ્રી કલ્યાણી અસી પદસો ધારી. તુમ. ૧૨

પદ ૭૦ મું.

આઠ વાર. રાગ રંગત.

હો ભેનારી સેવો સદગુરૂકા ચરના,
તજી કામ ક્રોધ કપટ મદના. ટેક.
પેલા રવીરી અજ્ઞાન તિમીર હે ભારી,
તામેં ભટકે જીવ દુખારી,
જ્ઞાન રવિજી ઉદય તેહી હોત ઉજીયારી,
ઇયું કહત શાસ્ત્રી પુકારી,
કરે સુભ કર્મજી વેદહી અનુસારી,
નાસે ચિતસે વિક્ષેપ તારી. હો. ભેનારી.

સાખી.

નાહી તો ભવમેં રડવડે, ફેર પાવે સો જન્મ મરન,
સદગુરૂકી કૃપા વિન્યા, જગમેં ચારે ખાણુ અટન.
એ દુખ સમજીજી ગ્રહો ગુરૂકા સરના.
હો ભેનારી. ૧

સોમે શુધ્ધમનરી સુમરી બહુનામી,
શુભ કૃતી કરના નિષ્કામી,
લાભસો લેનાજી, એહી અવસર પામીઃ

ભય પતીત પાવન સ્વામી,
મન વિક્ષેપ આવર્ણ દોષ દેના વામી,
શુદ્ધ ઓાલખ અંતરજામી. હો ભેનારી.

સાખી

ચેત અભાગી મુંઢ નર, સમય જાત વિતાઇ;
પીછે સઠ પસ્તાયેસેં, સરે નહી અર્થ કછુ રાઈ.
જલ વહે જાનીજી પહેલી પાર બાંધના.
હો ભેનારી. ૨

મંગલ મેહેરરી, કરી નિર્ગુન ના થાજી,
નર દેહ જે દીયા સાજાજી.
તિનમેંજી સ્વાન સુકર ખરવત પાજી,
વિષયમેં સઠ હોવત રાજી.
અહર્નિસી જાતેજી, કાલ નજીક આતાજી,
રખત સો સંસારકી દાજી. હો ભેનારી.

સાખી

અહાર નિંદ્રા ભય મૈથુન સબ જોનીમેં સમાન,
પ્રથક કરના પય પાનીકા, સંત હંસ કામ સયાન.
નહી ખોનાજી, જન જીવન અપના. હો ભેનારી. ૩

બુધે બુધ્દિરી, વિચાર કરી લેનાં તપાસી,
જગમેં સો રહેના ઉદાસી, દેહાદી સત્ય જાનીજી.
જગકી કરે આસી, વેહી સબ હોતહી વિનાશી,
રે મેરે મનજી, છોડ મોહ જાલ ફાંસી,
જુઠા દેહાદી કાલકે ગ્રાસી. હો ભેનારી.

સાખી

જાન સત્ય અવિનાશી પ્રભુ, નિર્ગુણ નિરાકાર રામ;
સો આદિ અંત મધ્યમેં, નિશ્ચય આવહી કામ.
જે ઈતર વર્ગકીજી, તજી દેના કલના.
હો ભેનારી. ૪

ગુરૂ જ્ઞાનીરી, મિલે અભય પદ દાની,
સો પ્રબોધેહી જે મ્હેર આની.
આદ અંતેજી, સબ નશ્વર પદાર્થ માની,
સત્ય વસ્તુહી લેના પહિચાની.
સદ્‌ગુરૂ પ્રસાદેજી, લક્ષ જથાર્થ જાની,
સો સ્વે સમજાઇ દીયા સાની. હો ભેનારી.

સાખી

સજની આપ મરે બીના, કબી ન ન્હોયે કલ્યાણ;
જપ તપ સાધનકા કરે, બ્રહ્મ ભક્તિ જાન ગરીયાન.

શ્રેષ્ઠ સુખ ચાહઇયેંજી,
સ્વેસીસ ગુરૂકું અર્પના. હો ભેનારી. ૫

સુકરે સમરી, દમસીલરૂ સંતોષાહી,
ચિતકો મલ વિનયતાહી.
ઇન્દ્રિય ગુનજી, સઙ સબ દેહ નીમાહી,
નર તને આત્મ લખાહી.
ફેર ફરીજી, સ્ત્રીયાકું ન તે લાવ હોતાહી,
કાક તાલીવત ઈ દેહ પામી. હો ભેનારી.

સાખી

કરનાહે વહી કર લેના, મત રખના પીછે અજાન,
જેસેં આખું અહી ગ્રસે, તેસેં કાલ ગ્રહે કર ભાન,
દેહ ક્ષણ ભંગ જાનીજી, સદ્ય કાજ કરના,
હો ભેનારી. ૬

સનૈ શાસ્ત્રરી, અધ્યયન કરે ગુરૂ મુખથી,
છોડી માન મમતા મનથી,
કરી શ્રવણ મનનજી, નિદ ધ્યાસ નહીં,
માહા વાકય સો ગુરૂ મુખથી,
સુખ દુખજી, જીવ ભાવ ગયે દિલથી,
સુખ રસના કયા કહે કથી. હો. ભેનારી.

સાખી.

બલિહારી સો ગુરૂ દેવકી, જીન દરસાયો નિજ રૂપ,
દેવી શ્રી કલ્યાણી અનુભવે, અબ ન ભરોં ભવ કુપ.
સદચિદ આનંદજી, વેદ્દી રૂપ અપના.
હો બેનારી. ૭

રાગ કવાલી. પદ.

મુક તું મનસુબો ભાઈ,
ક્ષણીકમાં દેહ જાવાનો;
હરિથી કર તું ઓાલખાઇ,
ક્ષણીકમાં દેહ જાવાનો. ટેક.

કરે શું દેહની આશા, દેહ છે કાલનું ગ્રાસા,
મુક ચિત તેહની પ્યાસા, ક્ષણીકમાં. ૧

અપાર સંસાર આ પ્યારા, જાણજો જગ અસારા,
તરે તો લાગે નહી વારા. ક્ષણીકમાં. ૨

સેવ શ્રી ગુરૂના ચરના, કામ ક્રોધને હરના,
મુકી દે મનની કલના. ક્ષણીકમાં. ૩

હરિ ગુરૂ જો કરે દાયા, ચોરાસીમાં તો નહી આયા,
સચ્ચિદાનંદમાં સમાયા. ક્ષણીકમાં. ૪

સઘ કાજ સાધ ભાઇ, વિના શ્રમ જડતાઇ,
દેવી શ્રી કલ્યાણી ગાઇ. ક્ષણીકમાં. ૫

રાગ એજ પદ ૭૨ મું.

સમજતું મન હે મારા,
જગતમાં કોય નહી તારો,
વૃથા મન માનીતા વારા,
જગતમાં કોય નહી તારો. ટેક.

આદે અંતે થાયે નાસા, મધ્યની શું કરે આશા,
દિવસ બેના છે તમાસા. જગતમાં. ૧
માતા પિતા નેં સુત દારા,
જ્ઞાતી કુલ સુહ્રદ સારા,
સ્નેહથી તત્વ હરનારા. જગતમાં. ૨
આવે જૈયે ઓખી આહી, કરે નહી કોઈ સહાઇ,
ભજી લે રામ સુખદાઈ. જગતમાં. ૩
કાલની ચોટ છે ભારી, શકે નહી કોય તે ટાળી,
હરે શ્રીહરિ હિતકારો. જગતમાં. ૪
દેવી શ્રી કલ્યાણી એ સાર,
જપવો જાપ જગદાધાર,
મિટાવે જમની જે માર. જગતમાં. ૫

રાગ એજ. પદ ૭૩ મું.

અહો શ્રી ગુરૂકા શરના,
મિટે જગ જન્મ અરૂ મરના.
વાહીમે વિલંબ મત કરના,
મિટે જગ જન્મ અરૂ મરના. ટેક.

દેહરૂ ગેહ સુત દારે, તામેં તું મોહ મત ધારે,
ઓસ ઉદકવત સારે. મિટે જગ. ૧

ફુલત તું વિષય સુખ ફંદે,
ફિરત હે કાલ શિર બંદે,
અજ્ઞાનમેં ક્યું સોયા અંધે. મિટે જગ. ૨

જાગીકે દેખ તું દિલમેં
સબે સુખ હે તેરે ઘટમેં,
અહે જ્યું આગ પથ્થરમેં. મિટે જગ. ૩

પરીબ્રહ્મ આપ હો પ્યારે, તેરેસેં હે નહી ન્યારે,
ખોજે તો હોઇગે રન્યારે. મિટે જગ. ૪

દેવી શ્રી કલ્યાણી ભાસી,
કટ કાલ જાલકી ફાંસી,
જાન ચૈતન અવિનાશી. મિટે જગ. ૫

રાગ એજ. પદ ૭૪ મું.

સદા સેવો ગુરૂ ચરના, ભવ ભય દુખકો હરના,
અહો શ્રી અશરન શરના, ભવ ભય દુખકો હરના. ટેક.
સાધુ કે સંગે બુદ્ધી બોધ,
શુધ્ધ વસ્તુકી કીજે સોધ,
તાતેં મનોવૃતી રોધ. ભવ ભય. ૧
વૈરાગ્ય હથીયાર ધારી, કામરૂ ક્રોધ મદ મારી,
ગુરુગમસેં સુ હુશીયારી. ભવ ભય. ૨
સદ વિચારે મન બોધી, વિષયસેં વૃતીકો રોધી,
સમદય સાધન સોધી. ભવ ભય. ૩
શ્રવણસેં સારકો હરકે, મનનકો મનમેં ધરકે,
નિદ અભ્યાસ દ્રઢ કરકે. ભવ ભય. ૪
દેવી શ્રી કલ્યાણી જાચી,
રખ બ્રહ્મ જીજ્ઞાસા સાચી,
મોક્ષ બિન ચાહના કાચી. ભવ ભય. ૫

રાગ એજ. પદ ૭૫ મું.

ભજ મન ગોવિંદ પ્યારા, જગકો કંદહે ખારો,
એહી જગ બ્રહ્મ હે સારા, જગકો કંદહે ખારો. ટેક.

સગા સંસારકા સંગી, હરિ કે ભજનકા ભંગી,
તેરી કયા કરેંગે ચંગી. જગકો. ૧

જગતકી સત્યતા જૂઠી,
ખાલી જ્યું વાયુકી મૂઠી,
સચી સદગુરૂકી બુટી, જગકો. ૨

યેહે ભવ રોગ નસાહી,
પુનર્પી જન્મ હોય નાહી,
નિગમ નેતી નેતી ગાહી, જગકો. ૩

યહી સદગુરૂકી સાની, ગુપ્તહે બાત સો છાની,
જીજ્ઞા સુત્ર સીતકું પાની, જગકો. ૪

દેવી શ્રી કલ્યાણી ધારી, સદબોધ સાર વિચારી,
ભવજલ તરનકી બારી, જગકો. ૫

રાગ એજ. પદ ૭૬ મું.

અકલ કલા અલક્ષકી, જાને કોઇ પરમંસો,
અજાન જાત હે અટકી, જાને કોઇ પર્મહંસો. ટેક.

નિરગુણ નાથજો દેવા, સિધ મુશ્ર કરત હે સેવા,
મુની પાવે સુમોક્ષ મેવા. જાને કોઇ. ૧

રામ કૃષ્ણ અજનમા, આવે શેષ શિવ બ્રહ્મા
તાકું જન્મ કહત જામા. જાને કોઇ. ૨

અજનમાકું જનમ માના,
સો જન્મ જન્મ ગોથાં ખાના,
અલક્ષકા લક્ષ લે સ્યાના, જાને કોઇ. ૩

નામ રૂપ ઉપાધીકા, દ્રઢ લક્ષ તત્વ મસીકા,
ઓર શ્રમ પાનીકા લીકા, જાને કોઈ. ૪

દેવી શ્રી કલ્યાણી સો પાયા,
વાણીમેં કહેતેં નાયા,
એક અખંડ વસ્તુ ધ્યાયા, જાને કોઈ, ૫

પદ ૭૭ મું.

કચ્છી ભાષા. રાગ બુદ્ધિનું.

હી દેહ બેડી લંગાયો પાર રે માલમ,
લાવ લાવ સાગર સંસાર રે માલમ.

તેંકે દિસે થરકે મુંજો મન;
તેમેં નિરભે કેર્યો આંજો જન, હી. ટેક.

આશા રૂપી નદી મનોરથ નીર રે માલમ,
ત્રષ્ણા તરંગ વિતર્ક વિહંગ.

રામ મગર મચ્છમાં જોગીર રે માલમ,
ધીરજ રૂપી વૃક્ષ રોણ નદીં, હી દેહ. ૧
મોહ આવૃતી ગહન દુસ્તર રે માલમ,
વટા ચિંતા રૂપી બ ત્રટ અહીં.
તેંથી પાર પોચે શુધ્ધ મતી જન રે માલમ,
આનંદી તરોંધાજે જોગેશ્વરા, હી. ૨
અનાદી કાલથી ઓતડયો જીવ રે માલમ,
જીવ આથડયો લક્ષ ચોરાસી મેં.
તેમેં જે નરકાદી દુઃખ ભોગવે માલમ,
ફસે જન્મ મરણ મહા ફાંસીમેં, હી. ૩
ગુંજેમેં વહની મરકટ મંગ્નૈ રે માલમ,
તેંથી સીત લેસન ટરી વેયો.
તીંય વિષય મન મંગ્ન્યો સુખ રે માલમ,
સુખ નિજ સ્વરૂપનો ભુલીનેં, હી. ૪
ઇત્તિન ધન કુલ પરીવાર રે માલમ,
તેંકે સ્થાઈ મંગ્ન્યો મુરખાઇસેં.
હાંણે મુંતે વડી કજામે હેર રે માલમ
જાણું જગ ધુંમરજા બાચકા, હી. ૫

ઓસ ઉદક બંગલો બારાસજો માલમ,
તેંકે કડંધે લગે ન વારજે.
મૃગ જલ ભર્યો અય ભરપૂર રે માલમ,
વંઝીતેંસે ત્રબાન બુજયતી, હી. ૬
દરસાયો નિજ સોહં સ્વરૂપ રે માલમ,
સેજાંણે બ્રહ્માનંદ સુખ માણીજે.
ઈંયે જેચ્યય દેવી શ્રી કલ્યાણી રે માલમ,
આંજી દાસી જાણે કાજ સારીજે, હી. ૭

પદ ૭૮ મું.

॥ કચ્છી ભાષા. રાગ કારાહડો ॥

દુરગુણેથી રક્ષા કરે ભગવાન,
રક્ષા કરે મુંજો રામરે. ટેક.
ક્રોધી રાક્ષસથી અધિક સમજ જેવલા,
એ રૂધીર કરે પિંઢ પરજો પાન, દુગુંણેથી. ૧
કામી કપટથી કાજ ભ્રષ્ટજ થીયે વલા,
એ લોક પરલોકજી જે કરે હાંણુ, દુર્ગુણેથી. ૨
દંભી હ્રદે ગરલ મુખ મધુરતા વલા,
એ હ્રદે ન વે તિનીકે આતમજ્ઞાન, દુર્ગુણેથી. ૩

વેરી ઘરમેં મડેં જે લું'ટણવારા વલા,
એ સમજે નતા સદગુરૂજી સાન, દુર્ગુણેથી. ૪
ચંડાલમેં ચંડાલ પર નિંદા જાણુ વલ્લા,
એ જીવતે મોયે જે આય દુખદાન. દુર્ગુણેથી. ૫
તન ધનમેં તેંજી પ્રીતડી બંધાણી વલા,
એ નતા રખે સુખ સ્વરૂપજો ભાન. દુર્ગુણેથી. ૬
રાગ દ્વેષ કરે નર દેહ વંઝાય વલા,
એ દીંય ચંઈજો જે અૈંયે મિજમાન, દુર્ગુણેથી. ૭
અલ્પ આયુ ભલાઈ ભરીયું બંધ જે વલા,
એ હરિ ભજનમેં થી રોજે ગુલતાન. દુર્ગુણેથી. ૮
સરલ ભાવેં અરી મિત્ર ન ડિસિજે વલા,
એ સર્વ રૂપેં હેકડો રામ પહીચાન, દુર્ગુણેથી. ૯
દેવી શ્રી કલ્યાણીચયે કૃષ્ણ કૃપાસેં વલા,
એ દુર્ગુણેં કે તજીયેં વિદવાન, દુર્ગુણેથી. ૧૦

પદ ૭૯ મું.

કચ્છી, રાગ એજ.

કોએ ન સગો બ્યો કોએ ન સગો,
બ્યોતાં આય ન સગો.
પરીબ્રહ્મ રામ વિન્યાં બ્યોતાં કોએ ન સગો, ટેક.

વચક ખેલ જગજા ગાફલ થીને તેમેં,
મુડી ગમાય સચી તેંજો રેયો ન તગો,
તેંજો રેયો ન તગો, પરી. ૧

બલાપણું મુરખા ખેલમેં ખોયે,
જોબનમેં મન વિષયમેં ઠગો,
જન વિષયમેં ઠગો, પરી. ૨

જરા આવઇ ત્રષ્ણાં અધિક વધી વઈ,
ચોરાસી ધારેમેં ફરી ધનો પગો,
જન ફરી ધનો પગો, પરી. ૩

દાવ મલ્યો જે ભગવાન ભજેજો,
ભુલ જમ પોયે હાંણે વેનેં અગો,
જન હાંણે વેનેં અગો, પરી. ૪

આઠોયે પહોર એકાગ્રહ કરિ ચિત,
રામ રટેથી ભવ ભય ભગો.
જન ભવ ભય ભગો. પરીબ્રહ્મ. ૬

દેવી શ્રી કલ્યાણી ચયે ગુરૂ કૃપાતેં,
મુંજો મન સતપદમેં લગો,
જન સતપદમેં લગો. પરીબ્રહ્મ. ૬

રાગ એજ. કચ્છી પદ ૮૦ મું.

ઇ દેહ વેંધી જરી નિશ્ચે કરી કાયા આય નશ્વરી,
ચૈતન સ્વરૂપ વિન્યા દેહતા વેંધી જરી. ટેક.

સધ સુભ કરમેંજી સેવન કજે વસા,
પાછડ તેં મ રખજા ફરી
જનમ રખજા ફરી. ઈ દેહ. ૧

કરમ ભરમ જીયું ભ્રાંતીયું ટારે,
સચી વસ્તુ કે વિંઝી ન્યાર્યો વરી,
જન વંઝી ન્યાર્યો વરી. ઇ દેહ. ૨

વીગ્રેવારી કડેં વાણી ન વદજે,
નરમ ભાવેં જે અધર્મથી ટરી,
જન અધર્મથી ટરી. ઈ દેહ. ૩

કુડ કુટીલ છલ કામના ત્યાગે,
પ્રેમ પ્યાસીસે બ્રહ્મ જીજ્ઞાસા ધરી,
જન જીજ્ઞાસા ધરી. ઇ. દેહ. ૪

સીલ સંતોષ ક્ષમા આર્જવ રખજે,
કામ ક્રોધ છલકે પરહરી,
જન છલકે પરહરી, ઈ દેહ. ૫

દૈવી સંપદાકેરે ધારણુ કજે,
દેવીશ્રી કલ્યાણીચે છુટેજીગરી,
જન છુટેજીગરી, ઈ દેહ. ૬

પદ ૮૧ મું.

કચ્છી, રાગ એજ.

શુદ્ધ મનસેં જુકો ગુરુજે શરણે વેચો,
સજન શરણે વેચો.
સે હિન ભવસાગરથી પાર થેચો,
શુધ્ધ મનસેં જુકો ગુરૂજે. ટેક.

ગોવિંદથી ગુરૂકે આધક જાણીજા,
કડેં મ રખજા જન ભાવ બેચો,
જનજે ભાવ બેચો, શુધ્ધ. ૧

અનેક જનમજી જે ભૂલવણીકે,
ગુરૂ વેં મિટાયો સત શબ્દ ચેચો,
જન સત શબ્દ ચેચો, શુધ્ધ. ૨

ગહેરી ગુફામેં કઇ કાલજો અંધારો,
દીપક કયો અનાદી તમ નાસેચો,
જન ઈ તમ નાસેચો, શુધ્ધ. ૩

વેદ ગુરૂ વાકયસેં પરીબ્રહ્મ પામી,
જન્મ મરણજો ભય ભંજેયો,
જનજે ભય ભંજેયો, શુદ્ધ. ૪

નિજ સુખ સતગુરૂ ઘટમેં વતાયોં,
જાણે નિજ સ્વરૂપ કૃત્યકૃત્ય થેયો,
જન કૃત કૃત્ય થેયો. શુદ્ધ. ૫

દેવી શ્રી કલ્યાણી ઘુંઘે મુખ મીસરી,
સ્વાદ સમજી મનમેં મુસકયો,
જન મનમેં મુસકયો. શુદ્ધ. ૬

પદ ૮૨ મું.

॥ કચ્છી, રાગ એજ. ॥

ગુરૂ દીન જાણી કરૂણાં કરેયો, મુંતે કૃપા કરેયો,
નિજ બાલ જાણી કર મસ્તક ધરેયો,
ગુરૂ દીન. ટેક.

કાલ કરાલ વ્યાલ વિકરાલતેં,
તેં જોતાં હુત હુણુ ભય હરેયો,
મીઠા ભય હરેયો ગુરૂ દીન. ૧

જગ દુ:ખ દિસી આંજે સરણે આવઈ,
કૃપા દ્રષ્ટીસેં ત્રયતાપ ટારેયો,
મીઠા તાપ ટારેયો. ગુરૂ દીન. ૨

કોટી જનમ ધરે કર્મ મેં ભટકી,
સદબોધ દૈ અવિદ્યા નિવારેયો,
મિઠા અવિદ્યા નિવારેયો. ગુરૂ. ૩

જીવ શિવ જે ભેદમેં ભરમાણો,
દ્વૈત દિલ ટારે એક લક્ષ સારેયો,
મીઠા એક લક્ષણ સારેયો. ગુરૂ. ૪

સતગુરૂ મંમા મૈયા મેર કરનેં,
ભેદ ભ્રાંતી ટારે મુંજો મન ઠારેયો,
મીઠા મુંજો મન ઠાર્યો, ગુરૂ. ૫

દેવી શ્રી કલ્યાણીયે એડા દયાલુ,
સંસે મિટાયોં ચિત શાંત રેયો,
મીઠા ચિત શાંત રેયો, ગુરૂ. ૬

પદ ૮૩ મું.

॥ કચ્છી, રાગ એજ. ॥

હરિજન હંસ હીરા ચુગીયે, કાક ન ચુગીયે.
માન સરોવરમેં આયા તેડા વંઝીયેં, ટેક.

અગાધ મતોજે સજન સંતેજો,
મહીમા મન મુખીયાસે ન જાણીયેં,
જનસે ન જાણીયેં, હરિ. ૧
સુર મુનીવર સંત ચરણજ સેવીં,
વેદ પુરાણસે વર્ણન કરીયેં,
જન વર્ણન કરીયેં, હરિજન. ૨
નિરમલ ચિત બ્રહ્મવેતાસુ સંતજે,
તેંમેંસે સઠ દોષ દ્રષ્ટિ ધરીયેં
જન દોષ દ્રષ્ટિ ધરીયેં, હરિજન. ૩
દુરગુણી દુષ્ટ ખલ દુબધાવારા,
તેંજો જમ જલેનેંજે ઘાટ ઘડીયેં,
જન ઘાટ ઘડીયેં, હરિજન. ૪
દેવી શ્રી કલ્યાણી ચયે સાર ગ્રાહી
તેંકે જમ વંદના કરે દરીયેં,
જન વંદના કરે દરીયે, હરિજન. ૫

પદ ૮૪ મું.

॥ કચ્છી, રાગ એજ. ॥

સદા સજન સે સતસંગ કરી, દોષ ત્યાગ કરીં,
સાર ગ્રાહી ભવ સાગર સેં વેંધાતરી,
સદા સજનસે. ટેક.

વિષય ભોગેમેં મન વૃતી નરખેં,
દુઃખરૂપ જાણેને તેંથી વિંઝે ડરી,
જન તેંથી વઝેં ડરી. સદા. ૧

નીચ નીઠોર જન જો સંગ ત્યાગી,
સંત મહંત જો સદા સંગ કરી,
જન સદા સંગ કરી. સદા. ૨

અજા મૃગ રાજ જે સરણેં વેઈ,
શ્રંગ કૃપા સેં ગજજી સ્વારી ખરી,
જન ગજજી સ્વારી ખરી. સદા. ૩

વેદ વાકય ગુરૂ બોધ શ્રવણ કરે,
દંભ કપટ કુડ કે પરહરી,
જનજે પરહરી. સદા. ૪

દેવી શ્રી કલ્યાણી જે જન વિવેકી,
સે સાર જાણે સીખ દિલ ધરી,
જનજે દિલ ધરી. સદા. ૫

પદ ૮૫ મું.

॥ કચ્છી. રાગ કારાછડો ॥

મુંઢ મતી નર જાણ અજાણુ, જાણે ન બ્રહ્મ ભેદ સાર રે;
લક્ષ ચોરાસી ફેરા ફરને,અવઘટ ઘાટ ગેમાર રે. ટેક.

આ અનેક જન્મ જે પુન્યકે થીજે,
પામ્યો નર અવતાર,
તન ધન વિષયમેં લપટાણે,
કરે ન તત્વ વિચારરે. મુંઢ. ૧

આ વિષય સુખમેં ખુબ ફસાણેં,
મિંચાણા તુંહી જાનેણ ન્યાર,
અલ્પ સુખ જે કારણેરે બંદા,
થીંધે પિંઢજી જે હારરે. મુંઢ. ૨

આ સીખામણજી ગાલ્ સુણીને,
સમજી ન કે સ્વીકાર,
શ્રેય ઇચ્છું તું પિંઢજો નૈંયેં ભંધા,
જાણેં ન તો કિરતારરૈ. મુંઢ. ૩

આ દયાકે તાંતો દિલ ન આણે,
ન સુભ કર્મ સણગાર,
ચિત વૃતીકે ઠોર કરેનેં ભંધા,
જપે ન જગ આધારરે. મુંઢ. ૪

આ જપ તપનેં નિત્ય નેમ ન સાધે,
વૃથ જનેતા મારે ભાર,

અતીત અભ્યાગત અર્થી કેરે ભંધા,
દને ન દાન લગારરે. મુંઢ. ૫
આ પસુ પેઠેં તોજે પેટ ભરેનેં,
ભટકેં બારહીબાર,
વરણાશ્રમજી વાટ ઉથીયારે,
ધિકતો જો આચારરે. મુંઢ. ૬
આ વેદ પુરાણ ભરપૂર ભણે પણ,
દુરર્ચો તોજો દેશ ચાર,
ભક્તિતાં ભવ ભીડ ભંજન ભંધા,
રખે ન વૃતી સ્થીર ઠારરે. મુંઢ. ૭
આ શ્રધાહીન સઠ મન મલીન તું,
તર્ક વિતર્ક ભંડાર,
સર્વ વ્યાપક પ્રભુ કે ન દિસેં ભંધા,
ધિલ વિષે વર્ચો છારરે. મુંઢ ૮
આ કુડ કપટ ને છલ ઇર્ષા કે,
ન્યારે ન થૈ હુશીયાર,
જમજ લીધે જબરાઇસેં ભંધા,
દીંધે ધુણજે માર રે, મુંઢ. ૯

આ સીલ સંતોષ ક્ષમા દિલ નાયેં,
ન વેદ મરજાદાર;
દેવિ શ્રી કલ્યાણી જાણેં નતા ભંધા,
સેરૂ લંધા વારમવાર રે, મું૰ ૧૦

પદ ૮૬ મું.

॥ સિંધી ભાષા રાગ એજ. ॥

સમજ તું મન મુંહીંજા છાચ્યાં હાંણે ફરી ફરી,
મુર્ખ છાચ્યાં હાંણે ફરી ફરી;
કુડી કાયા કુડી માયા સચો રામ ન્યાર વરી, ટેક.
અમાં ભાભાં ભ્રાત સુત નારી,
કુલ કુટંબસે અહીં અરી, મુર્ખ.
અંત વેરાયે કંમ ન ઇંધે,
નિજ આતમરૂપી ધન હરીં, સમજ. ૧
કુડ લુચાઇયું કો કરીયેંતો,
અગીયા આય દાઢી બારી, મુર્ખ.
વેદ વાકયજો વિચાર કરે ને
સુખેં વેજ ભવ જલ તરી, સમજ. ૨
કાંચ મેલજી મિઠાઇ દિસીનેં,
સ્વાન વરેંતા વિડી મરી, મુર્ખ.

પામર પ્રાણીજે રાગ દ્વેસી,
　　　　નિધી કારણસે વિંઝેં જરી, સમજ. ૩

સભહી ઠાઠ જગતજો નશ્વર,
　　　　અંબર છાયાવત ખરી, મુર્ખ.
મિથ્યાકે વિંઝીં હાંણુ મત્રાંણુજ,
　　　　ભજ સચો સાહેબ હરી, સમજ. ૪

જીવ થઇ તું ભવ ભટકેંતો,
　　　　દેહજા દુઃખ વરણુન કરી, મુર્ખ.
શિવ સ્વરૂપ તું નિજ સુખ રૂપી,
　　　　તેંકે ન્યાર વિઝી દિલ ધરી. સમજ. ૫

ગુરૂ ગમજી ગમ રખ જઠાયનેં,
　　　　મઉઠાય બોજેજી ભરી. મુર્ખ.
દેવી શ્રો કલ્યાણીસે સમજીને,
　　　　ખોજ વિંઝી છુટણજીગરી. સમજ. ૬

પદ ૮૭ મું.

॥ કચ્છી, રાગ કાફી. ॥

જગમેં જીયણુ અચન બોરૂં,
　　　　મથે કાલ કરે ઘોરૂં,

હરિ ભજ અવસર રેયો થોડું,
હો બેની જગમેં. ટેક

મોંઘો મનુષા દેહ વેંઘો,
ફિરી થાક કિડાં ન રોંઘો.
પોયે રણમેં રૂં અણું પોંઘો,
હો બેની જગમેં, ૧

અય વિજજો ચમકો જેડો,
· હિન તનજો તમાસો તેડો,
તેંજો કયણું વિશ્વાસ કેડો,
હો બેની જગમેં. ૨

મન વચને કરમે કરી,
કેં જીવજો બુરો ન ધરીં,
વિંઞેં જમજે દંડસે ડરી,
હો બેની જગમેં. ૩

કજ સત પદજી તું સઈ,
હરિ રટનમેંરે રઈ,
અવરથી ગાલ ન બઈ,
હો બેની જગમેં. ૪

પિયાલો જે પ્રેમજો પીયો,
શ્રી મોહન વરકે વરીયો,
કાલજો જે ભયસે ટરીયો,
હો બેની જગમેં. ૫

દેવી શ્રી કલ્યાણી રે ચેયો,
જેં હરિજો ભજન કેયો,
કારજ તિનીજો રે થેયો,
હો બેની જગમેં. ૬

પદ ૮૮ મું.

॥ કચ્છી, રાગ એજ. ॥

વારવાર જ્ઞાન દ્રષ્ટીસેં ન્યાર,
સ્વપ્ન જેડો રે સંસાર,
પાંચજે પંથજો કર વિચાર.
હો બેની વારવાર. ટેક.

હી જગ ફનાંજો મકાન,
તેંજો આગ્રે કેડો અજાન,
મીથ્યા મ કર અભીમાન.
હો બેની વારવાર. ૧

મલ્યો રે નર દેહ દાવ,
આરે અચી ભૂલ મ નાવ,
ફરી ન સ્નીયાકે તે લાવ.
હો બેની વારવાર. ૨
રામસેં થીજ તદ રૂપ,
સજની પો મ ભવ કુપ,
ન્યાર વસ્તુ વિંઝીં અનુપ.
હો બેની વારવાર. ૩
સત ચિત આનંદ રામ,
તેંજો ધ્યાન ધર નિષ્કામ,
નિજ ધામ કજ વિશ્રામ.
હો બેની વારવાર. ૪
જિનમેં દુઃખ લેશ નાંય,
નિગમ નિરંતર ગાય,
દેવી શ્રી કલ્યાણીસે ચાય.
હો બેની વારવાર. ૫

પદ ૮૯ મું.

હિંદી ભાષા. રાગ હોરી.

હરિકી જે જનો બડાઇ,
જગકી કારીગ્રી બનાઈ. ટેક.

ઉદભીજ ઇંડિજ સ્વેદ જરાયુજ,
ચહુ વિધ ખાંણુ રચાઈ, હારે લાલા,
વિવિધ ભાંતકા જે અન્ય દીયાહે,
સબ ઉપભોગી સજાઇ,
અહો પ્રભુકી કરૂણાઈ, હરિકી જે. ૧
ભક્ષ્ય ભોજ લોષ્ય તોષ્ય ભોજન,
જો જીનકું જોગતાઇ. હારે લાલા.
સબકું ઉચીત અહાર દીયા હે,
કીન જીવકું ન ઓછાઇ,
એસી કૃષ્ણ કૃપા કરાઇ, હરિકી જે. ૨
ન્યુન અધિક હોત કર્મ આધીન જે,
ઉનપર દોષ ન ઠાઈ, હારે લાલા.
સબ પ્રકાર ઉપકાર સમજી કે,
નહોના નિમીષ હરાભાઈ,
છોડિદે ચિતકી કસાઈ, હરિકી જે. ૩
હરિકા ગુન સો અપાર અગાધ હે,
ચિંત્વન કર ચિત લાઈ, હારે લાલા.
અહોનિસ ઇસ ઉપાસના કરના,
દેવી શ્રી કલ્યાણી દ્રઢાઈ,

સતપદ તું સઘ પાઇ,

હરિકી જે જાનો બડાઇ. ૪

રાગ હોરી.

સાંવરે સંગ ખેલત હોરી, સબ ગોપીયનકી ટોળી, ટેક.

લોક મર્યાદા દિલસે ત્યાગી,

નટવરમેં વૃતી જોડી.

નિત્ય નવીન આનંદ અતિ ભારી.

સત્ય વસ્તુ જીન વોરી,

અહો ધન્ય વૃજ વધોરી,

સાંવરે સંગ ખેલત હોરી. ૧

પુરણ પુરૂષોતમ પ્રેમે પરખી,

શ્યામસો સ્નેહ કરોરી.

દેહ ગેહકી સુમૃતી દીની છોડી.

મન મોહનસેં મોચોરી;

અહો પ્રેમ ભક્તિ બહોરી, સાંવરે સંગ. ૨

જ્ઞાન ગુલાલ ગંભીર ઉડાવે,

આનંદ અબીર અચલોરી:

સુંદર મુરતીમેં શ્રુતી રખકે,

હેતકી વસંત રૂતોરી.

અહોભાગ્ય ગ્વાલણ ગોરી. સાંવરે સંગ. ૩

ફાલ્ગુન ફીકર છોડકે વિચરી,

દ્રઢ એક ચિત કરોરી.

મન વચ કર્મ ઇશ આરાધી,

દેવી શ્રી કલ્યાણી વદોરી,

અહો જાનો આયરકી કિસોરી; સાંવરે સંગ. ૪

રાગ એજ. પદ ૯૦ મું.

કરના પુરૂષારથ આઈ, નર તન રતનકો પાઈ. ટેક.

ટીટ પક્ષી સો સાગરસેં લટકે.

સીસુ અપના લીયા ધાઇ; હારે લાલા.

પુરૂષારથતેં પરમ પદ પાવે,

પલટેકીટ ભ્રંગી ન્યાઇ,

છોડિ દે પ્રમાદ મુર્ખાઇ, કરના પુરૂષાર્થ આઈ. ૧

બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર આદી,

શ્રમ સાધ્ય શ્રેષ્ટ પદાઈ, હારે લાલા.

કષ્ટ બિના કભી કાજ નહિ હોતા,

સો વેદ વિદીતહી ગાઇ;

આપ કસે જો સુખ ચાઇ, કરના. ૨

સદગુરૂ સંતકી સેવન કીજેં,
સો શબ્દ શ્રુતી સમજાઈ, હારે લાલા.
સત્ય શબ્દ કી સુરતી રખના,
દ્રઢ એક ચિત કરાઇ,
શ્રવણ કરો વૃતી લાઇ, કરના. ૩

પ્રીત પરખડે પરીબ્રહ્મ પામી.
નિજ રૂપ અનુભવ આઈ, હારે લાલા.
દેવી શ્રી કલ્યાણી છોડિ દે કલ્પના.
સહેજે ચિત રહે સમાઇ,
બ્રહ્માનંદ રસ પિયાઇ, કરના પુરૂષારથ. ૪

રાગ એજ. પદ ૯૧ મું.

સાચો ખેલ ખેલો જનોરી, મિટે ભવબંધ હોરી. ટેક.

દંભ કપટ છલ ઇર્ષા ત્યાગી,
સુભ લક્ષણસો ગ્રહોરી; હારે લાલા.
સાર અસારકી સોધન કરના,
ભવ સિંધુ પાર લંગોરી,
એસી શીખામણ કીસોરી, સાચો ખેલ. ૧

સીલ સંતોષ સરલતા આદિ
વેદ વાકય શ્રધ્ધા ધરોરી. હારે લાલા.

જાલમ જોખમ જન્મ મરણકા,
કાલ જાલ ફાંસી કટોરી,
હોવેંગે આનંદ રીઝોરી. સાચો ખેલ. ૨

સદગુન ગુલાલ પ્રેમે ઉડાના,
અનુભવ અચલ ચોરી. હારે લાલા.

સદગુરૂ સેવ સદા જન કીજે,
હરિ ભજનકી જકોરી;
પરમાનંદ ચિત પ્રોરી. સાચો ખેલ. ૩

સરલ ભાવસેં સતસંગ કીજે,
સો સાર લીજેં ચોરી. હારે લાલા.

દેવી શ્રી કલ્યાણી દોષ દુર કરીકે,
ભાવે ભગવાન ભજોરી,
સબ સંગીયનકી ટોરી. સાચો ખેલ. ૪

રાગ એજ પદ ૯૨ મું.

દેખો હ્રદે રામ નિવાસી બિન જાને ભટકે પ્યાસી ટેક.

સાહેબ તેરા હે સબ ઘટમેં,
કેસેં ભટકત કાશી. હાંરે લાલા.
કસ્તુરી મૃગ નાભી બિરાજત,
બાહેર સો સુંઘત ઘાસી.
અજ્ઞાન દેખી આવે હાંસી, દેખો. ૧

ભીત કપટ પટ ખોલકે દેખો,
દિલ વિસેહે અવિનાસી, હારે લાલા.
નિધીહે ઘરમેં કંગાલ ફિરોરી,
સદગુરૂ અંજની ભાસી,
આત્મધન દીયા પ્રકાસી. દેખો. ૨

હૃદય ગ્રંથીકું છેદન કરને,
સંશય સબ જાયેંગે નાસી, હારે લાલા.
કર્મ સબે તેરા ક્ષય હોવે,
ઇસ અનીસકું તપાસી,
ટરે ફેરા લક્ષ ચોરાસી. દેખો. ૩

એક અદ્વૈત સો અનુભવ આયા,
કટી કાલ જાલકી ફાંસી, હારે લાલા.

દેવી શ્રી કલ્યાણી નિજ સુખ જાની,
ઓર સુખકી તજ આસી,
સાક્ષાત્કાર લીયા સમાસી, દેખો. ૪

પદ ૯૩ મું.

રાગ મીરાંબાઈના રાહ પ્રમાણે.

આવ્યો કલીકાલ ગ્યો સાર સર્વે લોકમાં રે,
સાર સાર વસ્તુ જાઇ, રયું અધર્મ વરતાઈ. ટેક.
અન અધીકારી તે કથા કરે ઘેર ઘેરમાં રે,
તેથી કથા સાર ગયું જાણુ,
સાખ પુરે રે પુરાણુ. આવ્યો. ૧
તીરથ રેવાસી તે કરે નઠારા કર્મને રે,
તથી તીર્થે ભ્રાંતી ભર્મ,
ઇ છે કલીકાલનું ધર્મ, આવ્યો. ૨
કામ ક્રોધ લોભને મોહે વ્યાકુલ ચિત છે રે,
એવા તપ કરે બહુ જન,
તપસાર ગયુ જાણો મન, આવ્યો. ૩
મન જપ વિનાનું દંભ પાખંડને આસરેરે,
શાસ્ત્ર અધ્યયન રહીત,
ધ્યાનનો ફલ ગયું જે વીત, આવ્યો. ૪

સદાચાર અને વર્ણાશ્રમ ધર્મે હીન છે રે,
ચાલે અસદ આચરણ,
માથે ભય ન રાખે મરણ, આવ્યો. ૫
એવા કુસલ વિષય સુખવારા મોક્ષ ન મેલવેરે,
વિશ્વ વિખ્યાત વેદ વાણી,
વદે દેવી શ્રી કલ્યાણી, આવ્યો. ૬

રાગ એજ. પદ ૯૪ મું.

સાચા હરિજનાનેં તે કલી પરાભવ નવ કરેરે,
સુભ શ્રધ્ધા દિલ માય, સાધન ફલીભુત ત્યાય, ટેક.
સરલ સત્ય શબ્દ રસનાયેંથી જે ઓચરેરે,
વરતે સુધ સાર વિવેક,
હરિ ભજવાની છે ટેક, સાચા. ૧
દંભ કપટ અને છલ ઇર્ષા દિલમાં નવ ધરેરે,
વિચરે સદા નીતી ધર્મ,
તજે દ્વૈત ભ્રાંતી ભરમ. સાચા. ૨
સ્વર્ગ મૃત્યુ નેં પાતાલ દ્રષ્ટી આવે નહીરે,
ચારે જુગ જાણે કલ્પીત,
તેની થઇ જગમાં જીત, સાચા. ૩

સીત ઉસ્ન દ્વંદ ધર્મ સહન સીલતા રે,
ચાલે હંસ કેરી ચાલાક,
કરે પય પાંણી વિભાગ, સાચા. ૪
અહોનિશ તત્વ અનુસંધાન તે કરવા થકી રે,
માણે માહા મુકિત સુખ,
તેનેં કાલ કર્મનુ ન દુઃખ. સાચા ૫
સજન સાર ગ્રાહી તે લેશે સમજી સારને રે,
દેવી શ્રી કલ્યાણી કહે નેઠ,
કલી દાવા પાઉં હેઠ, સાચા. ૬

રાગ એજ. પદ ૯૫ મું.

નર દેહ રે આ પામી કરી કરવું હરિ ભજન.
દ્રષ્ટી ગોચર સર્વ અસત્ય જાણી
રહેવું વસ્તી જાણી વન, ટેક.
કલીમાં દેહ દમાયે નહી, રેગ ગ્રસેલો વરતાય
વનનાં દુઃખ વિષમા ઘણાં
તે તો દેહથી ન સેવાય. નર. ૧
જપ તપ યોગ બને નહી, કલી કિરતન સાર.
લગ્ની લગાડી રામ રટવું,
તજવું આર પંપાર, નર ૨

દાતા દરીદ્ર લોભી ધન ઘણું,
પાપીની આયુષ હોય,
કલીમાં ઉદાર અલ્પાયુષી,
ચેતી પગ ભરો જોય, નર. ૩

મંદ ભાગી કલીમાં સિરજેયા,
મંદ મતીલા અજાણ,
ઉપદ્રવ અનેક ઉપજે,
કેમ પામે નિરવાણ. નર, ૪

નિંદક ઈર્ષાલુ નર ઘણાં,
દીયે હરિ જનનેં દુઃખ,
જોર જુલમથી ખલવરતે,
તેનેં કેમ મલે સુખ, નર. ૫

આઠોય પહોર એકાગ્રહથી,
ધરવું ઇશ્વરનું ધ્યાન,
ગુણદોષ કોઈનાં ગણવા નહી,
દેખે નહી કોય આન. નર. ૬

શ્રી નારાયણ નામ નાઉકા,
જપે પોચે ભવપાર,

દેવી શ્રી કલ્યાણી વદે સદા,
સેવો સિરજનહાર. નર ૭

પદ ૯૬ મું. રાગ

સોધી સંસાર સઘલું મેં જોયું,
દીઠું નહી કિંચાં સાર.
સાર સીખામણ ગુરૂ તણી,
હેતેં ગ્રહો નરનાર. ટેક.
ભોગ માંહે રોગ ભય ઘણું
વધે કુલ કાલનું ભય,
નિર્ભય પદ મારા નાથનું,
પામે પદ થાયે જય. સોધી. ૧
ધન વિષે ભૂપ ભય ભારી,
માન ભય અપમાન હોય;
માયીક પદારથ ભયકારી,
જ્ઞાની જ્ઞાન દ્રષ્ટી જોય. સોધી. ૨
બલમાં શત્રુનું ભય રહે,
રૂપે જરા ભય થાય;
જોઇ વિચારી જગ સુખ નહી,
સુખ સ્વરૂપનો ચાય. સોધી ૩

શાસ્ત્ર ભય વાદ વિવાદ તણું,
ગુણે ભય ખલનો જાણ;
મિથ્યા માયા સુખ આશા તજી,
સુખ સત્સંગે માણ. સોધી. ૪

કાયાનેં કાલચક્ર ભયકારી,
તેથી ઉગરે ન કોય;
અવની ઉપર નર નિરભય,
દ્રઢ એક વૈરાગ હોય. સોધી. ૫

સર્વ વસ્તુ જગમાં ભયવારી,
કર એકાંતે વિચાર;
માયાનાં મત લોભી માનવી,
ભટકે બારહીબાર. સોધી. ૬

ચહું પ્રકારનાં અનુગ્રહથી,
વૃતી રહે સ્થિર ઠામ;
દેવી શ્રી કલ્યાણી તૃષ્ણાં તજી,
કર નિજ ધામ વિશ્રામ. સોધી. ૭

રાસ રાસુડાનો. પદ ૯૭ મું.

રામ રામ રામ ધ્યાન કીજીયેં,
હાંરે મન લગ્ની લગાડી નામ લીજીયેરે. ટેક.

વ્યર્થ પ્રપંચમાં અહર્નિસી જાય છે,
હારે ગયે સ્વાસ ફરીથી નવ ઇજીયેરે, રામ. ૧

રામ મહીમા શિવે ઉમા પ્રતે કહી છે,
હારે રેફ અક્ષરમાં શ્રેષ્ટ ગણી જીયેરે, રામ. ૨

સગા કુટુંબ સાથ સૌ સ્વાર્થી દામના,
હાંરે દોહેલી વેરાનાં દુઃખ નવ છીજીયેરે. રામ. ૩

જુવો સંસાર અનર્થનું આગાર છે,
વિષય વિષ ત્યાગી અમીરસ પીજીયે રે. રામ. ૪

કહે દેવી શ્રી કલ્યાણી મન નિશ્ચે કરી,
હારે રામ નામ સ્વાસોસ્વાસે જપીયેરે, રામ. ૫

રાગ એજ. પદ ૯૮ મું.

શ્રી કૃષ્ણ કૃષ્ણ ઉપાસના કીજીયે,
હારે મલનાસે મિલે અભયપદ દાનરે, શ્રી કૃષ્ણ. ટેક.

ભણ્યા પ્રહલાદ કૃષ્ણ નામ પાઠનેં,
હારે વૃજ. વધુ પામી પદ નિરવાનરે, શ્રી કૃષ્ણ. ૧

ઓધવ અનન્ય ભાવે પાદ સેવા કરી,
હાંરે હરિયેં સ્વે સમજાવી જેને સાનરે, શ્રી કૃષ્ણ. ૨

અર્જુને સુરદ ભાવે સુમરન કીધું,
હાંરે હરિયે આપ્યું નિજ આતમ જ્ઞાનરે, શ્રી કૃષ્ણ, ૩

પ્રથમજે ઉપાસક થઇ આરાધજે,
હારે ફરી જે લક્ષ યથાર્થ પિછાનરે, શ્રી કૃષ્ણ. ૪

પ્રત્યક સ્વરૂપે પરીબ્રહ્મ એજ છે,
હાંરે કહે દેવી શ્રી કલ્યાણી કર ભાનરે શ્રી કૃષ્ણ. ૫

રાગ સામૈયાનું. પદ ૯૯ મું

સંત પધાર્યા સુખકારી રે
ઉપનો આનંદ ભારી. ટેક.

ચરણ ધોઇ ચરણોદક પીજે દાડી,
પાવન થાય નરનારી રે. ઉપનો. ૧

સંત કામધેનુ સુરતરૂ તુલ્ય તારી,
તાપ ત્રિવિધી દુઃખહારી રે. ઉપનો. ૨

કામ ક્રોધ દંભ કપટ દીયા ટારી,
એવા જે નિર અહંકારી રે. ઉપનો. ૩

ત્રણ સમ જાણે ત્રઇ લોક સુખવારી,
મન મમતા જેણે મારી રે. ઉપનો. ૪

અનહદ વાણી જે મુખથી ઉચ્ચારી,
છુટે ગંગાનો પ્રવા ભારી રે. ઉપનો. ૫
શરણ ગ્રહે તેના અઘહારી,
દેખાડી ઉગર્યાની બારી રે. ઉપનો. ૬
વેદ વાક્ય ઉક્તિ જુક્તિ અતિ સારી,
સદ્ગુણના ભંડારી રે. ઉપનો. ૭
શ્રોતા જનોની દીધી મનોવૃતી ઠારી,
પૂરણ પર ઉપકારી રે. ઉપની. ૮
અગમ અગાધ જે મહીમા અપારી,
વાણીથી કહું શું વિસ્તારી રે. ઉપનો. ૯
દેવી શ્રી કલ્યાણી સંતની બલીહારી,
વંદના કરૂં વારમવારી રે. ઉપનો. ૧૦

રાગ ધનાશ્રી. પદ ૧૦૦.
॥ થાળ એકાદશીના દિવસે બોલવા યોગ્ય ॥

આરોગો મુકુંદ મુરાર વિશ્વંભર
આરોગો મુકુંદ મુરાર. ટેક.
દધી દુધનાં હરિ દુનાં ભરી લાવું,
માંખણ મીશ્રો અપાર, વિશ્વંભર. ૧

કેલા કાજુ આલુ કિસમિસ મેવા,
    ભાવતા કરજો ફલાહાર, વિશ્વંભર. ૨
પચપેડા પાક બરફી બાસુંદીજે,
    આરોગો મારા આધાર, વિશ્વંભર. ૩
સારી સુરણ સકરકંદ તરાવું,
    આપ કરો અંગીકાર, વિશ્વંભર. ૪
સદા ત્રપ્ત પ્રભુનેં ત્રપ્ત કરવા,
    એ પ્રેમનો ઉદગાર, વિશ્વંભર. ૫
યમુના જલ હરિ જારી ભરી લાવું,
    કરો આચમન જદુ કુમાર, વિશ્વંભર. ૬
કાંથો ચુનું પાન લવિંગ સોપારી,
    મુખવાસ બિડલા સ્વીકાર, વિશ્વંભર. ૭
કરજોડી દેવી શ્રી કલ્યાણી બોલ્યા,
    આપો આપ ભકિત ઉદાર. વિશ્વંભર ૮

પદ ૧૦૧ મું.

॥ કચ્છી ભાષા થાળ. રાગ કાફી. ॥

કૃષ્ણ મુંજા આનંદકાર,
પિરસ્યો અચ આંલાય થાર,
    મહેર કરો જમો મુરાર, કૃષ્ણ. ટેક.

મોંન ભોગ મિશ્રી જો મેસુક,
મોદક મગ દડીયા ઠાઇયાં,
માંધ દીયાં કૃષ્ણકે અધીયું,
ચંગીં ચણેંદાર તરાઇયાં, કૃષ્ણ. ૧

ભાંત ભાંતના ભજીયા ઢોકરા,
કેડા કચોરીયું ભનાઇયાં,
વિધ વિધજા મિંજ વિજી વસાણાં,
લસી ચટણી લડાઇયાં, કૃષ્ણ. ૨

અડવાડેજી ચીજ નાયેં વલા,
તરેયો ધરેયો પાઇયાં,
ચુઠણજીકા જરૂર નાયેં,
હથ છેડે સેંજ લુવાઇયાં, કૃષ્ણ. ૩

જમુનાજીજો લજ મંગાઇયાં,
પાણી પ્રીતમ કૃષ્ણ પીરાઇયાં,
પાન સોપારી લવિંગ એલચી,
હથસેં બીડલો ચબાઇયાં, કૃષ્ણ. ૪

દુરબલ આંજી દાસી અંઇયાં,
વલા ઘર સારૂં લાઇયાં,

દેવી શ્રી કલ્યાણી વારંવાર,
મસ્તક ચરણે નમાડ્યાં, કૃષ્ણ. ૫

રાગ ઢાળ. પદ ૧૦૨.

લીયો સદગુરૂ સરણું છે સાર, સજન દિલ ધરો ટેક.
નિરમાન મોહ મદ ત્યાગીનેં,
મોક્ષ કામ અભી અંતર ધાર, સજન. ૧
તીવ્ર વૈરાગ્ય હથીયાર ધારીનેં,
કામ ક્રોધ વેરી ખડગેં માર. સજન. ૨
અતિ ઉત્તમ જીજ્ઞાસા રાખીને,
સુભ સાધનજે સાર વિચાર, સજન. ૩
ગુરૂની પ્રેમ પ્રસ્નતા દેખીનેં,
પ્રસ્ન કરે જન વારમવાર, સજન. ૪
આ દુસ્તર ભવજલ કેમ તરીયેં
કેવી ગતિ મારી સું ઉપાય યાર, સજન. ૫
એવી દીન વાણીનેં ઉચ્ચારીયેં,
તેથી કારજ સરે નિશ્ચેકાર, સજન. ૬
તેથી અખંડાનંદ સુખ પામીને,
જાણી નિજ વસ્તુ બાવન વાર, સજન. ૭

ગુરૂ કરૂણાથી લક્ષ જાણીનેં,
દેવી શ્રી કલ્યાણી થાઓ ભવ પાર. સજન. ૮

રાગ એજ. પદ ૧૦૩.

જેણે સંત સંગે નિશદિન ધારેયા
જન્મ તેનો સફલ ॥ ટેક ॥

જાણે તે જન ધન્ય ધન્ય જાણીયેં,
સાવધાન થઈ તત્વ વિચારેયા. જન્મ. ૧

કુલ પવિત્ર જનની કૃતારથ,
સંગ કર્તાનાં કારજ સારેયા. જન્મ. ૨

અગ જગ પુરણ વસ્તુ દેખીનેં,
સુક સનકાદીકે દિલ ધારેયા જન્મ. ૩

નિરાકાર નિર્લેપ નિજરૂપ,
દત્ત પ્રથુ સમજી ચિત ઠારેયા. જન્મ. ૪

યાજ્ઞવલ્કય ને જનક વિદેહી જે,
જેણેં આગમ નિગમ નિચોરીયા. જન્મ. ૫

નિરગુન નિરભેદ નિરંજન,
જાણી નિજ વસ્તુ પરા પારેયા. જન્મ. ૬

એવા વિરલા તે જગમાં જનમેયા,
જેને દેખે અત્ર ઓત્ર હારેયા. જન્મ. ૭

આપ કસી પરમારથ સોધીયું,
દેવી શ્રી કલ્યાણી દુઃખ નિવારેયા. જન્મ. ૮

પદ ૧૦૪.

(આવ્યા છે ગોકુલ તારવા એ રાહ.)

ગોવિંદની ગતી ન્યારી નવ જાણે કોઇ
ગોવિદની ગતી ન્યારી. ટેક.

સોલ સહસ્ર ગોપીઓમાં વિહાર કીધું,
તોયે વાલોજી છે બ્રહ્મચારી. નવ. ૧

અકલ કલા જેની વિરલે જાણી,
તેની હૂં જાહૂં બલીહારી. નવ જાને. ૨

અવની ઉપર ભાર ધણું વાધ્યું,
માયા વિપ્રે દેહ ધારી. નવ જાને. ૩

દેવ વીપ્ર સાધુઓની રક્ષા કીધી,
દુષ્ટીઓનેં દીધા સંહારી. નવ જાને. ૪

પર ઉપકારે અવતાર લીધા,
કારજ અનેકનાં સારી. નવ જાને. ૫

માયા વિનોદ બહુ ભાતિ કરીનેં,
છે નિરંજન નિરાકારી. નવ જાને. ૬

પુરણ પુરુષોતમ પ્રેમે પરખો,
દેવી શ્રી કલ્યાણી સંભારો. નવ જાને. ૭

રાગ એજ. પદ ૧૦૫.

લીલા કરી છે વનમાલી છબીલે લાલ
લીલા કરી છે વનમાલી. ટેક.

સરદ પુનમની રાસ રમ્યા છે,
ગોપીઓથી દીધી હાથ તાળી. છબીલે. ૧

ધન વૃક્ષ જેહની મોરલી બની છે,
સ્વમુખેં વાંસલી વગાડી. છબીલે. ૨

શુધ બુધ વૃજ વધુ સર્વે વિસરી,
પ્રેમે ફુલી છે ફુલવાડી. છબીલે. ૩

રતન જડીત કર કંકન સોભે,
નુપુર પાઉં વાગી ધાડી. છબીલે. ૪

આ કામ કરમ વદે લોક અજ્ઞાની,
પ્રેમ પીયાલે પ્રીત પાળી, છબીલે. ૫

તદરૂપ થઇ તન મન અર્પીનેં,
દીધી લોક મર્યાદા ટાળી, છબીલે. ૬
નંદકુંવર સાથે નેહ બંધાણું,
બલજાવું દેવી શ્રી કલ્યાણી. છબીલે. ૭

॥ ઇતિ પદ ભજન સંપૂર્ણમ્ ॥

॥ અથ સીખામણ: ઉપદેશિક: કચ્છી ભાષા ॥

॥ કવિતા મનહર છંદ. ॥

મૂર્ખ જનેંજા વખાણ, સુણો મુંજા સજન જાણ,
કરીંતા પિંઢજી હાંણ, ચોરાસીમેં પોં ધારે;
કુડી ગાલ કંન કરી, પાપજા ભંડાર ભરીં,
પુછે ન છુટેજી ધરી, રૂલંધાસે રોંધારે.
સાસ્ત્રજી ન સુણેં ગાલ, ઓચીંધો અચીંધો કાલ,
ભોરાતાં થીંધા હવાલ, સગા સ્હાય નથીં ધારે;
રામ જોતાં નાલો સારો, સેતાં તોકે લગે ખારો,
અંતે તોજો કેડો આરો, જમ જડે ઇંધારે,
પ્રાકૃત સ્વભાવ છડ, ગ્યાનીયેં સેં વિંઝી વડ,
મિલંધે પરમ પદ, દેવી શ્રી કલ્યાણીચેરે. ॥ ૧ ॥

(૨)

મિમલ્યો જે ઉત્તમ દાવ, આરે અચી ભૂલેં નાવ;
સિંધુ તરે જીન કાવ, અધવચ ઓલાને રે.

દેહ જડ દીંધે દુઃખ, મમતાથી મઝે સુખ;
કાલજી લગંધે લુણ, બરી ભુડથો થીને રે.
ધનમેં જે લગો ધ્યાન, જગમેં ચાહયેંતો માન;
થીનેં સીતલાજો વાન, વડાઇ વ તીને રે.
ન્યારે ન વસ્તુ અનુપ, પેંતો વિંઝી ભવ કુપ;
સદ ચિંતતોજો રૂપ, વિચારીયેં ન પ્રાણી રે.
સોચાણેંજો પાણી ભારી, પાંયજો પંથ વિચારી;
પુઠ ફેરે કજ ન્યારી, ચે દેવી શ્રી કલ્યાણી રે. ॥ ૨ ॥

(૩)

ધિક તોકે આય નર, વિચારમેં અંઈયે ખર;
પર્યા જોતાં નાંયે દર, નર દેહ વૃથા ખોયો રે.
કરીયેંતો કુડા કર્મ, પુછંધોતાં જડેં ધર્મ;
લખ જોતાં વેંધો મર્મ, કેડા દીને સ્વાલ પોયે રે.
સચી ગાલ કંન કર, પાપથી તું પર્યા દર;
રામ કે તું હ્રદયે ધર, ભવજલ તરનેરે,
મિલ્યો તોકે સારો સાજ, સેવ વિંઝી સંત રાજ,
સુખ થીયે સરે કાજ, વાર્યો કીંક વરનેરે,
સંતે વટ પ્રસ્ન કરી, પુછ છુટણજી ઘરી,
બોધ ગિન દિલ ધરી દેવી શ્રી કલ્યાણી ચેરે ॥ ૩ ॥

(૪)

વણુજ વિચાર સાર, લગે ન જમજી માર,
પર્યાજીતાં બધ પાર, કિચારકીં ધારેરે;
દેહ વૃક્ષ આયુ દાર, લોભણે તું મલ્લાર,
રાત દીં હ્રદે મુજાર, કર વૃતી બ્રહ્માકાર,
કઢતાં પિંઢજો સાર, નર દેહ પામી રે,
બઇ મડે છડ દાપ, જપ તું અજંપા જાપ,
ટરેરે ત્રવીધી તાપ, ચોરાસીથી છુટનેરે;
દેહાદી જો મથી વાઇ, મુંજો મંઝે થીંધે પાઇ.
નિગમ નેતી નેતી ગાઈ, દેવી શ્રી કલ્યાણી ચેરે. ॥૪॥
તું ખેંતો પરાયો ભત, કેડી પોયે થીંધે ગત;
નુર બુચે કરીયેં રત, કરજદાર થીને રે.
માલક તોકે દનેં અન, તેંજેતાં કર ભજન;
એકાગ્રહ રખી મન, તડેં સુખે પચંધે રે.
પરાયો ઉઠાય માલ, થીધેતાં બુરા હવાલ;
ચેયેજી ન રહી ગાલ, નીમક હરામી રે.
પ્રભુ દનું સારો સાજ, ગુલામધી કઢ કાજ;
જગજા મ વીજ વાજ, ભાવે ભજ સામી રે.
ચયે દેવી શ્રી કલ્યાણી, જગજી મ કજ કાણી;
છડ વાદ વૃથા વાણી, ઇસકે ઉપાસ રે. ૫

॥ અથ શ્રી ગુરૂ શિષ્ય પ્રશ્નોત્તર ॥ દોહા.

પ્રશ્નઃ—નભસેં વિકાસ કોંન હે
કહો સદગુરૂ સમજાય.
ઉત્તર:—સત્ય શબ્દ બિન ધિણકારકે,
સુનહુ શિષ્ય મન લાય. ૧
પ્ર.—પ્રથીસેં ભારી કોન હે,
કહો દે શિક ગુરૂ ગુસાહી.
ઉ.—દોષ રચના નિર્દોષીમેં,
સો અઘ ભારી કહાહી. ૨
પ્ર.—પથરસેં કોન કઠિન હે,
કહો સ્વામી કૃપા નિધાન,
ઉ.—કરે કર્મ વેદ સંમત બિન,
સો મન મુખીયા જાન. ૩
પ્ર.—અગ્નિસેં ઉષ્ણતા કિસ વિસે,
કહો બ્રહ્મદર્સી સંત,
ઉ.—ઇર્ષાલુ પરસુખ દેખી દજે,
અહોનિસ રહત ઉસ્નંત. ૪
પ્ર.—બરફસેં સીતલ કોન હે,
કહો પરમાનંદ રૂપ.

ઉ.—દુષીત વચન સહન કરે,
બરફસેં સીતલ અનુપ. ૫

પ્ર.—કોંન ઉદાર સમુદ્રસેં,
કહો શ્રી ગુરૂ મહારાજ.

ઉ.—સંતોષી સબ ગુન સંપન,
દિલમેં ક્ષોભ ન દાજ. ૬

॥ સજનતા વિષે દોહા ॥

ઇતડી વસ્ત એક સ્થલે, વસ્ત કરે પયપાન;
ઇતડી બિચારી કયા કરે, લગી રુધીર ચુસાન. ૧
સારગ્રાહી સજન તેસેં, દેખે ન હરિજન દોષ;
દુરીજન ઇતડી તુલ્ય હય, દોષગ્રાહી રક્ત સોસ. ૨
સજનમેં લક્ષ ચાહીયેં, સીલ સંતોષ અક્રોધ,
ચવ સાધન સંપન હો, સુને વેદ વાકય ગુરૂ બોધ. ૩
બાલાપને હરિ નાં ભજે, યોવન કીયા ન સતસંગ;
વૃધ્ધપને જો હરિ ભજે, તો બી તાકું રંગ. ૪
બાલપને માત તાત બીન, હોત દુઃખ જોગ અપારી;
દેવીશ્રી કલ્યાણી તાતેં કહે, ચુગલીકા પાપહે ભારી. ૫
ઉત્તમ અવસર પાયકે, સઠ જાન્યો ન જગદીશ;
દેવીશ્રી કલ્યાણી કહે ખલ, નર હારેંગે વિસ્વા વીસ. ૬

॥ અથ નવધા ભક્તિ વર્ણન. દોહા ॥

શ્રવણ કીર્તન વિષ્ણુકે, સ્મરણ પાદ સેવન;
અરચન વંદન દાસપન, સખાભાવ દેહ સમર્પન. ૧

શ્રવણ પરીક્ષત નૃપ કીયા, વકતા શ્રી સુકદેવ;
સ્મરણ પ્રહલાદે કીયો, લક્ષ્મી ચરનકી સેવ. ૨

પ્રથુ રાજા પુજા કરી, અકરુર વંદન ટેક;
દાસપના સુગ્રીવ કીય, સખા ભાવ અર્જુન નેક. ૩

અતિ આનંદ ઉછરંગસેં, દેહ અરપા બલીરાજ;
ચોરે મેદાનમેં ખડ ગહે, ઉડાય તાકે કાજ. ૪

દેવી શ્રી કલ્યાણી નવધા ભકિત,
જો ધારે મન ચિત લાહી;
સો પાવહી મહા મુકિત સુખ, યામેં સંસય નાહી. ૫

॥ પ્રસ્તાવિક સુબોધ વચન. દોહા ॥

આભુષણ વિષે હેમ હે,
જ્યું વસ્ત્રમેં તંતુ સોઈ,
મૃતિકામેં જો ઘટ સરા,
ત્યું જગ બ્રહ્મમય હોઈ. ૧

સંપતમેં સજન બોત હે,
વિપતમેં વિરલા કોય;
દેવી શ્રી કલ્યાણી સબ સુહૃદ,
વિપતે ખબરી હોય. ૨

વાક સુરા જન બ્હોત હે,
સંગ્રામ સુરા કોઇ;
સૂરા તો સન્મુખ લડે,
કાયર પિછે પ્યાદલ હોઈ. ૩

હરિ ભજન જન સો કરે,
જાકે ધડપે સિસ ન હોય;
નિંદા ઇર્ષા દ્વેષ સહન કરે,
હરિજન જાનો સોય. ૪

જો મતિ પીછે ઉપજે,
સો મતિ પહેલે હોય;
દેવી શ્રી કલ્યાણી કાજ સરે,
લોક હસે નહી કોય. ૫

॥ ઇતિશ્રી દેવી શ્રી કલ્યાણી કૃત સદ શાસ્ત્ર ॥
॥ દેવી શ્રી ભજન ભાસ્કર સંપૂર્ણમ્ ॥

॥ અથ શિવ નામા વલ્યષ્ટકમ્ પ્રારંભઃ ॥

હે ચંદ્ર ચૂડ મંદનાંતક શૂલપાણે
સ્થાણો ગિરીશ ગિરિજેશ મહેશ શંભો: ॥
ભૂતેશ ભીત ભય સૂદન મામ નાથં.
સંસાર દુઃખ ગહના જગદીશ રક્ષ. ૧

હે પાર્વતી હૃદય વલ્લભચંદ્ર મૌલે,
ભૂતાધિપ પ્રથમ નાથ ગિરીશ જાપ.
હે વામ દેવ ભત્ર રૂદ્ર પિનાકપાણે.
સંસાર દુઃખ. ૨

હે નીલકંઠ વૃષભધ્વજ પંચવક્ર,
લોકેશ શેષવલય પ્રમથેશ સર્વ.
હે ધૂર્જટે પશુપતે ગિરિજાપ તેમાં:
સંસાર દુઃખ. ૩

હે વિશ્વનાથ શિવ શંકર દેવ દેવ,
ગંગાધર પ્રમથનાયક નંદિકેશ,
બાણેશ્વરાંધ કરિપો હર લોક નાથઃ
સંસાર દુઃખ. ૪

વારાણસી પુરપતે મણિ કર્ણિકેશ,
વીરેશ દક્ષ મખ કાલ વિભો ગણેશ,
સર્વજ્ઞ સર્વ હ્રદયૈક નિવાથ નાથઃ સંસાર દુઃખ. ૫
શ્રી મન્મહેશ્વર કૃપામય હે દયાલો,
હે વ્યોમકેશ શિતિકંઠ ગણાધિનાથ,
ભસ્માંગ રાગ નૃકપાલ કલાપ માલઃ
સંસાર દુઃખ. ૬
કૈલાશ શૈલ વિનિવાસ વૃષાકપે હે,
મૃત્યુંજ્ય ત્રિનયન ત્રિજગન્નિવાસ,
નારાયણ પ્રિય મદાપહ શક્તિ નાથઃ
સંસાર દુઃખ. ૭
વિશ્વેશ વિશ્વ ભવનાશિત વિશ્વરૂપ,
વિશ્વાત્મક ત્રિભુવનૈક ગુણાભિવેશ,
હે વિશ્વબંધુ કરૂણામય દીનબંધોઃ સંસાર દુઃખ. ૮
ગૌરી વિલાસ ભુવનાય મહેશ્વરાય,
પંચાનનાય શરણાગત કલ્પકાય,
શર્વાય સર્વ જગતામધી પાય તસ્મૈઃ
દારિદ્રય દુઃખ દહનાય નમઃ શિવાય. ૯

॥ ઇતિ શ્રી મચ્છંકરાચાર્ય વિરચિતં ॥
॥ શિવ નામા વલ્યષ્ટકં સંપૂર્ણમ્ ॥

॥ श्री गणेशाय नमः ॥

॥ अथ श्री गोविंदाष्टक प्रारंभः ॥

सत्यंज्ञान मनन्तं नित्य मनाकाशं परमाकाशं,
गोष्ठ प्राङ्गण रिङ्गण लोल मनायासं परमायासम्।
माया कल्पित नानाकार मनाकारं भुवनाकारं,
क्ष्मामानाथ मनाथं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ १ ॥

मृत्स्नामत्सीहेति यशोदा ताडनशैशवसंत्रासं,
व्यादित वक्त्रा लोकितलोका लोक चतुर्दश लोकालम्।
लोकत्रय पुर मूलस्तम्भं लोकालोक मनालोकं,
लोकेशं परमेशं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ २ ॥

त्रैविष्टपरि पुवीरघ्न क्षितिभारघ्नं भवरोगघ्नं,
कैवल्यं नवनीताहार मनाहारं भुवनाहारम्।
वैमल्यस्फुट चेतोवृत्ति विशेषाभास मनाभासं,
शैवं केवल शान्तं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ३ ॥

गोपालं भूलीला विग्रह गोपालंकुल गोपालम्.
गोपी खेलन गोवर्धन धृति लीलालालित गोपालम्।
गोभि र्निगदित गोविन्दस्फुट नामानं बहुनामानं,
गोपी गोचर दूरं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ४ ॥

गोपी मण्डल गोष्ठी भेदं भेदावस्थम भेदाभं.
शश्वद्गोखुर निर्धूतोत्कृत धूली धूसर सौभाग्यम् ।
श्रद्धा भक्ति गृहीतानन्द मचिन्त्य चिन्तित सद्भावं,
चिन्तामणि महिमानं प्रणमत गोविन्द परमानन्दम् ॥५॥

स्नान व्याकुल योषिद्वस्त्र मुपादायागमु पारूढं,
व्यादित्सन्तीरथ दिग्वस्त्राग्रु पदातुमुपाकर्षन्तम् ।
निर्धुतद्वय शोक विमोहं बुद्धं बुद्धेरप्यन्तस्थं,
सत्ता मात्र शरीरं प्रणमत गोविन्द परमान्दम् ॥ ६ ॥

कान्तं कारण कारणमादी मनादिं काल मनाभासं,
कालिन्दीगत कालिय शिरासि मुहुर्नृत्यन्तं सुनृत्यन्तम् ।
कालंकाल कलातीतं कलिताशेषं कलिदोषघ्नं,
कालत्रय गतिहेतुं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ७ ॥

वृंदावन भुवि वृंदारकगण वृन्दाराधित वन्देऽहं,
कुन्दा भामल मन्दस्मेर सुधानन्दं सुहृदानन्दम् ।
वन्द्याशेष महा मुनि मानस वन्द्यानन्द पद द्वन्द्वं,
वन्द्याशेष गुणाब्धिं प्रणमत गोविन्दं परमानन्दम् ॥ ८ ॥

गोविन्दाष्टक मेतदधीते गोविन्दार्पित चेतायो,
गोविन्दाच्युत माधव विष्णो गोकुल नायक कृष्णेति ।

गोविन्दांघ्रिसरोज ध्यानसुधा जलधौत समस्ताघो,
गोविन्दं परमानन्दा मृत मन्तस्थं स समभ्येति ॥ ९ ॥

इति श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्रीमच्छङ्कराचार्य
विरचितं गोविन्दाष्टक स्तोत्रं संपूर्णम् ॥



